RNI NO GUJGUJ2003/09673

LEELA NEWS NETWORK P. LTD

અસ્સલ કાઠિયાવાડી મિજાજ

# સૌરાષ્ટ્ર આજતક

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા | પ્રમુખસ્વામી આર્કેડ, માલવીયા ચોક, રાજકોટ, ફોન : ૦૨૮૧-૨૨૪૧૨૩૪, ફેક્સ : ૦૨૮૧-૨૨૩૦૬૬૬

● સંવત ૨૦૮૦ ચૈત્ર સુદ - ૬ | રવિવાર, તા.૧૪-૦૪-૨૦૨૪ | અંક : ૨૧૭ વર્ષ : ૨૧ | e-mail : sauaajtak@gmail.com | કિંમત રૂા. ૨-૫૦ | પાના - ૮

# ઈરાનની ઈઝરાયેલ પર હુમલાની તૈયારી - વિશ્વ ચિંતિત

## ઈરાન હુમલો કરશે તો અમેરિકા જવાબ આપશે - અમેરિકા

ગાઝા,તા.૧૩

વિશ્વના બે સૌથી મોટા દુશ્મન ઈરાન અને ઈઝરાયેલ વચ્ચે વધી રહેલો તણાવ હવે યુદ્ધનું રૂપ લઈ રહ્યો છે. ઈરાની દૂતાવાસ પરના હવાઈ હુમલાના બદલો લેવાની આશંકાઓ વચ્ચે, હિઝબુલ્લાએ શુક્રવારે મોડી રાત્રે ઉત્તરી ઈઝરાયેલ તરફ ડઝનેક મિસાઈલો છોડી હતી. ધ ટાઈમ્સ ઓફ ઈઝરાયેલના અહેવાલ મુજબ ઈરાન સમર્થિત હિઝબુલ્લાએ ઉત્તરી ઈઝરાયેલ તરફ ઘણી મિસાઈલો છોડી હતી. જો કે, ઈઝરાયેલની પોતાની આયર્ન ડોમ એન્ટિ-મિસાઈલ સિસ્ટમે હવામાં તમામ હુમલાઓને



સમાપ્ત કરી દીધા. ઈઝરાયેલ ડિફેન્સ ફોર્સએ દાવો કર્યો છે કે લેબનોનથી ઉત્તરી ઈઝરાયેલ તરફ લગભગ ૪૦ રોકેટ છોડવામાં આવ્યા હતા. પરંતુ કોઈ રોકેટને જમીન પર પડવા દેવામાં આવ્યું ન હતું.

૭ ઓક્ટોબરે ગાઝા મારફતે ઈઝરાયેલમાં ઘૂસેલા હમાસના લડવૈયાઓ દ્વારા કરવામાં આવેલો હુમલો ઈઝરાયેલના ઈતિહાસનો સૌથી મોટો હુમલો હતો. જેમાં ૧૨૦૦ લોકોના મોત અને સેંકડો લોકોને બંધક બનાવ્યા બાદ ઈઝરાયેલને યુદ્ધમાં જવાની ફરજ પડી હતી. તેના જવાબમાં, ઈઝરાયેલે બંધકોને મુક્ત કરવા અને તેમને ઘરે પાછા ફરવાની અને "હમાસનો નાશ અને નાબૂદ" કરવાની પ્રતિજ્ઞા લીધી જેથી તે હવે કોઈ ખતરો ન બને. હમાસ સંચાલિત સ્વાસ્થ્ય મંત્રાલય અનુસાર, આ યુદ્ધમાં અત્યાર સુધીમાં ઓછામાં ઓછા ૩૩ હજાર પેલેસ્ટિનિયનોએ જીવ ગુમાવ્યો છે.

ઈઝરાયેલ-હમાસ યુદ્ધ વચ્ચે એક નામની ખૂબ ચર્ચા થઈ રહી છે. તેનું નામ લેબનોન સ્થિત આતંકવાદી સંગઠન હિઝબુલ્લાહ છે. હિઝબુલ્લાહ પણ ઈઝરાયેલ પર હુમલો કરી રહ્યું છે અને હમાસને સમર્થન આપવાની વાત કરી રહ્યું છે. જેને લઈને ઈઝરાયેલનો એક જ સંદેશ છે કે જે હમાસને સમર્થન આપશે તેણે ઈઝરાયેલ સાથે લડવું પડશે. આ જ કારણ છે કે હિઝબુલ્લાહ આતંકવાદીઓને મારવામાં ઈઝરાયેલ ક્યારેય નિષ્ફળ નથી થતું. જેમ કે તેણે આજે રાત્રે કર્યું. જ્યારે તમામ રોકેટ આકાશમાં નાશ પામ્યા હતા.

જ્યારે ઈઝરાયેલે હમાસ પર હુમલો કર્યો ત્યારે યમન સ્થિત ઈરાન સમર્થિત હુથી બળવાખોરોએ પણ ઈઝરાયેલ પર હુમલો કર્યો.

# દિલ્હી લિકર કૌભાંડ: સુપ્રીમ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની અરજી પર ૧૫ એપ્રિલે સુનાવણી

નવીદિલ્હી,તા.૧૩

દિલ્હી દારૂ કૌભાંડમાં ધરપકડ કરાયેલા દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની અરજી પર સુપ્રીમ કોર્ટ ૧૫ એપ્રિલે સુનાવણી કરશે. કેજરીવાલે ઈડી દ્વારા તેમની ધરપકડને પડકારી છે. સુપ્રીમ કોર્ટના જજ જસ્ટિસ સંજીવ ખન્ના અને જસ્ટિસ દીપાંકર દત્તાની બેંચ આ અરજી પર સુનાવણી કરશે. આપને જણાવી દઈએ કે દિલ્હી હાઈકોર્ટમાંથી કોઈ રાહત ન મળતાં આમ આદમી પાર્ટી (આપ) સુપ્રીમ કોર્ટમાં ગઈ છે.

આપે દાવો કર્યો હતો કે, "કહેતા આબકારી નીતિ કૌભાંડ કેજરીવાલ અને તેમની પાર્ટીને ખતમ કરવાનું સૌથી મોટું રાજકીય ષડયંત્ર છે." સુપ્રીમ કોર્ટ આ કેસમાં અરવિંદ કેજરીવાલને એ જ રાહત આપશે જે રીતે તેણે પાર્ટીના રાજ્યસભાના સભ્ય સંજય સિંહને જામીન આપ્યા હતા. 'અમે એક સંસ્થા તરીકે હાઈકોર્ટનું સન્માન કરીએ છીએ, પરંતુ સન્માનપૂર્વક કહેવા માંગીએ છીએ કે અમે તેના આદેશ સાથે સહમત નથી અને તેની સામે સુપ્રીમ કોર્ટનો સંપર્ક કરીશું.'

# 'ભારત માતા કી જય' બોલવા કોંગ્રેસના ધારાસભ્યએ પક્ષપ્રમુખની મંજુરી માંગી

## વિડીયો વાઈરલ : ભાજપે ઝાટકણી કાઢી, કોંગ્રેસમાં રાષ્ટ્રવાદ દર્શાવવા પણ ખુલાસા આપવા પડે છે

બેંગ્લુરૂ,

લોકસભાની ચૂંટણીના પ્રચાર સંબંધી નવા-નવા વિવાદ ઉભા થઈ જ રહ્યા છે. કર્ણાટકમાં કોંગ્રેસની ચૂંટણી સભામાં 'ભારત માતા કી જય'નો નારો લગાવતા પુર્વે ધારાસભ્યએ પક્ષ પ્રમુખની અનુમતિ માંગતા વિવાદ સર્જાયો છે. ભાજપ દ્વારા આકરી ઝાટકણી કાઢવામાં આવી છે.

કોંગ્રેસની ચૂંટણીસભામાં પાર્ટીના ધારાસભ્ય લક્ષ્મણ સવાદી સંબોધન કરી રહ્યા હતા ત્યારે એવુ બોલ્યા હતા કે આશા છે કે હવે હું બોલીશ તેની સામે પક્ષપ્રમુખ ખડગેને વાંધો નહીં હોય કે ગેરસમજ નહીં કરે. હું 'ભારત માતા કી જય' બોલીશ અને શ્રોતાઓ પણ પછી તે રીપીટ કરશે.

# કવિતા એસ. સી. રેડ્ડીને આપને પૈસા આપવાની ધમકી આપવામાં આવી હતી: સીબીઆઈ

**કવિતાએ રેડ્ડીને કહ્યું હતું કે જો તે રાષ્ટ્રીય રાજધાનીમાં સત્તારૂઢ આમ આદમી પાર્ટીને પૈસા નહીં આપે તો તેલંગાણા અને દિલ્હીમાં તેના બિઝનેસને નુકસાન થશે**

નવીદિલ્હી,તા.૧૩

સેન્ટ્રલ બ્યુરો ઑફ ઈન્વેસ્ટિગેશન (સીબીઆઈ) એ અહીંની એક વિશેષ અદાલતને જણાવ્યું કે ભારત રાષ્ટ્ર સમિતિના નેતા કે. કવિતાએ અરબિંદો ફાર્માના પ્રમોટર શરત ચંદ્ર રેડ્ડી પર દિલ્હી સરકારની આબકારી નીતિ હેઠળ તેમની કંપનીને ફાળવવામાં આવેલા પાંચ રિટેલ ક્ષેત્રો માટે આમ આદમી પાર્ટીને ૨૫ કરોડ રૂપિયા આપવાનો આરોપ મૂક્યો હતો .સીબીઆઈ અનુસાર, કવિતાએ રેડ્ડીને કહ્યું હતું કે જો તે રાષ્ટ્રીય રાજધાનીમાં સત્તારૂઢ આમ આદમી પાર્ટી (આપ)ને પૈસા નહીં આપે તો તેલંગાણા અને દિલ્હીમાં તેના બિઝનેસને નુકસાન થશે.

દિલ્હીમાં કથિત દારૂ કૌભાંડ સાથે સંબંધિત મની લોન્ડરિંગ કેસમાં આરોપી રેડ્ડી આ કેસમાં સરકારી સાક્ષી બન્યા છે. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) આ મામલાની તપાસ કરી રહી છે. સીબીઆઈએ હજુ સુધી તેમની સામે કોઈ ચાર્જશીટ દાખલ કરી નથી. બીઆરએસ નેતા કવિતાની કસ્ટડીમાં પૂછપરછની માંગ કરતા સીબીઆઈએ વિશેષ ન્યાયાધીશ કાવેરી બાવેજાને જણાવ્યું હતું કે તેલંગાણાના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન કે. ચંદ્રશેખર રાવની પુત્રી કવિતાના "આગ્રહ અને ખાતરી પર" રેડ્ડી દિલ્હીમાં દારૂના ધંધામાં સામેલ થયો.



# અમિત શાહ ૧૮મીએ યોજશે ગાંધીનગર લોકસભાની ૭ વિધાનસભામાં રોડ-શો

## રોડ શોમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પણ પટેલ સામેલ થશે

નવીદિલ્હી,

કેન્દ્રીય ગૃહ તેમજ સહકારિતા મંત્રી અમિત શાહ ગાંધીનગર લોકસભા બેઠક પર ૧૯ એપ્રિલે ઉમળવારી પત્ર ભરશે. આ પહેલા ૧૮ એપ્રિલે તેઓ ગાંધીનગર લોકસભાની ૭ વિધાનસભામાં ભવ્ય રોડ-શો કરશે. ગાંધીનગર લોકસભાની સાણંદ, વેજલપુર, નારણપુરા, ઘાટલોડિયા, સાબરમતી, ગાંધીનગર ઉત્તર અને ક્લોલ વિધાનસભામાં રોડ-શો કરી પ્રચાર કરશે. આ-રોડ શોમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સામેલ થશે.

ગૃહમંત્રી અમિત શાહનો રોડ-શો સાણંદથી શરૂ થશે.

ત્યાંથી વેજલપુર, નારણપુરા, ઘાટલોડિયા અને પછી સાબરમતી, ગાંધીનગર ઉત્તર અને કલોલના વિસ્તારોને આવરી લેશે.

# વિદેશ ભાગી રહેલો ખાલિસ્તાની આતંકવાદી પ્રભપ્રીતસિંહ ઝડપાયો

## દિલ્હીના ઈન્દિરા ગાંધી ઈન્ટરનેશનલ એરપોર્ટ પરથી ધરપકડ

નવીદિલ્હી,

ખાલિસ્તાની આતંકવાદી પ્રભપ્રીત સિંહ દિલ્હીથી વિદેશ ભાગી રહ્યો હતો. દરમિયાન એરપોર્ટ પરથી તેની ધરપકડ કરવામાં આવી હતી. પ્રભપ્રીત જર્મનીથી આતંકવાદીઓની ભરતી અને ફંડિંગ મોડ્યુલ ચલાવતો હતો.

પંજાબ પોલીસે ખાલિસ્તાન ઝિંદાબાદ ફોર્સના આતંકવાદી પ્રભપ્રીત સિંહ જર્મનીની દિલ્હીના ઈન્દિરા ગાંધી ઈન્ટરનેશનલ એરપોર્ટ પરથી ધરપકડ કરી છે.

પ્રભપ્રીત જર્મનીથી આતંકવાદીઓની ભરતી, સમર્થન અને ફંડિંગ મોડ્યુલ ચલાવતો હતો. પંજાબના ડીજીપી ગૌરવ યાદવે ટ્વિટર પર આ માહિતી આપી હતી. આરોપીના ૧૫ એપ્રિલ સુધીના રિમાન્ડ મેળવી આગળની કાર્યવાહી હાથ ધરી છે. ડીજીપી યાદવે કહ્યું કે જર્મનીનો આતંકવાદી પ્રભપ્રીત સિંહ દેશમાં ખાલિસ્તાન આતંકવાદી જૂથ માટે યુવાનોની ભરતી કરતો હતો. તેણે દેશભરમાં યુવાનોની ભરતી કરવા માટે ૨૦થી ૨૫ લોકોનું નેટવર્ક તૈયાર કર્યું હતું.

ડીજીપીએ કહ્યું કે આતંકવાદી પ્રભપ્રીત ૨૦૧૭માં પોલેન્ડ ગયો હતો, પરંતુ ત્યાંથી તે ૨૦૨૦માં જર્મની ગયો અને રાજકીય શરણ માંગી. ત્યાં તે બેલ્જિયમમાં રહેતા ખાલિસ્તાન ઝિંદાબાદ ફોર્સના જગદીશ સિંહ ભુરાના સંપર્કમાં આવ્યો અને પછી ખાલિસ્તાની સંગઠનમાં જોડાયો. આરોપીને ૧૫ એપ્રિલ સુધીના રિમાન્ડ પર લેવામાં આવ્યા છે અને તેની પૂછપરછ કરવામાં આવી રહી છે.

# ગુજરાતી ભદ્રેશ પટેલ USમાં મોસ્ટ વોન્ટેડ

## ટોપ 10 મોસ્ટ વોન્ટેડની યાદીમાં નામ : FBIએ જાહેર કર્યું અઢી લાખ ડોલરનું ઇનામ

વોશિંગ્ટન,

યુનાઈટેડ સ્ટેટ્સના ફેડરલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશનએ ટોપ ૧૦ મોસ્ટ વૉન્ટેડની યાદી જાહેર કરી છે. આ યાદીમાં અમદાવાદના વિરમગામના રહેવાસી ભારતીય નાગરિક ભદ્રેશ પટેલનું નામ પણ છે.

FBIએ તેના પર અઢી લાખ ડૉલરનું ઈનામ રાખ્યું છે. એફબીઆઈએ એક્સ પર પોસ્ટ કરીને આ વિશે માહિતી આપી છે.ભદ્રેશ કુમાર પટેલ ૨૦૧૫થી ફરાર છે જ્યારે તેણે મેરીલેન્ડ રાજ્યના હેનોવરમાં ડંકિન ડોનટ્સ કોફી શોપની અંદર તેની પત્ની પલકની કથિત રીતે હત્યા કરી હતી.

મીડિયા અહેવાલો અનુસાર, તે સમયે ભદ્રેશ કુમાર પટેલની ઉંમર ૨૪ વર્ષ હતી, તેણે રસોડામાં ચપ્પા વડે તેની ૨૧ વર્ષીય પત્નીના ચહેરો પર ઘા માર્યા હતા અને દુકાનના પાછળના રૂમમાં જ્યાં તેઓ બંને કામ કરતા હતા ત્યાં પણ ઘણી વખત ચપ્પાના ઘા માર્યા હતા. આ ઘટના જે સમયે બની હતી ત્યારે ઘણા ગ્રાહકો ઘટનાસ્થળ પર હાજર હતા. WTOP રિપોર્ટ અનુસાર હત્યાના લગભગ એક મહિના પહેલા દંપતીના વિઝા પૂરા થઈ ગયા હતા, અને તપાસકર્તાઓ માનવું હતું કે ભદ્રેશ કુમારની પત્ની પલક પટેલ ભારત પરત ફરવા માંગતી હતી, પરંતુ તેના પતિએ તેનો વિરોધ કર્યો હતો. ઉલ્લેખનીય છે કે FBI ભદ્રેશ પટેલને સશસ્ત્ર અને અત્યંત ખતરનાક ગુનેગાર માને છે.

અગાઉ પણ એફબીઆઈએ ભદ્રેશની ધરપકડ કરવામાં મદદ કરવા બદલ એક યાદી અને ઈનામ જાહેર કર્યું હતું. વર્ષ ૨૦૧૭માં માહિતી માટે ૧૦૦,૦૦૦ ડૉલરના ઈનામ સાથે યાદી પ્રસિદ્ધ કરવામાં આવી હતી, પરંતુ તે હજી પણ ફરાર છે. એપ્રિલ ૨૦૧૫માં, ૨૪ વર્ષીય પટેલ અને તેની પત્ની પલક, ડંકિન ડોનટ્સ સ્ટોરમાં નાઈટ શિફ્ટમાં કામ કરતા હતા. ગુનાની રાતના સીસીટીવી ફૂટેજમાં ભદ્રેશ અને પલક રેકની પાછળ ગાયબ થતા પહેલા સ્ટોરના કિચન તરફ સાથે ચાલતા જોવા મળ્યા હતા.

# બ્રિટનમાં ૫ ભારતવંશીને ૧૨૨ વર્ષની સજા

**૭ મહિના પહેલાં ભારતીય મૂળના વ્યક્તિની હત્યા કરી હતી, કુહાડી-હોકી સ્ટિક વડે હુમલો કર્યો હતો**

લંડન

બ્રિટનમાં શુક્રવારે પાંચ ભારતીયોને ૧૨૨ વર્ષની જેલની સજા ફટકારવામાં આવી છે. બીબીસીના અહેવાલ મુજબ અર્શદીપ સિંહ, જગદીપ સિંહ, શિવદીપ સિંહ અને મનજોત સિંહને હત્યા માટે ૨૮-૨૮ વર્ષની સજા સંભળાવવામાં આવી છે. તે જ સમયે, હુમલામાં મદદ કરવા બદલ સુખમનદીપ સિંહને ૧૦ વર્ષની સજા ફટકારવામાં આવી હતી. પાંચ ભારતીયોએ ઓગસ્ટ ૨૦૨૩માં ડિલિવરી ડ્રાઈવર અરમાન સિંહની હત્યા કરી હતી. અરમાન પર પશ્ચિમ ઈંગ્લેન્ડના શ્રુસબરી શહેરમાં કુહાડી, હોકી સ્ટિક, લોખંડના સળિયા, પાવડો, છરી, ક્રિકેટ બેટ વડે હુમલો કરવામાં આવ્યો હતો. આ કેસમાં છેલ્લા ૫ અઠવાડિયાથી સુનાવણી ચાલી રહી હતી. બે કારમાં આવેલા ૮ નકાબધારી લોકો અરમાન પર હુમલો કરવા આવ્યા હોવાનું બહાર આવ્યું હતું. તેમની પાસે ખતરનાક હથિયારો હતા અને બધાએ કાળા માસ્ક પહેરેલા હતા.

# પાકિસ્તાનના ખૈબર પખ્તૂનખ્વામાં ઐતિહાસિક હિંદુ મંદિર તોડી પડાયું

ઈસ્લામાબાદ,તા.૧૩

પાડોશી દેશ પાકિસ્તાનમાં હિંદુઓની આસ્થા પર સૌથી મોટો આઘાત લાગે તેવી ઘટના બની છે. ખૈબર પખ્તૂનખ્વા પ્રાંતમાં આવેલું ઐતિહાસિક હિંદુ મંદિર તોડી પાડવામાં આવ્યું છે.

પાકિસ્તાન-અફઘાનિસ્તાન સરહદ પાસે આવેલું એક ઐતિહાસિક હિંદુ મંદિરને સરકારે જમીનદોસ્ત કરી નાંખ્યું છે. હવે આ મંદિરના સ્થાને એક કોમર્શિયલ કોમ્પલેક્સ બનાવવામાં આવશે. આ મંદિર અને આસપાસની તમામ જમીન ભારત-પાકિસ્તાનના ભાગલા પહેલા હિંદુઓની હતી અને આ સ્થળે મોટું ઐતિહાસિક મંદિર હતું જેને લઈ આસપાસના હિંદુઓ અહીં દર્શન કરવા આવતા હતા. જો કે ભાગલા બાદ અહીંના મૂળ નિવાસી ભારત ચાલ્યા ગયા હતા. ખૈબર મંદિર પછી કાળક્રમે ધીમે ધીમે લોકોની આવન-જાવન ઘટી ગઈ. આ સ્થળે કોમ્પલેક્સનું નિર્માણ બનાવવાનો પ્રોજેક્ટ હાથ ધરાયો છે.

પાકિસ્તાનના વહીવટી વિભાગના અધિકારીઓએ હિંદુ મંદિરના અસ્તિત્વ અંગે જાણકારી હોવાની ઈનકાર કરી દીધો હતો. તો વળી મંદિરના સ્થાને બની રહેલા કોમ્પલેક્સને નિયમ પ્રમાણે બની રહ્યાનું તંત્રએ દાવો કર્યો છે.

# આજે ભાજપ પોતાનો ચૂંટણી ઢંઢેરો જાહેર કરશે, પીએમની બેઠક બાદ તેને જાહેર કરવામાં આવશે

નવીદિલ્હી,તા.૧૩

તમામ રાજકીય પક્ષો લોકસભા ચૂંટણીની તૈયારીમાં વ્યસ્ત છે. પ્રથમ તબક્કાની ચૂંટણી પણ થોડા દિવસો પછી યોજાવાની છે. ચૂંટણી પહેલા ઘણી પાર્ટીઓએ પોતાના મેનિફેસ્ટો પણ બહાર પાડ્યા છે. આ બધાની વચ્ચે સૂત્રોનું કહેવું છે કે ભારતીય જનતા પાર્ટી ૧૪ એપ્રિલે પોતાનો ચૂંટણી ઢંઢેરો જાહેર કરશે. આ અંગે પીએમ મોદીની એક ઉચ્ચ સ્તરીય બેઠક પણ યોજાવાની છે. ભાજપ લોકસભા ચૂંટણી પહેલા પોતાના મેનિફેસ્ટોને લઈને બેઠક કરશે. આ બેઠકમાં પીએમની સાથે મેનિફેસ્ટો કમિટીના અધ્યક્ષ રક્ષા મંત્રી રાજનાથ સિંહ, નિર્મલા સીતારમણ અને અશ્વિની વૈષ્ણવ પણ હાજર રહેશે. બેઠકમાં જ ભાજપનો ઢંઢેરો ફાઈનલ થશે.

તમને જણાવી દઈએ કે તાજેતરમાં જ ભારતીય જનતા પાર્ટીએ ચૂંટણી ઢંઢેરા સમિતિની રચના કરી હતી. આ સમિતિમાં કુલ ૨૭ લોકોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહને આ સમિતિના અધ્યક્ષ બનાવવામાં આવ્યા હતા.

# સમગ્ર એશિયામાં પાકિસ્તાનમાં ફુગાવાનો દર સૌથી વધુ નોંધાયો : માજા મુકતી મોંઘવારી

ઈસ્લામાબાદ,તા.૧૩

પાડોશી દેશ પાકિસ્તાનની હાલત દિવસેને દિવસે ખરાબ થઈ રહી છે. પાકિસ્તાનમાં રહેવાની કિંમત સમગ્ર એશિયામાં સૌથી વધુ છે. તેનું કારણ પાકિસ્તાનમાં આસમાને પહોંચેલી મોંઘવારી છે. પાકિસ્તાનમાં મોંઘવારી દર ૨૫ ટકા પર પહોંચી ગયો છે. આ માહિતી એશિયન ડેવલપમેન્ટ બેંક એટલે કે એડીબીના નવીનતમ અહેવાલમાં આપવામાં આવી છે. મનીલામાં ગુરુવારે જાહેર કરાયેલા રિપોર્ટ અનુસાર પાકિસ્તાનની અર્થવ્યવસ્થા ૧.૯ ટકાના દરે



વૃદ્ધિ પામી શકે છે.

એક્સપ્રેસ ટ્રિબ્યુને અહેવાલ આપ્યો છે કે એશિયન ગ્રોથ આઉટલૂક આગામી નાણાકીય વર્ષ માટે અંધકારમય ચિત્ર દોરે છે.

# અમરેલી ખાતે મીડિયા સેન્ટરને ખુલ્લું મુકતા જિલ્લા ચૂંટણી અધિકારી

## જિલ્લા ચૂંટણી અધિકારીઅને પત્રકારો સિગ્નેચર કરી મતદાન જાગૃત્તિ અભિયાનમાં સહભાગી થયા



અમરેલી:૧૪-અમરેલી લોકસભા મતવિસ્તારની સામાન્ય ચૂંટણી ૨૦૨૪ અંતર્ગત અમરેલી જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી અને જિલ્લા કલેકટરશ્રી અજય દહિયા દ્વારા અમરેલી જિલ્લા સેવા સદન ખાતે ખાતે મીડિયા સેન્ટરને ખુલ્લું મૂકવામાં આવ્યું હતું.

જિલ્લા ચૂંટણી તંત્ર અને જિલ્લા માહિતી કચેરી દ્વારા તૈયાર કરવામાં આવેલા આ મીડિયા સેન્ટરને ખુલ્લુ મૂકતી વેળાએ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી અને પત્રકારો સિગ્નેચર કરી મતદાન જાગૃત્તિ અભિયાનમાં સહભાગી થયા હતા.

આ પ્રસંગે જિલ્લા ચૂંટણી અધિકારીશ્રીએ મીડિયા સેન્ટરનું નિરીક્ષણ કરતા જણાવ્યુ કે, લોકસભા સામાન્ય ચૂંટણી દરમિયાન જિલ્લાના પત્રકારશ્રીઓ અને નાગરિકોને ચૂંટણીલક્ષી વિગતો ઉપલબ્ધ કરાવવા માટે આ મીડિયા સેન્ટર શરુ કરવામાં આવ્યું છે. તેમણે ઉમેર્યુ કે,

**ચૂંટણીલક્ષી ફરિયાદ માટે જાહેર જનતા ૧૯૫૦ નંબર પર રજૂઆત કરે, ૧૦૦ મિનિટમાં સ્થળ પર નિવારણ લાવવામાં આવશે : જિલ્લા ચૂંટણી અધિકારી**

નાગરિકો ચૂંટણીલક્ષી કોઈ પણ પ્રકારની રજૂઆત કે ફરિયાદ ૧૯૫૦ નંબર પર ફોન કરીને ફરિયાદ નોંધાવી શકે છે. જિલ્લા ચૂંટણી તંત્રની ટીમ દ્વારા તે ફરિયાદનો ૧૦૦ મિનિટમાં નિકાલ થાય તે માટેની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. આ પ્રસંગે જિલ્લા ચૂંટણી અધિકારીશ્રીએ જિલ્લાના નાગરિકોને C-VIGIL એપનો વધુમાં વધુ ઉપયોગ કરવા અનુરોધ કર્યો હતો.

મીડિયા સેન્ટરમાં ૧૪-અમરેલી લોકસભા મતવિસ્તારનો ચૂંટણી કાર્યક્રમ, મતવિસ્તાર પ્રમાણે મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીઓની યાદી અમરેલી લોકસભા મતવિસ્તારની વર્ષ-૧૯૬૨ની સામાન્ય ચૂંટણીથી વર્ષ-૨૦૧૯ની સામાન્ય ચૂંટણી સુધીની આંકડાકીય વિગતો, અમરેલી લોકસભા મતવિસ્તારના મતદારોની સંખ્યા અને તેને લગતી યાદીઓ, ઈવીએમ, વીવીપેટ અંગે સમજણ, ચૂંટણી પંચની વિવિધ, વૉટર હેલ્પલાઈન નંબર ૧૯૫૦ની માહિતી, ટોલ ફ્રી નંબર ૧૮૦૦ ૨૩૩ ૦૫૮૮ની વિગતો, વિધાનસભા મતવિસ્તાર પ્રમાણે મતદારોની વૉટર હેલ્પલાઇન એપના ફાયદા, સી -વિજિલ મોબાઈલ એપ્લિકેશન સહિતની તમામ બાબતોનું પેનલ દ્વારા નિદર્શન કરવામાં આવ્યું છે. આ પેનલ દ્વારા પત્રકારશ્રીઓને તેમજ નાગરિકોને ચૂંટણી લક્ષી વિવિધ માહિતી મળી રહેશે.

મીડિયા સેન્ટરની સમગ્ર પેનલ તૈયાર અને સંકલન કામગીરી જિલ્લા માહિતી કચેરીના ઓપરેટર શ્રી એમ.એમ. ધડુક અને ચૂંટણી શાખાના નાયબ મામલતદારશ્રી દિક્ષિતભાઈ ભોરણીયા દ્વારા કરવામાં આવી હતી. કાર્યક્રમનું સંચાલન જિલ્લા માહિતી કચેરીના માહિતી મદદનીશ શ્રી જે.જે. મિશ્રા દ્વારા કરવામાં આવ્યુ હતુ.

આ પ્રસંગે અમરેલી જિલ્લા નાયબ ચૂંટણી અધિકારીશ્રી સક્સેના, અમરેલી જિલ્લા નાયબ માહિતી નિયામકશ્રી, અમરેલી જિલ્લા ચૂંટણી તંત્ર અને જિલ્લા માહિતી કચેરી અમરેલીના અધિકારીશ્રી, કર્મયોગીશ્રીઓ તેમજ પત્રકારશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ધોકડવા :૯૩-ઉના વિધાનસભામાં ૧૩-જુનાગઢ લોકસભાના ઉમેદવાર ચુડાસમાનો પ્રવાસ



કૈલેશ ભટ્ટ ઉના: ગીર ગઢડા તાલુકાના ધોકડવા મુકામે ૯૩-ઉના વિધાનસભાના લોકપ્રિય ધારાસભ્યશ્રી કાળુભાઈ રાઠોડના અધ્યક્ષ સ્થાને ભારતીય જનતા પાર્ટીના ઉમેદવારશ્રી રાજેશભાઈ ચુડાસમાનો ઉના વિધાનસભા હેઠળ આવતી ધોકડવા જિલ્લા પંચાયતનો ચૂંટણી પ્રવાસ કાર્યક્રમ ધોકડવા મુકામે રાખવામાં આવ્યો હતો. જીલ્લા પંચાયતના આગેવાનો અને કાર્યકરોને મળવા પહોંચતા તેમના અભૂતપૂર્વ ઉત્સાહ સાથે આવકારી રાજેશભાઈનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. અને શ્રી રાજેશભાઈ ચુડાસમાને વિજય બનાવવા જીલ્લા પંચાયતના આગેવાનો અને કાર્યકરો દ્વારા આહવાન કરવામાં આવ્યું હતું.આ કાર્યક્રમમાં જીલ્લા ભાજપ પ્રમુખશ્રી મહેન્દ્રભાઈ પીઠીયા,જીલ્લા ભાજપ ઉપપ્રમુખશ્રી રાજુભાઈ ડાભી,જીલ્લા પંચાયત શિક્ષણ સમિતિ ના ચેરમેનશ્રી પ્રકાશભાઈ ટાંક, જીલ્લા પંચાયત કારોબારી સમિતિના ચેરમેનશ્રી ડાયાભાઈ જાલોંધરા,તાલુકા ભાજપ પ્રમુખશ્રી કાળુભાઈ રૂપાલા,તાલુકા પંચાયતના પ્રમુખશ્રી પ્રવીણભાઈ સાંખટ,જીલ્લા પંચાયત ના સદસ્યશ્રી દકુભાઈ દોમડીયા,તાલુકા પંચાયતના ઉપપ્રમુખશ્રી ભીખાભાઈ કીડેચા,નગડીયા ગામના સરપંચશ્રી હરેશભાઈ બલદાણીયા,તાલુકા પંચાયતના સદસ્યશ્રી દુલાભાઈ ગુજ્જર, દરેક ગામના સરપંચશ્રીઓ સંગઠનના હોદ્દેદારો અને કાર્યકર્તાઓ વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા

# જિલ્લા ચૂંટણી અધિકારી,ખર્ચ નોડલ અધિકારી, ખર્ચ ઓબ્ઝર્વરના અધ્યક્ષસ્થાને બેઠક યોજાઈ




અમરેલી: ૧૪-અમરેલી લોકસભા મતવિસ્તારની સામાન્ય ચૂંટણી અંતર્ગત અમરેલી જિલ્લા સેવા સદન ખાતે જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી અજય દહિયાના અધ્યક્ષસ્થાને અને ખર્ચ નોડલ અધિકારીશ્રી પરિમલ પંડ્યા અને ખર્ચ ઓબ્ઝર્વરશ્રી શ્રીનિવાસુ કોલ્લીપકાની ઉપસ્થિતિમાં અમરેલી લોકસભા ચૂંટણીમાં ખર્ચને લગતી બાબતોની ફરજ સોંપવામાં આવી છે તેવા સહાયક ખર્ચ નોડલ અધિકારીશ્રીઓને માર્ગદર્શન આપવા માટે બેઠક યોજવામાં આવી હતી.

ચૂંટણીલક્ષી કામગીરી માટેની ચૂંટણી પંચની માર્ગદર્શિકાઓ અને નિયત ફોર્મમાં ચૂંટણીલક્ષી જરુરી વિગતો ભરી તે માટે નિયત સમયમર્યાદામાં કરવાની થતી કામગીરી વિશે સહાયક ખર્ચ નોડલ અધિકારીશ્રીઓને જણાવવામાં આવ્યું હતું. સમગ્ર બેઠકનું સંચાલન સહાયક જિલ્લા તિજોરી અધિકારી અને સહાયક ખર્ચ નોડલ શ્રી ખાચરે કર્યુ હતુ. ખર્ચ ઓબ્ઝર્વરશ્રીનું રોકાણ અમરેલી સર્કિટ હાઉસ રુમ નં.૫ ખાતે હોય તેમના સંપર્ક માટે ટેલિફોન નંબર (૦૨૭૯૨) ૨૨૬૦૭૧, મોબાઈલ નંબર ૭૯૯૦૩ ૪૩૮૪૮ ઈ-મેઈલ એડ્રેસ amreli.expedelection2024@gmail.com છે. ઉલ્લેખનીય છે કે, લોકસભાની સામાન્ય ચૂંટણીની મતદાન પ્રક્રિયા અંતર્ગત આગામી તા. ૦૭ મે, ૨૦૨૪ના રોજ અમરેલી લોકસભા મતવિસ્તાર માટે મતદાન થશે.

# કાળઝાળ ગરમી: પારો ૪૧ ડિગ્રી આકરા તાપથી બપોરે માર્ગો સુમસામ

અમરેલી:અમરેલી પંથકમા કાળઝાળ ગરમી પડી રહી છે. આજે પણ શહેરનુ મહતમ તાપમાન ૪૧ ડિગ્રી સુધી નોંધાયુ હતુ. જેના કારણે આકરા તાપથી લોકો અકળાઈ ઉઠયાં હતા. બપોરે લુ ફુંકાઈ હતી.હવામાન વિભાગ દ્વારા અમરેલી, ગીર સોમનાથ જિલ્લામા હળવા વરસાદની આગાહી કરાઈ હતી. જો કે તેની વચ્ચે આજે અમરેલીમા આકરી ગરમી જોવા મળી હતી. આજે શહેરનુ મહતમ તાપમાન ૪૧ ડિગ્રી નોંધાયુ હતુ. જયારે ન્યુનતમ તાપમાન ૨૪ ડિગ્રી રહ્યું હતુ. તો હવામા ભેજનુ પ્રમાણ ઘટીને ૩૬ ટકા નોંધાયુ હતુ. તો પવનની પ્રતિ કલાક સરેરાશ ગતિ ૭ કિમીની રહી હતી.બપોરના સુમારે તો જાણે આકાશમાથી અગનવર્ષા થતી હોય તેવી સ્થિતિ જોવા મળી હતી અને માર્ગો સુમસામ જોવા મળ્યાં હતા. બપોરે ગરમ લુ ફુંકાઈ હતી. આગામી દિવસોમા હજુ આકરો તાપ પડે તેવી શકયતા પણ જોવાઈ રહી છે.૪૮ કલાક દરમ્યાન સોરઠનાં મહતમ તાપમાનમાં ૩ ડિગ્રીનો ઘટાડો નોંધાયો છે ત્યારે જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીને હવામાન વિભાગના સૂત્રોએ જણાવ્યું હતું કે, જૂનાગઢ, ગીર સોમનાથ, પોરબંદર જિલ્લામાં તા. ૧૩ થી ૧૭ એપ્રિલ ૫ દિવસ દરમિયાન મુખ્યત્વે આકાશ ચોખ્ખું થી અંશત વાદળછાયું રહેશે. આ ૫ દિવસ દરમિયાન વરસાદની શક્યતા નહિવત છે. પ્રતિ કલાકે પવનની ઝડપ ૧૫ થી ૧૭ કિલોમીટર રહેવાની શક્યતા રહેવાની શક્યતા છે. આ સમયગાળામાં મહત્તમ તાપમાન ૩૮ થી ૩૯ ડિગ્રી સેન્ટિગ્રેડ રહેશે. જ્યારે લઘુતમ તાપમાન ૨૩ થી ૨૫ ડિગ્રી સેન્ટિગ્રેડ રહેવાની સંભાવના છે.

# હાપા અને નાહરલગુન વચ્ચે ચલાવવામાં આવશે સ્પેશિયલ ટ્રેન

રાજકોટ: મુસાફરોની સુવિધા માટે, પશ્ચિમ રેલવેએ હાપા અને નાહરલગુન વચ્ચે વિશેષ ભાડા પર સ્પેશિયલ ટ્રેન ચલાવવાનો નિર્ણય કર્યો છે. ટિકિટનું બુકિંગ ૧૩મી એપ્રિલથી જેની વિગતો નીચે મુજબ છે.

ટ્રેન નંબર ૦૯૫૨૫/૦૯૫૨૬ હાપા-નાહરલગુન સ્પેશિયલ (સાપ્તાહિક) ચ૨૨ ટ્રિપ્સ

ટ્રેન નંબર ૦૯૫૨૫ હાપા-નાહરલગુન સ્પેશિયલ હાપાથી દર બુધવારે ૦૦.૪૦ કલાકે ઉપડશે અને શુક્રવારે ૧૬.૦૦ કલાકે નાહરલગુન પહોંચશે. આ ટ્રેન ૧૭ એપ્રિલ ૨૦૨૪ થી ૨૬ જૂન ૨૦૨૪ સુધી ચાલશે. એ જ રીતે, ટ્રેન નંબર ૦૯૫૨૬ નાહરલગુન – હાપા સ્પેશિયલ દર શનિવારે નાહરલગુનથી ૧૦.૦૦ કલાકે ઉપડશે અને મંગળવારે ૦૦.૩૦ કલાકે હાપા પહોંચશે. આ ટ્રેન ૨૦ એપ્રિલ ૨૦૨૪ થી ૨૯ જૂન ૨૦૨૪ સુધી ચાલશે.

આ ટ્રેન બંને દિશામાં રાજકોટ, વાંકાનેર, સુરેન્દ્રનગર, અમદાવાદ, નડિયાદ, આણંદ, છાયાપુરી, ગોધરા, રતલામ, નાગદા, ઉજ્જૈન, મક્સી, શાજાપુર, બિયાવરા-રાજગઢ, રૂઠીયાઈ, ગુના, શિવપુરી, ગ્વાલિયર, ઈટાવા, ગોવિંદપુરી, પ્રયાગરાજમાં જ્ઞાનપુર રોડ, બનારસ, વારાણસી, ગાઝીપુર સિટી, બલિયા, છપરા, હાજીપુર, શાહપુર પટોરી, બરૌની, બેગુસરાઈ, ખગરિયા, નૌગાચિયા, કટિહાર, બારસોઈ, કિશનગંજ, ન્યૂ જલપાઈગુડી, ન્યૂ કૂચ બિહાર, કોકરાઝાર, ન્યૂ બોંગાઈગાંવ, બારપેટા રોડ, રંગિયા, ઉદલગુડી, ન્યુ મિસામારી, રંગપારા ઉત્તર અને હરમુતી સ્ટેશનો પર રોકાશે. આ ટ્રેનમાં એસી ૨-ટાયર, એસી ૩-ટાયર, સ્લીપર ક્લાસ અને જનરલ સેકન્ડ ક્લાસ કોચ હશે.

## ૧૪-અમરેલી લોકસભા મત વિસ્તાર માટે ૧૧ વ્યક્તિઓએ ૨૫ ફોર્મ ઉપાડ્યા

(અતુલ કારિયા) અમરેલી:

લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ અન્વયે ૧૪-અમરેલી લોકસભા મત વિસ્તાર માટે તા.૧૨ એપ્રિલ, ૨૦૨૪ને શુક્રવારના રોજ ૨૫ ફોર્મ ઉપડ્યા હતા. જેમાં ભાજપના બે વ્યક્તિઓએ આઠ, કોંગ્રેસના બે વ્યક્તિઓ એ આઠ, બહુજન સમાજ પાર્ટીના એક વ્યક્તિઓએ બે, રાઈટ ટુ રિકોલ પાર્ટીના એક વ્યક્તિએ બે, ગ્લોબલ રિપબ્લિક પાર્ટીની એક વ્યક્તિએ એક, વીરો કે વીર ઈન્ડિયન પાર્ટીના એક વ્યક્તિએ એક, અપક્ષના ત્રણ વ્યક્તિએ ત્રણ એમ ૧૧ વ્યક્તિઓએ ૨૫ ફોર્મ ઉપાડ્યા હતા.

# આહીર સમાજના નામનો ગેર ઉપયોગ કરી યોજાનાર સ્વાભિમાન સંમેલનની મંજુરી રદ કરવા ઉગ્ર માંગ

રાજકોટ:

વાળંદ સમાજના કેટલાક આવારા તત્વો દ્વારા અંદાજે ૧ વર્ષ પહેલા આહિર સમાજમાં ઘુસરવા માટે મેરીટી કમિશ્નરમાં મજોકડા આહીર સમાજ નામનું ટ્રસ્ટ રજીસ્ટર્ડ કર્યુ હતું. પરંતુ આહિર સમાજના આગેવાનો દ્વારા આ શાખાનું ખંડન કરવામાં આવી રહ્યું છે.તેઓએ સ્પષ્ટતા કરી છે કે મજોકઠા આતુર નામની કોઈ શાખા કાર્યરત નથી.આ વાણંદ જ્ઞાતિના કેટલાક લોકો દ્વારા આગામી તા.૧૪/૪ના રોજ રવિવારે પંડિત દિનદયાળ, ઉપાધ્યાય કોમ્યુનીટી હોલ આર્યનગર પેડક રોડ ખાતે મજોકઠા આહિર સમાજના બેકાર



હેઠળ સ્વાભિમાન સંમેલન યોજવા જઈ રહ્યું છે ત્યારે સમસ્ત આહીર સમાજની માંગણી છે કે આ કાર્યક્રમની મંજુરી રદ કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે.આહીર સમાજની માંગણી અને લાગણી છે કે આ કાર્યક્રમ તાત્કાલીક તંત્ર દ્વારા અટકાવવામાં આવે આગામી સમયમાં ચૂંટણી આવી રહી છે. ત્યારે આંચાર રોહિતાનો ખુલ્લોઆમ ભંગ થતો અટકાવવા તાત્કાલીક મંજૂરી અટકાવવા ઉગ્ર માંગ કરવામાં આવી છે. આ કાર્યક્રમનું તંત્ર દ્વારા અટકાવવામાં નહી આવે તો આહિર સમાજ આંદોલનાત્મક કાર્યક્રમ યોજવાની ચીમકી ઉચ્ચારવામાં આવી છે.

# મતદાન જાગૃત્તિ માટે SVEEP અને TIP અંતર્ગત ચુનાવ પાઠશાળા અને યુથ વૉટર ફેસ્ટિવલ કાર્યક્રમો યોજાયા

અમરેલી:

જિલ્લામાં લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ અન્વયે તા.૦૭ મે, ૨૦૨૪ના રોજ મતદાન થશે. જિલ્લામાં વધુમાં વધુ મતદાન થાય અને નાગરિકોમાં મતદાન માટે જાગૃત્તિ આવે તે માટે સિસ્ટેમેટીક વોટર્સ એજ્યુકેશન એન્ડ ઈલેક્ટોરલ પાર્ટીસીપેશન (SVEEP) અને ટર્ન આઉટ ઈમ્પલિમેન્ટેશન પ્લાન (TIP) અંતર્ગત મતદારોમાં મતદાન અંગેની જાગૃત્તિ પ્રસરાવવાની કામગીરી શરુ છે.

ધારીના મોણવેલ ગામ ખાતે મતદાન જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. ધારી પ્રાંત અધિકારીશ્રીના માર્ગદર્શન હેઠળ યોજાયેલા મતદાન જાગૃતિ કાર્યક્રમમાં ગામના મહિલાઓએ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહી મતદાનના શપથ લીધા હતા. ધારી તાલુકા વિકાસ અધિકારીશ્રીએ મતદાનનું મહત્વ સમજાવી વધુમાં વધુ મતદાન થાય તે માટે અનુરોધ કર્યો હતો.

સાવરકુંડલાના બાઢડા સ્થિત કોલેજ ખાતે યુથ વૉટર ફેસ્ટિવલ યોજાયો હતો. સાવરકુંડલા તાલુકા વિકાસ અધિકારીશ્રીએ યુવાનોને મતદાનનું મહત્વ સમજાવી વધુમાં વધુ મતદાન કરવા અનુરોધ કર્યો હતો.

રાજુલા તાલુકાના વિવિધ વિસ્તારોમાં નાગરિકોને મતદાન અને મતદાનના મહત્વ વિશે સમજ આપવામાં આવી. નાગરિકોએ અચૂક મતદાનના શપથ લીધા હતા. અમરેલી તાલુકાના કેરિયાચાડ ખાતે ચુનાવ પાઠશાળા કાર્યક્રમ યોજાયો હતો, જેમાં નાગરિકોને મતદાનનું મહત્વ સમજાવી વધુમાં વધુ મતદાન કરવા માટે પ્રેરણા આપવામાં આવી.

# ધારેશ્વરી ખોડિયાર માતાજીના મંદિરે સપ્તાહનો પ્રારંભ

અમરેલી:ધારેશ્વરી ખોડિયાર મંદિરે શ્રીમદ ભાગવત સપ્તાહનો પ્રારંભ થયો હતો. દામનગર-ઢસા વચ્ચે આવેલ મેમદાની ધાર ઉપર બિરાજમાન ધારેશ્વરી ખોડિયાર માતાજીના મંદિરે પ્રારંભ થયેલી શ્રીમદ ભાગવત સપ્તાહમાં ભાવનગરના ભાનુબાપુ રસપાન કરાવી રહ્યા છે. ચોથા દિવસે શ્રી કૃષ્ણ જન્મોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. અહીં મંદિરના મહંત બંસીદાસબાપુ અને સેવકગણે લોકોને ભોજન પીરસ્યું હતું. ૧૫ એપ્રેલીના રોજ અહીં શ્રીમદ ભાગવત સપ્તાહને વિરામ આપવામાં આવશે."

# શ્રી જમશેદજી જીજીભોઈ-૧૪ એપ્રિલ ૧૮૫૯

આજના સમયમાં આવતા નાનામાં નાના શેરબજારના IPOની રકમ ૨૦-૩૦ કરોડ હોય તો પણ લોકોને સામાન્ય લાગે પરંતુ આજથી ૨૦૦ વર્ષ પહેલા એક એવો મહાન જુવાન ગુજરતી દરિયાખેડુ થઈ ગયો કે જેને પોતાની કમાણીના આકળા કરોડોમાં જાહેર કરી લોકોને અચંભામાં મૂકી દીધા અને ગુજરાતનાં વેપારીઓની એક આગવી ઓળખ સમગ્ર વિશ્વને કરાવી.

૧૭મી સદીમાં જ્યારે અખંડ ભારત ન કહેવાતું તે સમયે આજના મહારાષ્ટ્ર તરીકે ઓળખાતો પ્રદેશ ત્યારે ગુજરાત તરીકર ઓળખતો અને તે સમયે ત્યાં ગુજરાતી જહાજી વેપારી અને દરિયાખેડુ વધારે સંખ્યામાં હતા. આવા જ એક પારસી સમાજના વેપારી શ્રી મેરવાનજી મેકજી અને જીવીબાઈના ઘેર ૧૫ જુલાઈ ૧૭૮૩ના રોજ પુત્ર રત્નની પ્રાપ્તિ થઈ એ વ્યક્તિનું નામ શ્રી જમશેદજી જીજીભોઈ હતું. તેમના પિતા સુરતમાં કાપડના વેપારી હતા, તે ૧૭૭૦ના દાયકામાં બોમ્બે સ્થળાંતરિત થયા. ૧૭૯૯માં ૧૬ વર્ષની ઉંમરે જીજીભોઈના માતા-પિતા બંનેનું અવસાન થયું અને જમશેદજી જીજીભાઈનો ઉછેર તેમના મામા, ફ્રેમજી નસરવાનજી બાટલીવાલાએ કર્યો. ત્યાર બાદ જીજીભોઈને થોડી ઔપચારિક શિક્ષણની માહિતી હોવાથી તેમણે કલકત્તાની પ્રથમ મુલાકાત લીધી અને પછી કપાસ અને અફીણના વેપાર માટે ચીનની પ્રથમ સફર શરૂ કરી. ચીનની બીજી સફર ઈસ્ટઈન્ડિયા કંપનીના કાફલાના જહાજમાં કરવામાં આવી હતી અને ચોથી સફર પર, ભારતીય નાગરિકને જબરદસ્તિથી ફ્રેંચની બંદૂકીમાં કેદ કરી લેવામાં આવ્યો અને કેપ "ઑફ ગુડ હોપ" માં કેદી તરીકે લઈ જવામાં આવ્યો, જે પછી તટસ્થ ડચનો કબજો હતો. ઘણા વિલંબ અને ભારે મુશ્કેલી પછી, જીજીભોઈ ડેનિશ જહાજમાં કલકત્તા જવા રવાના થયા. ગુજરાતી નીડર વેપારી ફરીથી ચીન તરફ સફર પર ગયા જે તેની અગાઉની કોઈપણ મુસાફરી કરતાં વધુ સફળ રહી. આ સમય સુધીમાં, જીજીભોઈએ




નોંધપાત્ર સંપત્તિ ધરાવતા એક સાહસિક વેપારી તરીકે તેમની પ્રતિષ્ઠા સ્થાપિત કરી હતી. જીજીભોઈએ ૧૮૦૩ના સમયની આસપાસ, તેમનું નામ "જમશેદ" થી બદલીને "જમસેતજી" રાખ્યું હતું જેથી તે ગુજરાતી સામુદાયના નામો જેવું જ લાગે. માત્ર ૪૦ વર્ષની ઉંમર સુધીમાં, તેમણે બે કરોડ રૂપિયાથી વધુની કમાણી કરી લીધી હતી, જે તે દિવસોમાં આશ્ચર્યજનક રકમ હતી. નેપોલિયનિક યુદ્ધો દરમિયાન કપાસના વેપારથી તેમની પાસે વધુ સંપત્તિ આવી. બોમ્બેના ગવર્નર લોર્ડ એલ્ફિન્સ્ટોને તેમના વિશે કહ્યું હતું કે, "સખત પ્રામાણિકતા દ્વારા, ઉદ્યોગ અને તેમના તમામ વ્યાપારી વ્યવહારોમાં સમયની પાબંદી દ્વારા, તેમણે સૌથી દૂરના બજારોમાં ગુજરાતી વેપારીઓની પાત્રતા વધારવામાં યોગદાન આપ્યું હતું."

૧૮૪૧માં બ્રિટિશ સરકારે માહિમ ટાપુને બાંદ્રાથી જોડવા માટે કોઝવે બનાવવાની ના પાડી દીધી હતી. જીજીભોઈના પત્ની એવાબાઈ જમશેદજી જીજીભોઈએ રૂ.૧,૫૫,૮૦૦ તેના બાંધકામને ફાઈનાન્સ કરવા માટે આપ્યા હતા. આ કામ ચાર વર્ષ પછી પૂર્ણ થયું હોવાનું માનવામાં આવે છે.

સર જમસેતજી જીજીભોઈએ સ્કૂલ ઓફ આર્ટ, સર જે.જે. કોલેજ ઓફ આર્કિટેક્ચર, ઓછામાં ઓછી ૧૨૬ નોંધપાત્ર જાહેર સખાવતી સંસ્થાઓને દાન આપ્યું હતું. ઈન્સ્ટિટ્યૂટ ઑફ એપ્લાઈડ આર્ટ અને શેઠ આર.જે.જે. હાઈસ્કૂલ, તેમણે તેમના સાથી પારસીઓને મદદ કરવા માટે આપી હતી અને ૧૮૪૯માં "સર જમસેદજી જીજીભોઈ પારસી બેનેવોલન્ટ ફંડ"ની રચના કરી હતી.

બોમ્બે ટાઈમ્સની શરૂઆત ૧૮૩૮માં કરવામાં આવી હતી જેમાં સર જમસેતજીનો સમાવેશ થતો હતો. ૧૮૬૧માં તેનું નામ બદલીને ધ ટાઈમ્સ ઓફ ઈન્ડિયા રાખવામાં આવ્યું. જમશેદજીએ ૧૮૫૯માં જામ-એ-જમશેદ પ્રેસની સ્થાપના વખતે સુંદર દાન આપ્યું હતું. સર જમશેદજી જીજીભોઈએ પોતાના પર્સમાંથી રૂ.૨૦,૦૦૦ ઠાકુરદ્વાર ખાતે દરિયા કિનારે કેટલાક ઘાસના મેદાનો ખરીદવા માટે ખર્ચ્યા અને જોયું કે તે વિસ્તારમાં ભૂખે મરતા ઢોર પણ ચરતા હતા ત્યાર બાદ સમય જતાં આ વિસ્તાર "ચારણી" એટલે કે ચરાઈ તરીકે જાણીતો બન્યો. જમશેતજી જીજીભોઈનું ૭૫ વર્ષની ઉંમરે ૧૪ એપ્રિલ ૧૮૫૯ના રોજ બોમ્બેમાં દેહાંત થયું હતું. આવા મહાન, સાહસી, દયાળૂ, સ્વદેશ પ્રેમી એવા ગુજરાતી વેપારી શ્રી જમશેતજી જીજીભોઈની સ્મૃતિમાં ભારતીય ટપાલ વિભાગ દ્વારા ૧૫ એપ્રિલ ૧૯૫૯ના ૧૫ પૈસાની સ્મારક ટપાલ ટિકિટો જારી કરવામાં આવી એમાં સુરક્ષા હેતુ અશોક સ્તંભનું રેખાચિત્રનો ઉપયોગ વટેરમાર્ક તારીકે કરવામાં આવ્યો છે.

# જૈનોની ચૈત્ર માસની આયંબિલ ઓળીનો સોમવારથી શુભારંભ

અમરેલી: ૧૫ /૪ થી જૈનો હર્ષોલ્લાસપૂર્વક આયંબિલ તપનો પ્રારંભ કરશે.આ તપમાં માત્ર એક જ વખત એક જ જગ્યાએ બેસીને લુખ્ખુ - સુકુ એટલે કે તેલ, ઘી, દુધ, દહીં, ગોળ,સબરસ અને સાકર વગરનો રસ અને સ્વાદ રહિતનો આહાર કરવાનો હોય છે તથા અચેત પાણીનો ઉપયોગ કરવાનો હોય છે.આધ્યાત્મિક દ્રષ્ટિએ તો તપ શ્રેષ્ઠ છે પરંતુ આયુર્વેદીક અને વૈજ્ઞાનિક દ્રષ્ટિએ પણ આયંબિલ તપને આરોગ્ય માટે શ્રેષ્ઠ માનવામાં આવે છે.તેલ - ઘી રહિતનો આહાર વાપરવાથી લીવરને રાહત મળે છે,શરીર અને મન બંને પ્રસન્ન રહે છે,જે સાધનામાં સહાયક બને છે.

મનોજ ડેલીવાળાએ જણાવ્યું કે આ પર્વ વર્ષમાં બે વાર ચૈત્ર તથા આસો માસમાં આવે છે.

આ બે મહિના ઋતુઓની સંધિકાળના મહિના હોવાના કારણે વાત્ત,પિત્ત અને કફનો પ્રકોપ શરીરને અસ્વસ્થ કરે છે,તેથી આ દિવસોમાં તપ કરવાથી રોગ પ્રતિકારક શક્તિ વધે છે તેથી જ તમામ દર્દનું ઔષધ તપને ગણવામાં આવે છે.ધર્મની દ્રષ્ટિએ તપ એ



નિર્જરા માટેનું ઉત્તમોત્તમ સાધન છે.

શ્રી ઉત્તરાધ્યયનજી સૂત્રમાં પ્રભુ મહાવીરે કહ્યું કે " ભવકોડિસંચિયં કમ્મં ,તવસા નિજ્જરિજ્જઈ " એટલે કે ક્રોડો ભવોના બાંધેલા કર્મો તપ કરવાથી નિર્જરી અને ખરી જાય છે.

આયંબિલ ઓળીમાં નવ દિવસ સુધી નમો અરિહંતાણ પદથી લઈ નમો લોએ સવ્વસાહૂણં સાથે સમ્યક્ દર્શન,જ્ઞાન,ચારિત્ર અને તપ સહિત નવ પદની આરાધના કરવાની હોય છે.ગ્રંથોમાં આ તપનું મહીમા વર્ણવતાં અનેક પ્રેરક દ્રષ્ટાંતો આવે છે,જેમાં શ્રીપાલ અને મયણાનું દ્રષ્ટાંત સુપ્રચલિત છે. આયંબિલ તપ કરવાથી શ્રીપાલની કાયા કંચનવર્ણી બની જાય છે,તેમાં શ્રદ્ધા સાથે વૈજ્ઞાનિક કારણ પણ રહેલું છે.ખોરાકમાં સબરસનું પ્રમાણ ઘટવાથી ચામડીના રોગ મટી શકે છે.તામલી તાપસ અને સુંદરીએ પણ દીર્ઘ કાલીન સુધી આ તપની આરાધના કરેલી.આયંબિલ તપની તાકાત એટલી જબરદસ્ત છે કે તપના પ્રભાવથી ભરત ચક્રવર્તીના સુંદરી પ્રત્યેના દુષ્ટ ભાવોમાં પરિવર્તન આવી ગયેલ.કહેવાય છે તપથી લોહી શુદ્ધ થાય છે,લાલ રક્ત કણો વધે છે,ચામડી તેજસ્વી બને છે.પ્રોફેસર જોસેફ હેરેલ્દ જણાવે છે કે પેટના મોટાભાગના દર્દોમાં તપ શ્રેષ્ઠ છે. ડૉ. શેલ્ટન કહે છે કે સૃષ્ઠિના જીવોમાં માત્ર મનુષ્ય એવું પ્રાણી છે કે જે બીમારીમાં પણ ખા ખા કરે છે. જયારે પ્રાણીઓ બિમાર પડે ત્યારે સૌ પ્રથમ ખાવાનું છોડી દે છે. મિસ શર્મને ટાંકેલુ છે કે એક અબજ લોકો જગતમાં અર્ધા ભૂખ્યા સૂએ છે અને સવા અબજ લોકો વગર ભૂખે ખા ખા કરે છે.સળંગ નવ દિવસ આયંબિલ થઈ શકતી હોય તો તે શ્રેષ્ઠ છે,પરંતુ કોઈ કારણોસર શક્ય ન હોય તો છૂટક - છૂટક પણ આયંબિલ કરી શકાય છે જેનાથી જીવાત્મામાં તપના સંસ્કાર આવે છે.અમુક આત્માઓ નવ દિવસ મૌન સાથે પણ આયંબિલ તપની આરાધના કરતાં હોય છે.

# એનિમલ હોસ્ટેલમાં ગાયોના ટપોટપ મોત,જીવદયા ટ્રસ્ટની બેદરકારીનો આરોપ

## મહિને ૬૦ લાખની ગ્રાન્ટ લેતી સંસ્થા સામે તપાસની માંગ,આજે વધુ ૧૨ ગાયના જીવ ગયા!

રાજકોટ:શહેરની ભાગોળે કોઠારીયા ગામમાં ખોખળદળ નદી પાસે આવેલી એનીમલ હોસ્ટેલનું સંચાલન કરતી અને મહિને ૬૦ લાખની નિભાવ ગ્રાન્ટ લેતી સંસ્થા જીવદયા ટ્રસ્ટની બેદરકારથી રોજ બે આંકડામાં પશુઓ ટપોટપ મરી રહ્યાનો ગંભીર આક્ષેપ અને ખુલાસો પ્રદેશ કોંગ્રેસ ઓબીસી ડિપાર્ટમેન્ટ કાર્યકારી પ્રમુખ ડો.મહેશ રાજપૂતે કર્યો છે. આ સાથે જ તેમણે મનપા તુરંત બેદરકારી બદલ પગલા લે અને જરૂર પડયે સંચાલન પરત ખેંચે તેવી માંગણી કરી છે.કોઠારીયા પાસે ખોખળદળ નજીક આવેલી એનીમલ હોસ્ટેલમાં ગાય, વાછરડા સહિતના પશુઓ રાખવામાં આવે છે. આ જગ્યાનું સંચાલન મહાપાલિકાએ જીવદયાના ઈરાદા સાથે જીવદયા ટ્રસ્ટને સોંપેલું છે. અહીં પશુઓના નિભાવ અને જાળવણી માટે રોજના બે લાખ એટલે કે રૂા. ૬૦ લાખની માસિક ગ્રાન્ટ આપવામાં આવે છે. આ જગ્યાએ થોડા દિવસોથી પશુઓ ટપોટપ મરે છે. આજે પણ ૧૨ પશુના જીવ ગયા છે. આ અંગે વધુ વિગતો જાહેર કરતા ડો.મહેશ રાજપૂતે જણાવ્યું છે કે, મહાપાલિકાએ પશુઓની યોગ્ય



જાળવણી અને નિભાવ થાય તે માટે સંચાલન સોંપ્યું છે. આ જગ્યામાં રોજ ૧૦થી ૧૨ પશુના મૃત્યુ થઈ રહ્યા છે. તેના સંચાલક રાજેન્દ્ર શાહ અને યશ શાહ છે. આ જગ્યાએ રોજ બે વખતના બદલે માત્ર એક જ વખત પશુને જમવાનું અપાતું હોવાની ફરિયાદ તેમને મળી છે. સ્વચ્છતાના ધોરણનું પાલન થતું નથી. હાલ ચોમાસુ કે રોગચાળા જેવી કોઇ સ્થિતિ ન હોવા છતાં પશુઓના મૃત્યુમાં બેદરકારી જ જવાબદાર દેખાઇ રહી છે. આ સંસ્થાને ખુબ મોટી ગ્રાન્ટ મળતી હોવા ઉપરાંત જુદા જુદા પ્રસંગોએ અને રોજિંદા દિવસોમાં મોટુ દાન પણ મળતું હોય છે. ગાયોના નામે મોટુ દાન અને ગ્રાન્ટ આવતા હોવા છતાં થઈ રહેલા ગાયોના મોત અંગે તપાસ કરવાની જરૂર છે. છેલ્લા થોડા દિવસથી આવી ઘટના બનતી હોવા છતાં મહાપાલિકા તંત્રએ કોઇ તપાસ કરી ન હોય તો તે ખુબ ગંભીર બાબત છે. આટલી ગ્રાન્ટ આપવા છતાં ગંદકી વચ્ચે પશુના જીવ જતા હોવાથી તાત્કાલીક નોટીસ આપીને ખુલાસા પૂછવા જોઇએ. આજ સુધી તંત્રએ નોટીસ કેમ ન આપી તે પણ સવાલ છે. આ ઘટનાઓમાં જો ટ્રસ્ટની બેદરકારી સાબિત થાય તો તાત્કાલીક તેની પાસેથી સંચાલન પરત મેળવીને અન્ય સંસ્થાને જવાબદારી સોંપવાની માંગણી પણ પ્રદેશ કોંગ્રેસ નેતાએ કરી છે. આ એનિમલ હોસ્ટેલ બહાર સંસ્થાએ થાંભલા પર મનપાના બદલે પોતાની સંસ્થાનું બોર્ડ મારી દીધાની ફરિયાદ પણ ડો.રાજપૂતે તંત્રના ધ્યાને મૂકી છે.

# બંધ ફલેટના તાળા તોડી રોકડ અને લેપટોપ ઉઠાવી જતા તસ્કરો

રાજકોટ:વાવડીમાં રાધેશ્યામ ગૌશાળા પાસે વ્રજલીલા એપાર્ટમેન્ટમાં તસ્કરોએ ત્રાટકી ફલેટના તાળા તોડી રોકડ અને લેપટોપ મળી રૂ.૪૪૫૦૦ ની મતાની ચોરી કરી નાસી છૂટતાં તાલુકા પોલીસે ગુનો નોંધી સીસીટીવી ફુટેજના આધારે તપાસ આદરી હતી. બનાવ અંગે વાવડીમાં રાધેશ્યામ ગૌશાળા પાસે વ્રજલીલા એપાર્ટમેન્ટમાં સી/૧૦૨ માં રહેતાં દિવ્યેશભાઈ ઉકાભાઈ ડોડીયા (ઉ.વ.૨૭) એ નોંધાવેલ ફરિયાદમાં જણાવ્યું હતું કે, તે મેટોડા જી.આઈ.ડી.સી.મા ગેટ નં.૧ મા પ્લોટ નં.૨૬૪૬ મા ક્રાતીગેટ મેઈન રોડ ઉપર કારખાનામા નોકરી કરે છે. ગઈ તા.૧૦/૦૪/૨૦૨૪ ના સાંજના આસરે પાંચેક વાગ્યે તેમની પત્નિ કાજલબેન અને તેના પિતા એમ અમો અમારા વતન વેરાવળના હસનાવદર ગામે તેના સાળાના લગ્નમાં ગયેલ હતાં. ગઈકાલે સવારના પાડોશી ગૌતમભાઈ ગોસ્વામીએ ફોનથી જાણ કરેલ કે, તમારા ફ્લેટના દરવાજે લાગડેલ તાળુ તુટેલ હાલતમાં પડેલ છે અને અંદર જોતા ઘરનો સામાન વેરવીખેર પડેલ છે અને ચોરી થયેલ હોય તેમ લાગે છે. જેથી તેઓ ઘરે દોડી આવી ઘરના લાકડાના દરવાજે જોતા નકુચો કાપેલ તાળુ નીચે પડેલ હતુ અને ઘરની અંદર ઘરનો સામાન વેરવીખેર હાલતમા પડેલ હતો.તેમજ તેમનું પત્નિનુ ફ્રીઝ ઉપર રાખેલ પાકીટ રોકડા રૂ. ૮૫૦૦ રાખેલ હતાં અને કબાટમા રાખેલ એક મોબાઈલ રૂ.૬ હજાર અને રૂમમાં ટીપોઇ ઉપર રાખેલ લેપટોપ રૂ.૩૦ હજાર મળી કુલ રૂ.૪૪૫૦૦ નો મુદ્દામાલ કોઈ અજાણ્યો તસ્કર ઘરમાં ઘુસી ચોરી કરી નાસી છૂટ્યો હતો. બનાવ અંગેની ફરીયાદ પરથી તાલુકા પોલીસે ગુનો નોંધી સીસીટીવી ફુટેજના આધારે તસ્કરની શોધખોળ હાથ ધરી હતી.

જૂગાર રમતા સાત શખ્સો ઝડપાયા

બાલાજી હોલ પાછળ આરએમસી કવાર્ટરના ગેટ પાસે જાહેરમાં જુગાર રમતાં સાત શખ્સોને તાલુકા પોલીસે દબોચી રૂ?૦૩૦૦ની રોકડ કબ્જે કરી હતી.દરોડાની વિગત મુજબ તાલુકા પોલીસ મથકના પીઆઈ ધવલ હરીપરાની રાહબરીમાં ટીમ પેટ્રોલીંગમાં હતી. ત્યારે સાથેના હેડ કોન્સ્ટેબલ અજય ભુંડીયાને મળેલ ચોકકસ બાતમીના આધારે બાલાજી હોલ પાછળ આરએનસી કવાર્ટરના ગેટ પાસે જાહેરમાં તિનપત્તીનો જુગાર રમતાં રાહુલ રમેશ દાફડા જમાલુદિન નિજામુદીત શેખ રવિ ભવાન પરમાર મનિષ ગોપાલ રામાવત ફીરોજશા દાઉદશા સાહમહાર અવિનાશ નરેન્દ્ર સોલંકી, અને વિશાલ દિનેશ શીયાર ને દબોચી રૂ.?૦૩૦૦ની રોકડ કબ્જે કરી હતી.

# ગ્રામ્ય વિસ્તારમાં તહેવારો નિમિત્તે પ્રતિબંધાત્મક આદેશો જાહેર

રાજકોટ:૨૦૨૪ દરમિયાન ડો. બાબા સાહેબ આંબેડકર જયંતિ, રામ નવમી, મહાવીર જયંતિ, હનુમાન જયંતિ જેવા તહેવારોની ઉજવણી થતી હોય તેમજ વિવિધ રાજકીય પક્ષો અને સંગઠનો દ્વારા આંદોલનો, રેલીઓ, ધરણા જેવા કાર્યક્રમો યોજાતા હોય છે. જેને ધ્યાને લઈને કાયદો વ્યવસ્થા, જાહેર શાંતિ અને સલામતી જળવાઈ રહે અને અનિચ્છનીય બનાવો ન બને, તે માટે નિવાસી અધિક કલેક્ટરશ્રી ચેતનભાઈ ગાંધી દ્વારા પ્રતિબંધાત્મક આદેશો જાહેર કરવામાં આવ્યા છે.

જે મુજબ રાજકોટ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં હથિયાર, તલવાર, ભાલા, બંદુક, છરી, લાકડી, શસ્ત્રો સહિતના શારીરિક ઈજા કરી શકાય તેવા હથિયારો તેમજ સ્ફોટક પદાર્થ સાથે રાખીને ફરવા પર પ્રતિબંધ ફરમાવાયો છે. પથ્થરો અને શસ્ત્રો ફેંકવાના સાધનો એકઠા કરવા તથા સરઘસમાં પેટાવેલી મશાલો લઈ જવા તેમજ મનુષ્યો, શબો, આકૃતિઓ, પુતળા દેખાડવા તથા લોકોએ બુમ પાડવા, ગીતો ગાવા તથા વાદ્ય વગાડવાની મનાઈ કરવામાં આવી છે. ઉપરાંત, સુરૂચિનો ભંગ થતો હોય અથવા રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવા, નકલ કરવા તથા ચિત્રો, નિશાનીઓ, જાહેરખબરો તૈયાર કરવા અને તેનો ફેલાવો કરવા પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે.

ઉલ્લેખનીય છે કે સરકારી કર્મચારી કે જેને તેમના ઉચ્ચ અધિકારીએ કોઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય, વૃદ્ધો તથા અશકતો કે જેઓને લાકડીના ટેકે ચાલવાનું હોય તેમજ સક્ષમ સત્તાધિકારી તરફથી જેને પરવાનગી આપવામાં આવેલી હોય તેવી વ્યકિતઓને આ જાહેરનામું લાગુ પડશે નહીં. આ જાહેરનામું રાજકોટ શહેર પોલીસ કમિશ્નરશ્રીની હકુમત સિવાયના ગ્રામ્ય વિસ્તારમાં તા. ૩૦/૦૪/૨૦૨૪ સુધી અમલમાં રહેશે. તેમજ આ જાહેરનામાનો ભંગ કરનાર શિક્ષાને પાત્ર થશે.

# દિવ્યધામ વલારડી ખાતે ચૈત્રી નવરાત્રીથી ૧ વર્ષ સુધી અખંડ હોમાંક યજ્ઞ

રાજકોટ:

જગતજનની માં ભગવતી વેરાઇ માતાજીની પ્રેરણાથી સમસ્ત વઘાસિયા પરીવારના રણખાંભીના સુરાપુરા પાતાદાદાની પ્રેરણાથી દિવ્યધામ ખાતે ચૈત્ર સુદ એકમ એટલે કે ચૈત્રી નવરાત્રીની શુભારંભથી આગામી ૧ વર્ષ સુધી ૨૪ કલાક અખંડ હોમાંક યજ્ઞ યોજાશે.આ યજ્ઞમાં રોજે રોજ ગુજરાતનાં અલગ અલગ ગામોએથી વઘાસિયા પરિવાર એક દિવસ યજ્ઞમાં બેસી માતા વેરાઇને સર્વજન હિતાયની પ્રાર્થના કરી યજ્ઞમાં આહુતી અર્પણ કરશે.આ ચૈત્રી નવરાત્રીમાં વિશ્વ વિખ્યાત શિવ કથાકાર પુજયશ્રી ગીરીબાપુએ યજ્ઞમાં આહુતી અર્પણ




કરેલ. અને સૌ ભકતોને આશિવર્ચન પાઠવી કૃતાર્થ કર્યા હતા. આ મહોત્સવ અંતર્ગત ચકલી બચાવો અભિયાન શરૂ કરવામાં આવ્યુ છે, જે અંતર્ગત ૩૦૦૦ થી માળાઓનું વિતરણ કરાઇ ચુક્યુ છે.

તાજેતરમાં દિવ્યધામ ખાતે ૫૧ કુંડી મહાયાગ યજ્ઞનું આયોજન ફાગણસુદી બીજનાં દિવસે કરવામાં આવ્યુ હતુ. પધારેલ હજારો ભાવીકોએ જળસંસય અને જળસિંચનની જાગૃતી લાવવા જળયાત્રા સ્વરૂપે પાતાદાદાનાં નીજ મંદીરથી યજ્ઞ સ્થળ સુધી યાત્રા યોજી હતી.

અત્રે ઉલ્લેખનિય છે કે, દિવ્યધામએ વઘાસિયા પરિવાર દ્વારા માતા વેરાઈની આરાધનાનું તપસ્થલી છે.અહીં સર્વસમાજહીતનાં સાર્વજનિક કાર્યો દ્વારા સેવાકીય પ્રવૃતિઓ થઇ રહી છે. ગુજરાતભરમાંથી લોકો પોતાની શ્રધ્ધા અને આસ્થા સાથે અહીં દેવદર્શન કરવા પધારતા હોય છે, ત્યારે યાત્રીકોની સુખાકારી માટે યાત્રીભવનનું નિર્માણ દિવ્યભવનનાં રૂપે સાકાર થઇ રહ્યુ છે.

# જાહેર માર્ગોને ગંદા કરનાર વધુ ૭ વાહન ચાલકો દંડાયા

રાજકોટ:જેમા વ્યક્તિઓને જાહેરમાં પાન-ફાકી ખાઈને થુંકતા તેઓ ને ઈ-ચલણ દ્વારા દંડ તેમજ રૈયા સીવેજ પ્લાન્ટ પાસે જાહેરમાં કચરો નાખતા બે ઈસમોને રૂપિયા ૨૦૦૦/- દંડ, પ્રતિબંધિત પ્લાસ્ટીક વાપરનારા બે આસામીઓને ૧૦૦૦/- દંડ કરવામાં આવેલ હતો તેમજ જાહેરમાં કચરો નાખતા એક સફાઈ કામદારને ઝડ્પી લઈ ૨૫૦/- દંડ કરવામાં આવેલ. કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટરના કુલ ૧૦૦૦ કેમેરા દ્વારા દિનભરમાં ૧૩૨૦ લોકેશન ચેક કરવામાં આવેલ, જે અંતર્ગત કુલ ૯૪૦ સફાઈ કામદારોની સફાઈ કામગીરીનું નિરીક્ષણ કરવામાં આવેલ છે. અને આ ફરિયાદોનું



ફોલોઅપ જે તે વિસ્તારના સેનીટરી ઈન્સ્પેકટર પાસેથી મેળવી ૨૪ કલાકમાં ફરિયાદનુ નિવારણ કરવામાં આવેલ. ઉપરોકત કામગિરી મ્યુનિ. કમિશનર આનંદ પટેલના આદેશ અને નાયબ કમિશનરના સુપરવિઝન હેઠળ, કમાંડએન્ડ કંટ્રોલ સેન્ટરના નોડલ ઓફિસર વત્સલ પટેલ તેમજ તાબા હેઠળનાં સ્ટાફ દ્વારા કામગીરી હાથ ધરવામાં આવેલ હતી.

# સોમનાથ તીર્થધામ છ દિવસ સોમયજ્ઞનું આયોજન

વેરાવળ,

ભારતના પશ્ચિમી દરિયાકિનારે આવેલું સોમનાથ ૧૨ જયોતિર્લિંગોમાંનું પ્રથમ છે. ભારતીય ઋષિમુનિઓ અનુસાર દરેક જયોતિર્લિંગની સ્થાપનાનું વિશિષ્ટ ભૌગોલિક મહત્વ છે. ભારત પરંપરાઓનો દેશ છે જેમાં વૈવિધ્યસભર વૈજ્ઞાનિક પરંપરાઓનો ઈતિહાસ છે. અક્ષય કૃષિ પરિવાર ખેતી સારો વરસાદ, વગેરે માટેની ભારતીય વિચારની પરંપરાઓને વૈજ્ઞાનિક રીતે આગળ વધારવાનું કાર્ય કરી રહ્યું છે. અક્ષય કૃષિ પરિવારની ઉદાય બે સુનિશ્ચિત કરવાનો છે કે તમામ જીવો ઝેરમુક્ત હોય, પૂરતા પ્રમાણમાં ખોરાકની ઉપલબ્ધતા હોય



અને દરેક જગ્યાએ હરિયાળી રહે. આ માટે વિવિધ સંસ્થાઓના સહયોગથી વિવિધ સ્થળોએ વિવિધ પ્રકારના પ્રયોગી કરવામાં આવી રહ્યા છે.અક્ષય કૃષિ પરિવાર દ્વારા ભથ ધરવામાં આવેલ સૌમિક સુવૃષ્ટિ પ્રોજેક્ટ હેઠળ દેશમાં સારા વરસાદ માટે તમામ જયોતિર્લિંગો પર સોમયજ્ઞનું આયોજન કરવામાં આવશે. પ્રથમ તબક્કામાં ઓમકારેશ્વરમાં ૪ થી ૯ એપ્રિલ દરમિયાન સોમયજ્ઞ કરવામાં આવ્યો હતો. તે જ ક્રમમાં શ્રી સોમનાથ ટ્રસ્ટના સહયોગથી તીર્થધામ સોમનાથમાં ૧૧ થી ૧૬ એપ્રિલ દરમિયાન બીજા યજ્ઞ નું આયોજન કરવામાં આવશે. પરંપરાથી પ્રબુદ્ધ સોમયાગીઓના સમૂહ દ્વારા સોમયજ્ઞ કરવામાં આવશે. જેનું નેતૃત્વ સોમયાગી શ્રી ચૈતન્ય કાલે કરશે.

કૃષિ પરાશર અને વરાહમિહિરે દર્શાવેલા સિદ્ધાંતોને ધ્યાનમાં રાખીને સોમયજ્ઞનું આયોજન કરવામાં આવશે ત્યાર સુધીના પ્રયોગોના આધારે સુવૃષ્ટિ સોમ યાગની સફળતા આશાસ્પદ રહી છે. અક્ષય કૃષિ પરિવારના ટ્રસ્ટી ડો.ગજાનન ડાંગએ જણાવ્યું હતું કે, યજ્ઞ દ્વારા પ્રકૃતિમાં વાદળોની કલ્પના અને તેમના સમયસર વરસાદની આગાહી વૈજ્ઞાનિક રીતે સફળ સાબિત થઈ છે. આ થજ્ઞ દરમિયાન વૈજ્ઞાનિકો અને નિષ્ણાતોની ટીમ નિરીક્ષણ માટે હાજર રહેશે. તેમજ જરૂરી ડેટા પણ એકઠા કરશે.

# રાજકોટમાં લોકશાહીના મહાપર્વમાં દેશના મતદાતાઓને આમંત્રિત કરાયા : પત્રિકાનું વિતરણ

રાજકોટ,

લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ અંતર્ગત દેશના વિવિધ વિસ્તારોમાં મતદાન જાગૃતિ અભિયાન ચાલી રહ્યું છે, જે અન્વયે ૬૮ રાજકોટ વિધાનસભા મતવિસ્તાર ભાગ નંબર-૨૪૩ ન્યુ સાગર સોસાયટી વિસ્તારમાં અને ભાગ નંબર ૧૭૭ - ભારત નગર મતવિસ્તારમાં મતદાન જાગૃતિ અભિયાનનું આયોજન કરવામાં આવ્યું હતું.આગામી ૭ મે ના રોજ વધુને વધુ લોકો મતદાન કરવા સહભાગી બને તે માટે સોસાયટીના રહેવાસીઓને મતદાનના મહત્વ વિશે સમજાવાયું હતુ. પુરુષ મતદાતાઓ અને સ્ત્રી મતદાતાઓ બંને સમાન રીતે દેશના મહાપર્વમાં જોડાય તે માટે સ્ત્રી મતદાતાઓને મતદાન કરવા અપીલ કરાઈ હતી. આ મતવિસ્તારના સંબધિત ઝોનલ ઓફીસરશ્રી અને બુથ લેવલ ઓફિસરશ્રીઓએ ઘરે ઘરે જઈને મતદાનની આમંત્રણ પત્રિકાઓનું વિતરણ કર્યું હતુ.

ગોંડલ શહેરના ગુંદાળા રોડ પર આવેલ બિલીપત્ર સોસાયટી વિસ્તારમાં "મતદાર જાગૃતિ" કાર્યક્રમમાં નાયબ મામલતદારશ્રી વાય.ડી.ગોહિલ, સુપરવાઈઝરશ્રી સુરેશભાઈ કનોડિયા અને બી.એલ.ઓ.શ્રી સપનાબેન ધરદેવએ સોસાયટીના બહેનોને જણાવ્યું હતું કે, ભારત દેશના તમામ તહેવારોમાં મહિલાઓ મુખ્ય ભૂમિકા નિભાવે છે તો આ લોકશાહીના અવસરમાં પણ મહિલાઓએ અગ્રેસર રહેવું જોઈએ. અને ઉપસ્થિત સર્વે બહેનોને પ્રમાણપત્ર આપી સન્માનિત કરાયા હતા. તેમજ બાળકો દ્વારા મતદાર જાગૃતિના સ્લોગન તૈયાર કરવામાં આવ્યા હતા.

# જુનાગઢમાં સમસ્તધ બ્રહ્મ યુવા ટ્રસ્ટલ સંગઠન દ્વારા પરશુરામ જન્મોવત્સરવ ઉજવવા કાર્યાલયનો પ્રારંભ

યજ્ઞેશ ભટ્ટ, જુનાગઢ,

સમસ્તશ બ્રહ્મ યુવા ટ્રસ્ટ સંગઠન જૂનાગઢ દ્વારા પરશુરામ જન્મોત્સાવ ૨૦૨૪ની ઉજવણી કરવા જઈ રહ્યું છે ત્યારે સમસ્તન બ્રહ્મ યુવા ટ્રસ્ટશ સંગઠનના સંસ્થા પક જયદેવ જોશી તેમજ કાર્તિકભાઈ ઠાકર દ્વારાઆ પરશુરામ જન્મોછત્સઈવને સફળ બનાવવાના હેતુસર ૧૧ જ્ઞાતિ અગ્રણીઓની એક સમિતિ બનાવા માં આવેલ છે આ માટે કાર્યાલયનું ઉદ્ઘાટન કરવા આવ્યુ હતું. જેમા પરશુરામ જન્મોએત્સાવ સમિતિ ના તમામ અધ્યછક્ષે હસુભાઈ જોશી શૈલેષભાઈ ભટ્ટ કે ડી પંડયા ભીખાભાઈ જોશી (ભીખાબાપા) આરતીબેન જોશી મનીષાબેન દવે સનતભાઈ પંડ્યાભ પ્રકાશભાઈ મહેતા નિર્ભયભાઈ પુરોહિત હિમાંશુભાઈ પંડ્યાા દિલીપભાઈ વ્યા?સ તેમજ વિનુભાઈ જોશી (અકિલા)ની હાજર રહ્યા હતા. સાથે સમસ્તશ બ્રહ્મ યુવા ટ્રસ્ટભ સંગઠનના મહિલાપાંખ ના ગીતાબેન જોશી તેમની સમગ્ર મહિલાપાંખ સાથે ઉપસ્થિત રહ્યા હતા તેમજ સંસ્થા્પક જયદેવ જોશી દ્વારા તમામ ભુદેવ પરિવારો ને જાણ કરવામા આવેલ કેઆજ રોજથી હવે પરશુરામ જન્મોતત્સ્વ લક્ષી કોઈ પણ કાર્ય હોય અથવા કંઈ પણ યોગદાન આપવાનુ હોય તો આ કાર્યાલય પર કાર્યાલય મંત્રી શ્રી કલ્પેશભાઈ જોશીનો ક્રિષ્નાા કાર્ડસ વણઝારી ચોક ખાતે સંપર્ક કરવા જણાવ્યું છે.

# ગીર સોમનાથ જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા મતદાન જાગૃતિના વ્યાપક પ્રયાસ

વેરાવળ,

જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર શ્રી દિગ્વિજયસિંહ જાડેજાના માર્ગદર્શન હેઠળ વધુમાં વધુ મતદાન થાય તે અંગે સિસ્ટેમેટિક વોટર્સ એજ્યુકેશન એન્ડ ઈલેક્ટ્રોરલ પાર્ટિસિપેશન એક્ટિવિટી અંતર્ગત મતદાન જાગૃતિ અંગે વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી છે.

આચારસંહિતાથી અત્યાર સુધીમાં સોમનાથ, તાલાલા, કોડીનાર અને ઉના વિધાનસભા મતવિસ્તારમાં ૧૧ જેટલી બાઈક રેલી દ્વારા મતદાન જાગૃતિ અભિયાન ચલાવવામાં આવ્યું હતું. જેમાં ૧૬૦૦ કરતાં પણ વધુ લોકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. ઉપરાંત ૨૦ જેટલા સિગ્નેચર કેમ્પેઈનના માધ્યમથી નાગરિકોએ અચૂક મતદાનના શપથ લીધા હતાં.

જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા અત્યાર સુધીમાં ૧૦૪ ચૂનાવ પાઠશાળાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ૧૬૦૦ કરતા વધુ લોકોને મતદાન અને મતદાનના મહત્વ વિશે સમજ આપવામાં આવી હતી. જ્યારે સ્વીપ એક્ટિવિટી અંતર્ગત જિલ્લામાં દોઢ લાખ કરતા પણ વધુ સંકલ્પ પત્રનું વિતરણ કરવામાં આવ્યું છે.

# જસદણ તાલુકાના ખડવાવડી ગામે "અચૂક મતદાન"નો સંદેશ આપતી રેલી યોજાઇ

રાજકોટ,

રાજકોટ જિલ્લામાં આગામી લોકસભા ચૂંટણી માટે તા. ૦૭ મે ૨૦૨૪ના રોજ મતદાન યોજાનાર છે.જેમાં સૌ જિલ્લાવાસીઓ પોતાના પવિત્ર મતદાનની ફરજ અંગે જાગૃત થઈ, મતદાન કરે તે માટે "સ્વીપ" દ્વારા વિવિધ મતદાર જાગૃતિ કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છે.

ગ્રામ્ય વિસ્તારોમાં પણ મતદારો જાગૃત થઈ મતદાનની નૈતિક ફરજ બજાવે તે માટે જાગૃતિલક્ષી કાર્યક્રમોના આયોજન કરવામાં આવ્યા હતા. ૭૨-જસદણ વિધાનસભા વિસ્તારમાં ખડવાવડી પ્રાથમિક શાળા દ્વારા મતદાર જાગૃતિ માટે રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શાળાની વિદ્યાર્થીનીઓએ "તમારૂ મતદાન લોકતંત્રનો પ્રાણ","એક મત ચમત્કાર કરી શકે, તેથી ૧૦૦% મતદાન કરીએ" જેવા વિવિધ પોસ્ટર અને સ્લોગન થકી ગામના લોકોને તથા ખડવાવડી દૂધ ઉત્પાદન સહકારી મંડળીની મહિલાઓને મતદાન માટે અપીલ કરવામાં આવી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, જસદણ વિધાનસભા મતદાન વિભાગમાં ૧,૩૬,૬૭૮ પુરુષ અને ૧,૨૫,૮૬૫ સ્ત્રીઓ કુલ ૨,૬૨,૫૪૩ મતદારો નોંધાયેલા છે ત્યારે સ્વીપ દ્વારા વધુને વધુ મતદારોને મતદાન માટે પ્રેરિત કરવામાં આવી રહ્યા છે, તેમ અધિક કલેક્ટર તથા સ્વીપના નોડલ અધિકારી શ્રી જીજ્ઞાસાબેન ગઢવીની યાદીમાં જણાવાયું છે.


**નામ બદલાવેલ છે**

મારૂ નામ **જતિન્દ્ર કુમાર બારીક** હતુ જે બદલીને **જતિન્દ્ર બારીક** કરેલ છે. હવેથી હું મારા નવા નામ **જતિન્દ્ર બારીક** તરીકે ઓળખાઇશ.

**સહી : જતિન્દ્ર બારીક**

સરનામું : ગુજરાત હાઉસીંગ બોર્ડ બ્લોક -૩૦, ક્વાર્ટસ નં. ૬૨૮, યુનિવર્સીટી રોડ, રાજકોટ - ૩૬૦૦૦૫.


# જુનાગઢ યાર્ડમાં કેરીના બે હજાર બોકસની પ્રથમ આવક

જુનાગઢ,

સોરઠની શાન સમાન ફળોની મહારાણી ગણાતી કેસર કેરી આ વર્ષે મોડી બજારમાં આવી છે. ગત વર્ષ માર્ચ માસમાં આવક શરૂ થઈ જવા પામી હતી આ વખતે એપ્રિલના બીજા સપ્તાહમાં આગમન થવા પામ્યું છે. જુનાગઢ યાર્ડમાં ચાર દિવસમાં ઉના પંથકમાંથી કેસર કરી આવી રહી છે. બે હજાર બોકસની આવક થયાનું યાર્ડ દ્વારા જણાવાયું છે.

ગત વર્ષે મબલક પાક થતા આંબાઓ નીચોવાઈ ગયા હતા. આ વર્ષે વાતાવરણ, પ્રતિકુળ ન રહેવા પામ્યું ઠંડી ન પડવાથી સમયસર મોર આંબે આવ્યા ન હતા. જેથી કેરી બજારમાં મોડી આવી છે. માર્ચના બદલે એપ્રિલમાં તે પણ ખુબજ ઓછી આવક થવા પામી છે. ચાર દિવસ પહેલા ૫ કિલોના ૧૪૫૦ બોકસ બાદ દરરોજ ૩૦૦ જેટલા બોકસની આવક શરૂ થઈ છે.

૫ કિલો બોકસનો ભાવ રૂા.૬૦૦થી ૧૦૦૦ બોલાઈ રહ્યો છે. ઉના તથા ગરાળ પંથકમાંથી ખેડુતો કેરી વેચાણ માટે લાવતા રાજકોટ અમદાવાદ વડોદરા સહિતના વેપારીઓ બોકસ લઈ જાય છે.

તાલાલાની કેસર પણ હવે થોડા દિવસોમાં બજારમાં આગમન થઈ જશે. હાલ એક કીલોનો ભાવ રૂા.૧૨૫થી ૨૦૦ બોલાઈ રહ્યો છે. આ વર્ષે ઉના પંથકની કેરીની આવક ધમી શરૂ થવા પામી છે ગત વર્ષ કરતા ત્રણ ગણો ભાવ બોલાઈ રહ્યો છે.

# જૂનાગઢ જિલ્લામાં ચૂંટણી લગત ૭૪ ફરિયાદોનું નિવારણ

જૂનાગઢ,

જૂનાગઢ જિલ્લામાં નેશનલ ગ્રીવન્સ સર્વીસ પોર્ટલ ઉપર તા.૧૬/૩/૨૦૨૪ થી તા. ૧૦/૪/૨૦૨૪ સુધીમાં ૭૪ ફરિયાદો નોંધાઈ હતી. જે તમામનું નિરાકરણ જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા કરવામાં આવ્યું હતુ.

આ પોર્ટલ પર સૌથી વધારે ચૂંટણી કાર્ડ અને મતદાર યાદી સબંધિ મહત્તમ ફરિયાદો નોંધાઈ હતી. જેનું સમયસર નિરાકરણ લાવવામાં આવ્યું હતું.

નેશનલ ગ્રીવન્સ સર્વિસ પોર્ટલએ એક વેબ-આધારિત સોલ્યુશન છે. જે ચૂંટણી અધિકારીઓ દ્વારા ફરિયાદોને હેન્ડલ કરવા માટે એક જ ઈન્ટરફેસ પર ફરિયાદ સપોર્ટ માટે છે.

સૌરાષ્ટ્ર આજતક Owner : Leela News Network Pvt. Ltd, Printer & Publishser Komalkant Fakirchand Sharma, On behalaf of Leela News Network Pvt. Ltd. Printed at 2/6 Ghanchiwad, Near jilla Garden, Rajkot Published at Pramukh Swami Arcde, 7th floor, Rajkot.Editor: Rajesh Kiritbhai Dave (Responcible for News editing as per PRB ACT) Saurashtra AajTak has no connection or association with Aaj Tak of T.V. Today Network.

# ખાવડામાં અદાણીનો ગ્રીન એનર્જી પ્લાન્ટ ફ્રાન્સની રાજધાની પેરિસની સરખામણીમાં ૫ ગણો મોટો

## આ પ્લાન્ટની ક્ષમતા ૨૦૦૦ મેગા વોટ અથવા ૨ ગીગા વોટ વીજળીનું ઉત્પાદન કરશે

સમગ્ર વિશ્વમાં ભારતનો પ્રભાવ વધી રહ્યો છે અને ભારતીય ઉદ્યોગપતિઓ દરેક ક્ષેત્રમાં પોતાનો બિઝનેસ વધારી રહ્યા છે. જો આપણે ઉર્જા ક્ષેત્રની વાત કરીએ, તો અબજોપતિ ગૌતમ અદાણી આ ક્ષેત્ર પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છે અને તેથી જ તેમનું અદાણી જૂથ ગુજરાતના ખાવડાની ખરાબાની જમીન પર વિશ્વનો સૌથી મોટો ગ્રીન એનર્જી પ્લાન્ટ બનાવી રહ્યો છે. ખાવડામાં અદાણીનો પ્લાન્ટ ફ્રાન્સની રાજધાની પેરિસની સરખામણીમાં ૫ ગણો મોટો છે.

પાકિસ્તાનની બાજુમાં આવેલો આ ગ્રીન એનર્જી પ્લાન્ટ આ સેક્ટરમાં અદાણી ગ્રુપની મહત્વાકાંક્ષી યોજનાઓમાંની એક છે. ગૌતમ અદાણીની કંપની અદાણી ગ્રીન એનર્જી લિમિટેડે આ પ્લાન્ટ તૈયાર કર્યો છે. ગુજરાતના ખાવરામાં પાકિસ્તાન બોર્ડર પાસે બનેલા આ પ્લાન્ટમાં સૌર ઉર્જા અને પવન ઉર્જામાંથી ગ્રીન એનર્જી જનરેટ કરવામાં આવશે. આ પ્લાન્ટના કદની વાત કરીએ તો, અદાણીનો આ પ્લાન્ટ લગભગ ૫૩૮ ચોરસ કિલોમીટરમાં ફેલાયેલો છે, જે પેરિસના કદ કરતાં




લગભગ ૫ ગણો છે. પેરિસ ૧૦૫.૪ ચોરસ કિલોમીટરમાં ફેલાયેલું છે.

ભારતના બીજા સૌથી ધનિક વ્યક્તિ ગૌતમ અદાણી તેમના પ્રોજેક્ટના સંબંધમાં વર્ષ ૨૦૨૨માં પહેલીવાર ગુજરાતના ખાવડા આવ્યા હતા, ત્યારે આ સ્થળ જોયા પછી આ પછી, તેમના જૂથ અદાણી જૂથે આ ઉજ્જડ જમીન પર માત્ર સોલાર પેનલ્સ જ લગાવી નથી, જે સૂર્યના કિરણોને વીજળીમાં રૂપાંતરિત કરશે, પરંતુ ખારા પાણીને પંપ કરવા માટે મિલો, મજૂર વસાહતો અને ડિસેલિનેશન પ્લાન્ટ પણ સ્થાપિત કર્યા છે.

રિપોર્ટ અનુસાર, હાલમાં આ પ્લાન્ટની ક્ષમતા ૨૦૦૦ મેગા વોટ અથવા ૨ ગીગા વોટ વીજળીનું ઉત્પાદન કરવાની છે. અદાણી ગ્રીન એનર્જીના મેનેજિંગ ડિરેક્ટર વિનીત જૈનના જણાવ્યા અનુસાર, કંપની નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં જ તેને ૪ ગીગા વોટ સુધી લઈ જવાની યોજના ધરાવે છે. જ્યારે ગૌતમ અદાણીનો આ પ્લાન્ટ સંપૂર્ણ રીતે તૈયાર થઈ જશે અને સંપૂર્ણ ક્ષમતાથી કામ કરશે, ત્યારે તે ૩૦ ગીગા વોટ સ્વચ્છ વીજળીનું ઉત્પાદન કરશે. જેમાંથી ૨૬ ગીગા વોટ સોલારમાંથી અને ૪ ગીગા વોટ પવન ઉર્જામાંથી ઉત્પન્ન થશે. કંપનીનું કહેવું છે કે ખાવરા પ્લાન્ટ તેની ટોચ પર ૮૧ અબજ યુનિટ વીજળીનું ઉત્પાદન કરશે, જે બેલ્જિયમ, ચિલી અને સ્વિટ્ઝર્લેન્ડ જેવા દેશોના સમગ્ર વપરાશ કરતાં વધુ છે.

દેશની સૌથી મોટી રિન્યુએબલ એનર્જી કંપની અદાણી ગ્રીન એનર્જી ખાવરામાં સ્વચ્છ વીજ ઉત્પાદન માટે આશરે રૂ. ૧.૫ લાખ કરોડનું રોકાણ કરી રહી છે. અદાણી ગ્રૂપ ૨૦૭૦ સુધીમાં નેટ-શૂન્ય કાર્બન ઉત્સર્જન હાંસલ કરવાની વ્યાપક યોજનાના ભાગરૂપે આ પ્રોજેક્ટને જોઈ રહ્યું છે. છેલ્લી માનવ વસાહત જ્યાં આ છર્ઈન પ્લાન્ટ છે ત્યાંથી ૮૦ કિલોમીટરના અંતરે છે. આવી સ્થિતિમાં, અદાણી જૂથ લગભગ ૮૦૦૦ કર્મચારીઓ માટે કોલોની અને અન્ય મૂળભૂત સુવિધાઓ તૈયાર કરવામાં વ્યસ્ત છે. કામદારોને પીવાનું પાણી અને અન્ય પાયાની સુવિધાઓ પૂરી પાડવાની સાથે કંપની મોબાઈલ ફોન રિપેરિંગ શોપ જેવી સેવાઓ પણ પૂરી પાડવાની તૈયારી કરી રહી છે.

અદાણી ગ્રૂપના ચેરમેન ગૌતમ અદાણી વિશ્વના ટોચના અબજોપતિઓની યાદીમાં સામેલ છે અને બ્લૂમબર્ગ બિલિયોનેર્સ ઈન્ડેક્સ અનુસાર તેમની કુલ સંપત્તિ ૧૦૪ અબજ ડોલર છે. આ સંપત્તિના આંકડા સાથે તેઓ વિશ્વના ૧૪મા સૌથી અમીર વ્યક્તિ છે. આ વર્ષની શરૂઆતથી ૨૦૨૪ સુધી તેમની સંપત્તિમાં ૧૯.૨ અબજ ડોલરનો વધારો થયો છે.

સૌરાષ્ટ્ર આજતક

# ચીન સામેનું આર્થિક યુદ્ધ સરળ નથી

જર્મન ચાન્સેલર ઓલાફ સ્કોલ્ટ્ઝ આ સપ્તાહના અંતમાં ચીનની મુલાકાતે જવાના છે. તેનો સૌથી મોટો પડકાર પશ્ચિમી દેશોના વધુને વધુ કઠોર અવાજોના યુગમાં જર્મનીના સૌથી મોટા વેપાર ભાગીદાર સાથે સંતુલિત વાટાઘાટો જાળવવાનો રહેશે. અમેરિકા જાપાન ભારત સહિતના દેશો ચીનની વિસ્તારવાદી નીતિ સામે એક થઈ રહ્યા છે. છતાં પણ ચીનને પહોંચી વળવું સરળ નથી વિસ્તારવાદી ચીને એકસાથે દુનિયાના અનેક દેશો સામે મોરચો માંડ્યો છે. બીજું વિશ્વયુદ્ધ જર્મનીના વિસ્તારવાદમાંથી ઊભું થયું હતું અને તેના મૂળમાં હિટલર હતો. ચીનના આજના વિસ્તારવાદના મૂળમાં તેના આજીવન પ્રમુખ થઈ બેઠેલા પ્રમુખ શી જિનપીંગ છે. ચીને લદાખ મોરચે લશ્કરી કાર્યવાહી કરીને પોતાની સરહદ વિસ્તારવાની પ્રવૃત્તિ હાથ ધરી છે. આમાં ભારતના ૨૦ સૈનિકોની કરવામાં આવેલી હત્યાથી દેશમાં ચીન સામે ભારે આક્રોશ સર્જાયો હતો.એ સૂચક છે કે આ આક્રોશ આર્થિક મોરચા તરફ વળી ગયો છે. પાકિસ્તાન દ્વારા કરવામાં આવેલી આ પ્રકારની હરકતમાં એકની સામે દસ માથાંની માગણી કરનારા રાષ્ટ્રવાદીઓ ચીન સામે એવાં જ પગલાંની માગણી કરવાના વિકલ્પે ચીનનાં માલના બહિષ્કારની માગણી કરી રહ્યા છે. આમાંથી ચીનની આર્થિક તાકાત અને ભારત ચીન વચ્ચેના આર્થિક સંબંધો ચર્ચાનો વિષય બન્યા છે.મુદ્દો એ છે કે જેમ લશ્કર દ્વારા યુદ્ધ કરવાનું સરળ નથી, તેમ આર્થિક મોરચે પણ યુદ્ધ છેડવાનું સરળ નથી. તેની પણ દેશમાં કોઈક વર્ગોએ કિંમત ચૂકવવી પડે છે. તેથી અત્યારે તો 'ડિજિટલ સ્ટ્રાઇક' અને ચીનની કંપનીઓને અપાયેલા કેટલાક કોન્ટ્રેક્ટ રદ કરીને સંતોષ માનવો પડ્યો છે.'ડિજિટલ સ્ટ્રાઇક' કરીને ચીનની ૫૯ એપ પર દેશમાં પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. જોકે આ પ્રતિબંધ દેશની સલામતી માટે મૂકવામાં આવ્યો છે એવું કારણ રજૂ કરવામાં આવ્યું છે. મુદ્દો એ છે કે ચીનની આક્રમક નીતિનો સામનો કેવી રીતે કરવો તે અંગે સરકાર હજી સ્પષ્ટ થઈ શકી નથી.

પ્રથમ ચીનની આર્થિક તાકાતનો પરિચય મેળવીએ. કુલ જીડીપીના (ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડક્ટ/કુલ ઘરેલુ ઉત્પાદન) આધારે માપતાં ચીન આજે દુનિયાની બીજા નંબરની મહાસત્તા છે. તેની કુલ જીડીપી વર્ષ ૨૦૧૮માં ૧૪ લાખ કરોડ ડોલર હતી. તેની તુલનામાં ભારતની કુલ જીડીપી ત્રણ લાખ કરોડ ડોલરની હતી. એ વધારીને ત્રણ વર્ષમાં પાંચ લાખ કરોડ ડોલરની કરવાનો લક્ષ્યાંક વડાપ્રધાને આપ્યો હતો. હવે જોકે એ ભુલાઈ ગયો છે અને તેનું સ્થાન આત્મનિર્ભર ભારતે લીધું છે.

દુનિયાની નિકાસોમાં ૧૪ ટકાના હિસ્સા સાથે ચીન પ્રથમ ક્રમે આવે છે અને આયાતોમાં ૧૦ ટકાના હિસ્સા સાથે તે બીજા ક્રમે આવે છે. આની સરખામણીમાં વિશ્વવેપારમાં ભારતનો હિસ્સો બે ટકા જેટલો છે. આમ વૈશ્વિક અર્થતંત્રમાં ચીન એક મહાસત્તા છે. વધારે અગત્યની બાબત એ છે કે આ સ્થાન તેમણે માત્ર ચાર દસકા જેવા ટૂંકા સમયગાળામાં હાંસલ કર્યું છે. જેની ગણના ૧૯૮૦ સુધી ભારતની જેમ એક ગરીબ દેશમાં થતી હતી તે આજે વિશ્વની એક મહાસત્તા બની ગયું છે. ચીની પ્રજા અને તેના શાસકોની ગતિશીલતા અને તેમની ધાર્યું નિશાન પાર પાડવાની વ્યવસ્થાશક્તિ આની પાછળ રહેલાં છે.

# સંગઠિત ખેડૂતો મૂલ્ય વૃદ્ધિથી વિકાસ સાધે

વિકાસ અને વિકલ્પ -ડૉ. નાનક ભટ્ટ

વર્ષ ૨૦૨૧-૨૨ માં કચ્છ જિલ્લાના માંડવી તાલુકાના ૨૦ ખેડૂતોએ સંકર ૪ જાતના કપાસનું વાવેતર કર્યું. કપાસની માવજત લેવામાં આ ખેડૂતોએ ઇંન્ટિગ્રેટેડ પેસ્ટ મેનેજમેન્ટની પદ્ધતિ અનુસાર ૫૦ ટકા સેન્દ્રિય ખાતર અને ૫૦ ટકા રાસાયણિક ખાતર અને દવાઓનો વિવેકપૂર્ણ ઉપયોગ કર્યો. આથી લાંબો તાંતણો ધરાવતા ૧૬,૦૦૦ કિલો કપાસનો ઉતારો મળ્યો. બજારભાવે કપાસિયા સાથેનું રૂ વેચી દેવામાં આવે તો ખેડૂતોને ૬ લાખની આવક થાય. પરંતુ કચ્છના આ ખેડૂતો કપાસમાંથી બીજ છૂટાં પાડીને ભૂજમાં જિનિંગ માટે લઈ ગયા. તે પછી મોરબી ખાતે મિલમાં યાર્ન, તાર તૈયાર કરાવી તે જ મિલમાં સફેદ રંગનાં ટી-શર્ટનું વિવિંગ કરાવ્યું. તેના પરિણામે ૨૦ ખેડૂતોના ૮૦૦ મણ કપાસમાંથી ૫૦૦૦ નંગ ટી-શર્ટ બન્યાં. આ ટી-શર્ટના નિર્માણમાં રાસાયણિક પ્રક્રિયાનો શક્ય તેટલો ઓછો ઉપયોગ થયો હતો. આથી તેને "સેમીઓર્ગેનિક'નું પ્રમાણપત્ર મળ્યું અને બેલ્જિયમ ખાતે ઓક્સફાર્મ દ્વારા એક ટી-શર્ટના રૂ.૧૧૦૦ લેખે ખરીદી કરાઈ. એટલું જ નહીં પણ કપાસમાં વેલ્યૂ એડિશનના કાર્યથી પ્રભાવિત થયેલ વિદેશી વ્યાપારીઓએ બીજાં ૨૫,૦૦૦ ટી-શર્ટનો ઓર્ડર આપ્યો.

ધરતીમાતાની ચાકરી કરનાર ગુજરાતનો ખેડૂત પેઢી દર પેઢીથી કપાસ ઉગાડે છે અને ગાંસડીઓ બાંધી વિદેશમાં નિકાસ કરે છે. એક જમાનામાં માંચેસ્ટર ઉદ્યોગ જેના પર નભતો તેવા આપણા કપાસના ખેડૂતોની શક્તિ જોઈ ગાંધીજીએ સ્વરાજની ચળવળ સાથે રેંટિયાની વાત ઘર સુધી પહોંચાડી, ગરીબ માણસને સ્વાવલંબી બનાવવા ખાદીના વસ્ત્રને પ્રતિષ્ઠા આપી. પરંતુ રેંટિયાને એક તકનીક તરીકે સ્વીકારનાર ગાંધીનું તત્ત્વ તેમના તંત્રવાહકોની સમજણથી પર રહી ગયું. આથી ખાદિવસ્ત્ર મૂલ્યવૃદ્ધિની પ્રવૃત્તિ બનવાના બદલે સરકારી સબસિડી આધારિત કાર્યક્રમ બની ગયો. એટલું જ નહીં પણ ગુજરાતના ગાંધી- સર્વોદય પરિવારમાં શિરમોર શ્રી મનુભાઈ પંચોલીએ તો કહેવું પડ્યું, "આજની ખાદી એ ગાંધીની વિધવા માત્ર છે."

કાળી મજૂરી કરી કુદરત સામે બાથ ભીડી કપાસ ઉગાડનાર ખેડૂતને એક મણ કપાસના રૂ.૧૮૦૦ થી રૂ.૨૦૦૦ મળે છે. તેમ માંડવીના આ ૨૦ ખેડૂતોને વ્યક્તિગત રીતે ૧.૬૦ લાખ મળ્યા હોત. પરંતુ માંડવી સ્થિત એફ.પી.ઓ દ્વારા આ કપાસને ધ્રાંગધ્રા ખાતે સજીવ ખેતી કપાસમાં જિનિંગ કરાવી યાર્નને નિટિંગ મશીન સુધી લઈ જવા માર્ગદર્શન મળ્યું. તેથી એક ખેડૂતને એકંદરે રૂ.૮૦,૦૦૦ની આવક મળી. એટલું જ નહીં પણ આગામી વર્ષ માટેના ટી-શર્ટના ઓડર્સ વધુ રુચિકારક બનાવવા ખેડૂતો ટી-શર્ટને વેજિટેબલ ડાયમાં રંગી તેના પર કચ્છના કારીગરોના ભરતકામ અને છાપકામના રંગો પૂરશે. પરિણામે ખેડૂતોનો કપાસ વધુ રોજગારલક્ષી અને સુવાસિત બનશે.

ગુજરાત રાજ્યે ફાર્મસ પ્રોડ્યુસ ઓર્ગેનાઇઝેશન યોજી ખેતીના માળખામાં આધુનિકીકરણ લાવવા પ્રયત્ન કર્યા. આથી આપણી પરંપરાગત ખેતીના સ્થાને નવાં ઓજારો, બિયારણો, ખાતર અને જંતુનાશક દવાઓ પ્રચલિત બન્યાં છે. ગુજરાતની કૃષિ યુનિવર્સિટીના સ્નાતકો અને વિદ્યાપીઠોના રુરલ સ્ટડીઝના અનુસ્નાતકો દ્વારા સંચાલિત ખેતસેવા કેન્દ્રોએ દૂર-દરારનાં ગામડાંઓમાં ખેતીની નવી પદ્ધતિ પ્રચલિત કરી છે. આથી ગુજરાતનું ખેત-ઉત્પાદન આપણી જરૂરિયાતો સાથે બરાબરીની હરોળમાં આવ્યું છે.

તેથી આગળ વધી માંડવી એફ.પી.ઓ.એ ખેડૂતોના મિત્ર બની પોતાની ત્રણ એકર જમીન ઉપર ખેડૂતોની મગફળીમાંથી સારી જાતના દાણા અલગ કરી તેને પરદેશ મોકલવાની સેવા આપી છે. ખેડૂતો પોતાના સિંગદાણામાંથી તેલ અને ખોળ કઢાવી પોતાની મહેનતનું અધિક મૂલ્ય મેળવી શકે તેવી સાધનસુવિધા આપી છે. "પ્રામાણિક ધંધો અને વાજબી નફો"ની કાર્યપદ્ધતિથી ચાલતા માંડવીના ખેડૂતમંડળે ખેડૂતોનાં જૂનાં-નવાં સાધનોની લેવેચની સેવા વિસ્તારી છે, પોતાનાં ૭ સેવા કેન્દ્રોથી આસપાસનાં ૩૦૦ ગામડાંઓને ખેતી આનુષંગિક સેવાઓથી આવરી લીધાં છે.

ખેત પેદાશમાં મૂલ્ય વર્ધનની ત્રીજી હકીકત જોઈએ તો હવામાં લહેરાતું હળવું સિલ્ક સ્ત્રીઓનું મન મોહી લે છે અને પુરુષોનું ખિસ્સું ખંખેરી લે છે. આ સિલ્કનાં વસ્ત્ર બહુ રૂપાળાં હોય છે. પરંતુ અન્ય સૌંદર્યપ્રસાધનો માફક સિલ્કની બનાવટ અત્યંત ક્રૂર હોય છે, જેની જાણ ભાગ્યે જ કોઈ ગ્રાહકને હશે. શેતૂરના પાનનો ખોરાક ખાઈ પોતાને ૯૦ દિવસ માટે કોશેટામાં બાંધી રાખનાર ઇયળ પછીથી ફૂલો માટે રંગબેરંગી પતંગિયું હવામાં મૂકે છે. અને આ પતંગિયું ફૂલોને ફળ સુધી પહોંચાડવામાં મદદ કરે છે. પરંતુ માણસ પોતાના સ્વાર્થ ખાતર આવા લાખો કોશેટાઓને ખદબદતા ગરમ પાણીમાં ઉકાળી રેશમનો તાંતણો છૂટો પાડી લે છે. અહીં કોશેટામાંથી સુંદર પતંગિયાની પ્રાકૃતિક સ્થિતિ તો અટકી જાય છે પણ કરોડો જીવની હત્યા પણ થાય છે.

આ સ્થિતિથી બચવા અમદાવાદ સ્થિત આઈ. આઈ. એમ.ના સહકારથી કચ્છનાં ખેડૂતોમાં એરંડાની ખેતી પ્રચલિત કરવામાં આવી છે. ખારા-ભાંભળા પાણીથી ઊછરતા ગુજરાત હાઇબ્રિડ એરંડા-૧ નામની વેરાઈટિવાળા આ દિવેલાને ઓછી માવજત આપવા છતાં તેમાં એરંડાનાં બીજનો માળ (લૂમખા) વધુ બેસે છે. તેના પાન ઉપર નભતી "બોબક્સ મોરી" નામની ઇયળથી અહિંસક સિલ્ક બની શકે છે. ઉપરાંત અડધા હોર્સ પાવરની મોટર કે ઓઈલ એન્જિન સાથે એક ચાફકટર ફિટ કરતાં તેનાં ડાળખાંના ભૂકામાંથી ઘરવપરાશ માટેનો કોલસો બનાવી શકાય છે. એરંડાના તેલનો ઉપયોગ છેક નાયલોન રેઝિનના નિર્માણ સુધી પહોંચ્યો છે. સજીવ ખેતી પદ્ધતિથી તૈયાર થતા એરંડા તેલના ભાવ પણ ઘણા ઊંચા રહે છે. એટલું જ નહીં પણ એરંડાનો ખોળ એક ઉત્તમ સેન્દ્રિય ખાતર હોઈ ખેડૂતો હોંશે હોંશે પોતાની જમીનને તેનું ઉત્પાદન પાછું આપી ઋણમુક્તિનો આનંદ લે છે અને નવી સિઝને વધુ ઉત્પાદનની આશા બાંધે છે.

ખેડૂતને ધરતીપુત્ર અને જગતનો તાત જેવા શિરપાવ આપ્યા પછી તેની કંગાળ હાલત સામું જોવાની કોઈને ફુરસદ નથી ત્યારે કપાસના પૂંભડાનું કુરતું બનાવનાર, તેમજ એરંડાના છોડ પર સિલ્કના કાપડ અને નાયલોન રેઝિનની શોભા આપનાર કચ્છી માડુઓને સલામ ખપે છે.

કચ્છની ખેતી નર્મદાનાં નીરની કાગડોળે રાહ જોઈ રહેલ છે. અને ગુજરાતની ૧૮ લાખ હેક્ટર જમીન ઉપર નર્મદાનાં પાણી વહેશે ત્યારે વર્ષે ૧૪૦૦ કરોડનું ખેત-ઉત્પાદન બજારમાં પગરવ કરશે. તે વેળાએ જેમ ડુંગળીના પાકની દશા થાય છે તેવી અનેક પાકોની બેહાલી થશે. "પાણીના પાપે ખેડૂતો અન્નની હોળી કરશે! તેવા માઠા દિવસો પણ મંડાશે." પરંતુ એવો સમય દેખાય તે પહેલાં દક્ષિણ ગુજરાતનાં ટમેટાં, સૌરાષ્ટ્રની ડુંગળી, ચીકુ, કેરી અને બોર જેવી ગુજરાતની ફળ પેદાશો તેમજ શાકભાજીના ઉત્પાદનને વિજ્ઞાન અને મધ્યમ કદની તકનીકનો સમન્વય સાંપડે તો ખેડૂતોની મહેનત સાર્થક થાય. અન્યાયમુક્ત, પ્રદૂષણમુક્ત, સ્વાવલંબી સમાજની રચના થાય. નાનાં ગામડાંઓ ભાંગી જતાં મટે અને સ્વસ્થસમાજની ગાંધીની કલ્પનાનો પાયો બંધાય. સૂતરના તાંતણે સ્વરાજની વાત લઈ ગુજરાત ગાંધીમેળાઓ યોજે છે ત્યારે શહેરી કલ્ચર દ્વારા વિકેન્દ્રિત ઉત્પાદનવ્યવસ્થા થકી ગાંધીવિચારનું દર્શન આપનાર એફ.પી.ઓ. જેવી વ્યવસ્થાઓને પણ હવે ગાંધીની સંસ્થા ગણવાનો સમય પાકી ગયો છે.

# પરમ શક્તિની અનુભૂતિનો અવસર એટલે ચૈત્રી નવરાત્રી

## વિશ્વમાં શક્તિ સર્વોપરી છે, શક્તિ થકી સહદેવ પૂજાય છે જો શક્તિન હોય તો માનવી સાવ નિર્બળ બની જાય, આ જગતમાં શક્તિમાન માનવી જ સુખી થઈ શકે, હેલ્થ વેલ્થ અને હેપીનેસનો આધાર શક્તિ છે અને આથી જ શક્તિની ઉપાસના દરેક માનવીએ કરવી આવશ્યક છે

સમયની ગતિ અનંત છે સમયની સાથે બધું ગતિશીલ છે ધરતી પર ગતિશીલ છે તે એક વર્ષમાં સૂર્યની ફરતી એક પ્રદિક્ષણા કરે છે તેમાં ચાર વખત એવો સમય આવે છે કે જ્યારે બ્રહ્માંડમાં શક્તિનો પ્રભાવ સવિશેષ હોય છે અને આથી જ વર્ષમાં ચાર વખત નવરાત્રી ઉજવવામાં આવે છે અને આથી જ વર્ષમાં ચાર વાર નવરાત્રીની ઉજવણી કરવામાં આવે છે. જેના નામ વસંત નવરાત્રી, અષાઢ નવરાત્રી, શરદ નવરાત્રી અને પુષ્ય નવરાત્રી છે. આમાં આસો મહિનામાં શરદ નવરાત્રીની ઉજવણી થાય છે અને વસંત કાળમાં વસંત નવરાત્રીની ઉજવણી થાય છે જેને ખૂબ જ મહત્વપૂર્ણ માનવામાં આવે છે.

ચૈત્રી (વસંત) નવરાત્રી: શક્તિ (માતૃદેવી)ના નવ સ્વરૂપોની રીતે નવ દિવસોમાં સમર્પિત થયેલો ઉત્સવ છે. આ તહેવાર વસંતઋતુ (માર્ચ-એપ્રિલ)માં ઉજવાય છે. તેને ચૈત્ર નવરાત્રા તરીકે પણ ઓળખવામાં આવે છે. આ નવ દિવસોના ઉત્સવને રામ નવરાત્રી તરીકે પણ ઓળખવામાં આવે છે.

ગુપ્ત (અષાઢ) નવરાત્રી: ગુપ્ત નવરાત્રી, જેને અષાઢ કે ગાયત્રી કે શાકંભરી નવરાત્રી પણ કહેવાય છે, જે અષાઢ (જૂન-જુલાઇ) મહિનામાં શક્તિ (માતૃદેવી)ના નવ સ્વરૂપોને નવ દિવસોમાં સમર્પિત કરીને ઉજવવામાં આવે છે. ગુપ્ત નવરાત્રીને અષાઢ શુક્લ પક્ષ (અષાઢ સુદ - અજવાળીયું) દરમ્યાન અનુસરવામાં આવે છે.

શરદ (આસો) નવરાત્રી: આ ખુબ જ મહત્વની નવરાત્રી છે. તેને સામાન્ય રીતે મહા નવરાત્રી કહેવાય છે અને તેની ઉજવણી આસો મહિનામાં થાય છે. તેને શરદ નવરાત્રી પણ કહેવાય છે, કારણકે તેની ઉજવણી શરદ ઋતુમાં અશ્વિન શુક્લ પક્ષ (આસો સુદ - અજવાળીયું) થાય છે.

પુષ્ય (પોષ) નવરાત્રી: પુષ્ય નવરાત્રી પોષ (ડિસેમ્બર-જાન્યુઆરી) મહિનામાં શક્તિ (માતૃદેવીઓ)ના નવ સ્વરૂપોને નવ દિવસોમાં સમર્પિત કરવામાં આવ્યા છે. પુષ્ય નવરાત્રી પોષ શુક્લ પક્ષ (પોષ સુદ - અજવાળીયું) દરમ્યાન ઉજવવામાં આવે છે.

માઘ નવરાત્રી: માઘ નવરાત્રીને ગુપ્ત નવરાત્રી પણ કહેવાય છે, મહા (જાન્યુઆરી-ફ્રેબ્રુઆરી) મહિનામાં શક્તિના નવ સ્વરૂપોને નવ દિવસોમાં સમર્પિત કરવામાં આવ્યા છે. માઘ નવરાત્રી માઘ શુક્લ પક્ષ (મહા સુદ - અજવાળીયું) દરમ્યાન કરાય છે.

વસંત નવરાત્રી

વસંત ઋતુ (ઉનાળાની શરૂઆત) (માર્ચ-એપ્રિલ) દરમિયાન આ ઉત્સવની ઉજવણી થાય છે. તેને ચૈત્ર કે ચૈત્રી નવરાત્રી પણ કહેવાય છે, કારણકે કે ચૈત્ર માસમાં આ ઉત્સવ આવે છે.

શરદ નવરાત્રી

અશ્વિન/આસો મહિનાના અજવાળીયા પક્ષમાં તેની શરૂઆત થાય છે. નવરાત્રી ઉત્સવની ઉજવણી સુદ પખવાડીયામાં પ્રતીપદાથી નવમી સુધી એમ કરવામાં આવે તેવું ધૌમ્ય-વકના કહેવામાં આવ્યું હતું. ૨૦૧૭ના વર્ષમાં નવરાત્રી ૨૦ સપ્ટેમ્બરથી શરૂ થશે અને ૨૯ સપ્ટેમ્બર ૨૦૧૭ના રોજ પૂરી થશે.

ચૈત્ર નવરાત્રીનો ગઈકાલે પ્રથમ દિવસ હતો. આ દિવસ માતા શૈલપુત્રીને સમર્પિત માનવામાં આવે છે. ધાર્મિક માન્યતાઓ અનુસાર નવરાત્રિના પહેલા દિવસે માતા શૈલપુત્રીની પૂજા કરવાથી જીવનમાં સુખ-સમૃદ્ધિ આવે છે અને માતાના આશીર્વાદથી વ્યક્તિને વિવિધ મુશ્કેલીઓમાંથી મુક્તિ મળે છે.

આસપાસ ચોપાસ — સુરેશ ભટ્ટ

ચૈત્ર નવરાત્રીની શરૂઆત થઇ ગઈ છે. ધાર્મિક માન્યતાઓ અનુસાર, નવરાત્રી દરમિયાન માતા દુર્ગાના ૯ સ્વરૂપોની પૂજા કરવાનું વિધાન છે. કહેવામાં આવે છે કે નવરાત્રીમાં માતા દુર્ગાપોતાના ભક્તો વચ્ચે રહે છે અને માતા રાણીને પ્રસન્ન કરવા માટે ભક્તો ઘણા પ્રકારના ઉપાય કરે છે. જો તમે પણ માતારાણીને પ્રસન્ન કરવા માંગો છો અને રાહુ, કેતુ સાથે શનિથી પરેશાન છો તો આ ખબર તમારા માટે મહત્વપૂર્ણ છે. વાસ્તવમાં આજે અમે જણાવશું કે જો તમે રાહુ, કેતુ અને શનિથી પરેશાન છો અને એનાથી મુક્તિ મેળવવા માંગો છો તો ચૈત્ર નવરાત્રીમાં જ્યોતિષ શાસ્ત્ર દ્વારા જણાવવામાં આવેલા કેટલાક ઉપાય કરી મુક્તિ મેળવી શકો છો.

આ ચૈત્ર નવરાત્રીમાં તંત્ર-મંત્ર, જપ તપ અને ઉપાય કરવાનું વિધાન છે. જે પણ ભક્ત રાહુ કેતુ અથવા શનિની પરેશાન છે એમણે આ નવરાત્રીમાં કેટલાક ઉપાય કરવા જોઈએ. જો તમે પણ નવરાત્રીમાં જીવનમાંથી દરેક મુશ્કેલીઓથી છુટકારો મેળવવા માંગો છો, તો નવરાત્રીમાં જરૂર કરો આ ઉપાયપ

ચૈત્ર નવરાત્રી દરમિયાન કેટલાક ખાસ ઉપાય કરવાથી રાહુ અને કેતુને શાંત કરી શકાય છે. રાહુ અને કેતુને શાંત કરવા માટે નવરાત્રીના ૯ દિવસ સુધી બ્રહ્મ મુહૂર્તમાં જાગીને સ્નાન કર્યા પછી હનુમાન ચાલીસાનો પાઠ કરવો જોઈએ. આમ કરવાથી જીવનમાં સ્થિરતા પ્રાપ્ત થાય છે.

આ સિવાય જો તમે નવરાત્રીના ૯ દિવસ સુધી શ્રી દુર્ગા સપ્તશતીનો પાઠ કરશો તો તમને રાહુ અને કેતુથી મુક્તિ મળશે.

રાહુ, કેતુ અને શનિના ખરાબ પ્રભાવથી બચવા માટે નવરાત્રીના નવ દિવસ સુધી ભગવાન શિવને લવિંગ અર્પણ કરવા જોઈએ. આમ કરવાથી આર્થિક સમસ્યાઓથી રાહત મળે છે અને રાહુ અને કેતુની સાથે શનિની ખરાબ અસર પણ દૂર થઈ જાય છે.

તમારે નવરાત્રીના ૯ દિવસ તમારી ક્ષમતા મુજબ ગરીબ અને જરૂરિયાતમંદ લોકોને મદદ કરવી જોઈએ. એવું કહેવાય છે કે આવું કરવાથી શનિદેવની વિશેષ કૃપા પ્રાપ્ત થાય છે.

ચૈત્રી પ્રતિપદાથી નોમ સુધી અથવા આસો માસની પ્રતિપદાથી નોમ સુધીના નવ દિવસ; નોરતાં. આ દિવસોએ હિંદુ લોકો નવ દુર્ગાનું વ્રત, ઘટસ્થાપન તથા પૂજન વગેરે કરે છે. હિંદુઓ નવરાત્રને પહેલે દિવસે ઘટસ્થાપન કરે છે અને દેવીનું આવાહન તથા પૂજન કરે છે. આ પૂજન નવ દિવસ સુધી ચાલે છે. નવમે દિવસે ભગવતીનું વિસર્જન થાય છે.

વર્ષમાં એક વખત આબોહવામાં વસંત અને પાનખર જેવા બે મહત્વના સંગમોની શરૂઆત થાય છે અને સૂર્યનો પ્રભાવ પણ રહે છે. માતૃદેવીની પૂજા માટે આ બે સમયગાળાને એક પવિત્ર તક તરીકે ગણવામાં આવે છે. ચંદ્ર આધારીત પંચાંગ પ્રમાણે આ ઉત્સવની તારીખો નક્કી કરવામાં આવે છે. નવરાત્રી દેવી દુર્ગાના ઉત્સવનું પ્રતીક છે, જે દેવીને શક્તિ (ઊર્જા)ના સ્વરૂપે વ્યક્ત કરે છે. દશેરા એટલે કે 'દસ દિવસ' એ નવરાત્રી પછીનો દીવસ છે. નવરાત્રી ઉત્સવ કે નવ રાત્રીઓનો આ ઉત્સવ હવે તેના છેલ્લા દિવસને જોડીને દસ દિવસનો ઉત્સવ બની ગયો છે, જેને વિજયાદશમી કહેવાય છે, જે આ ઉત્સવનો અંતિમ દિવસ છે, આ દસ દિવસોમાં, માતા મહિષાસુર-મર્દીની (દુર્ગા)ના વિવિધ રૂપોનું ઉત્સાહ અને ભક્તિથી પૂજન કરવામાં આવે છે.

# ચૂંટણીની મોસમમાં હેલિકોપ્ટરની માંગ વધી

## દેશભરમાં લગભગ ૨૦૦ હેલિકોપ્ટર છે, એક કલાકનો ચાર્જ ૫ લાખ



નવીદિલ્હી

ચૂંટણીની મોસમ દરેક માટે નફા-નુકસાનનો સોદો હોય છે. ખાસ કરીને હેલિકોપ્ટર સેવાઓ આપનારાઓ માટે આ નફાકારક સમય છે. દેશભરમાં લગભગ ૨૦૦ હેલિકોપ્ટર છે. સરકારી અને અર્ધ-સરકારી વિભાગોને છોડીને, ખાનગી ક્ષેત્ર પાસે લગભગ ૧૬૦ હેલિકોપ્ટર છે. તેમાંથી લગભગ ૧૦૦નો ઉપયોગ વિવિધ નેતાઓ અને રાજકીય પક્ષો લોકસભા ચૂંટણીમાં તેમના પ્રચારમાં કરી રહ્યા છે. મોદી સરકારના તમામ મંત્રીઓ અને વિપક્ષના મોટા નેતાઓ ચૂંટણી પ્રચારમાં હેલિકોપ્ટરનો ઉપયોગ કરી રહ્યા છે.

ચૂંટણી દરમિયાન હેલિકોપ્ટરનું ભાડું ૫ લાખ રૂપિયા પ્રતિ કલાક સુધી પહોંચે છે.

હેલિકોપ્ટરનું સામાન્ય ભાડું ૧.૫ થી ૨.૫ લાખ રૂપિયા પ્રતિ કલાક છે. ચાર્ટર્ડ પ્લેન અને હેલિકોપ્ટર સેવાઓ પૂરી પાડતી કંપનીઓ અનુસાર આ લોકસભા ચૂંટણીમાં બુકિંગ વધી રહ્યું છે. સૌથી વધુ બુકિંગ રાજકીય પક્ષો દ્વારા કરવામાં આવ્યું છે. કેટલીક કંપનીઓ અને ખાનગી લોકો દ્વારા બુકિંગ પણ કરવામાં આવ્યું છે. તેમાંથી કેટલાક લોકસભાના ઉમેદવારો પણ છે. ભાજપ, કોંગ્રેસ અને અન્ય પક્ષોએ હજુ સુધી તેમના તમામ ઉમેદવારો જાહેર કર્યા નથી અને તમામ ચાર્ટર્ડ પ્લેન અને હેલિકોપ્ટરનું એડવાન્સ બુકિંગ ભરાઈ ગયું છે.

ભારતીય ચૂંટણી પંચ પણ લોકસભા ચૂંટણી દરમિયાન ચાર્ટર્ડ પ્લેન અને હેલિકોપ્ટરના ઉપયોગને લઈને એલર્ટ પર છે. આ માટે ચૂંટણી પંચે તમામ એરપોર્ટ, એરલાઈન્સ અને ઉડ્ડયન ક્ષેત્ર સાથે સંબંધિત વિભાગોને માર્ગદર્શિકા આપી છે, જેનો હેતુ ચૂંટણી દરમિયાન ચાર્ટર્ડ પ્લેન અને હેલિકોપ્ટર દ્વારા નાણાંની આપ-લે સહિત અન્ય પ્રકારના દુરુપયોગને રોકવાનો છે.

# સૂર્યમંડળની બહાર ગુરૂ જેવા વિરાટ નવા ગ્રહની શોધ

## ૭૬૨ પ્રકાશવર્ષ દુર નવા ગ્રહનું તાપમાન ૨૨૬ ડીગ્રી



નવીદિલ્હી

અવકાશ વિજ્ઞાનીઓએ સૂર્યમંડળની બહાર એક થવા ગ્રહની શોધ કરી છે અને તેનો આકાર તથા વજન સૂર્યમંડળના સૌથી મોટા ગ્રહ ગુરૂ જેટલુ છે. ટીએઆઈ ૪૮૬૨બી (એનજીટીએસ-૩૦બી) નામ આપવામાં આવ્યું છે અને તે ધરતીથી ૭૬૨ પ્રકાશવર્ષ દુર છે. ગુરૂ ગ્રહનો આકાર એવડો વિરાટ છે કે તેમાં પૃથ્વી જેવડા ૧૩૦૦ ગ્રહ સમાઈ જાય તેમ છે.

આ નવા ગ્રહની શોધ ટ્રાન્ઝીટ એકસોપ્લેનેટ સર્વે સેટેલાઈટ (ટેસ)ની મદદથી થઈ હતી. આ ટેકનીકના આધારે ટ્રાન્ઝીટ પદ્ધતિથી નવા ગ્રહની શોધ કરવામાં આવે છે. કોઈ તારાની ચમક ઘટે તો પણ વૈજ્ઞાનિકો ઓળખ કરી લ્યે છે. આ નવો ગ્રહ પોતાના તારાની પરિક્રમા ૯૮.૩ દિવસમાં કરે છે અને ત્યાંનું મહતમ તાપમાન ૨૨૬ ડીગ્રી છે જે પૃથ્વી કરતા અનેકગણુ વધારે છે.

# બુલેટ ટ્રેનના પ્રોજેક્ટ સંબંધિત ટીમે જાપાનમાં લીધી સ્પેશિયલ તાલીમ

## બુલેટ ટ્રેનના કોરિડોરની કુલ લંબાઈ ૧૩૫.૪૫ કિલોમીટરની છે, આ લાઈન મહારાષ્ટ્રના શીલફાટાથી લઈને ગુજરાતના જારોલી ગામ સુધી પહોંચશે

મુંબઈ

મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન પ્રકલ્પનું કામને વેગ મળ્યો છે. બુલેટ ટ્રેન પ્રોજેકટના પેકેજ ત્રણ હેઠળ મહારાષ્ટ્રના પાલઘર અને થાણે જિલ્લામાં બુલેટ ટ્રેન માટે કોરિડોર નિર્માણ કરવાનું કામ શરૂ થયું છે. બુલેટ ટ્રેનના કોરિડોરની કુલ લંબાઈ ૧૩૫.૪૫ કિલોમીટરની છે, આ લાઈન મહારાષ્ટ્રના શીલફાટાથી લઈને ગુજરાતના જારોલી ગામ સુધી પહોંચશે.

બુલેટ ટ્રેનના પ્રોજેકટને ભારતમાં સફળ કરવા માટે આ પ્રોજેકટને એમડી સાથે એક ટીમે જાપાનની મુલાકાત લીધી હતી. આ દરમિયાન ટીમે ઓપરેશન કંટ્રોલ સેન્ટર, રોલિંગ સ્ટૉક ડેપો, સ્ટેશન વગેરેનું બુલેટ ટ્રેનને લગતી બાબતોનું પ્રશિક્ષણ લીધું હતું. મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન કોરિડોરમાં ૧૨૪.૨૭ કિલોમીટરના રોડ અને બ્રિજ પણ નિર્માણ કરવામાં આવવાના છે. થાણેથી પાલઘર વિસ્તારમાં ત્રણ સ્ટેશન નિર્માણ કરવામાં આવશે. આ વિસ્તારમાં થાણે, વિરાર અને બોઈસર આ માર્ગમાં ત્રણ નદી પણ આવેલી છે, જેને લીધે આ દરેક નદી પર બ્રિજ નિર્માણ કરવા માટે ૧૩૫ કિલોમીટરના માર્ગનું સર્વેક્ષણ પૂર્ણ થઈ ગયું છે.

# મને ઓલિમ્પિકમાં જવા દેવા નથી માંગતા ડોપિંગ ષડયંત્રનો ડર : વિનેશ ફોગાટ



નવીદિલ્હી

ભારતીય રેસલર વિનેશ ફોગાટ ફરી એકવાર ચર્ચામાં છે. વિનેશે આરોપ લગાવ્યો છે કે રેસલિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયાના પ્રમુખ સંજય સિંહ તેને કોઈપણ કિંમતે પેરિસ ઓલિમ્પિક ૨૦૨૪માં રમવાથી રોકવા માગે છે. વિનેશને તેની સામે ડોપિંગ ષડયંત્ર રચવાનો પણ ડર છે. વિનેશને ડર છે કે મેચ દરમિયાન તેને પાણીમાં કંઈક ભેળવીને પીવડાવવામાં આવશે. પેરિસ ઓલિમ્પિક ૨૬ જુલાઈથી ૧૧ ઓગસ્ટ સુધી રમાશે. ૨૯ વર્ષીય વિનેશ ફોગાટે ૨૦૧૯ અને ૨૦૨૨ વર્લ્ડ ચેમ્પિયનશિપ દરમિયાન ૫૩ કિગ્રામાં બ્રોન્ઝ મેડલ અને એશિયન ગેમ્સ (૨૦૧૮)માં ૫૦ કિગ્રામાં ગોલ્ડ મેડલ જીત્યો હતો. વિનેશ આવતા અઠવાડિયે કિર્ગિસ્તાનના બિશ્કેકમાં યોજાનારી એશિયન ક્વોલિફાઈંગ ટુર્નામેન્ટ દ્વારા ૫૦ કિગ્રા વજન વર્ગમાં ઓલિમ્પિક ક્વોટા હાંસલ કરવા માગે છે. ૫૦ ઉપરાંત, વિનેશે તાજેતરમાં પટિયાલામાં આયોજિત પસંદગી ટ્રાયલ દરમિયાન ૫૩ કિગ્રા વજન વર્ગમાં પણ ભાગ લીધો હતો. તે ૫૩ કિગ્રા વજન વર્ગની સેમિફાઈનલમાં હારી ગઈ હતી. પરંતુ ૫૦ કિગ્રા વજન વર્ગમાં જીતના કારણે વિનેશને એશિયન ઓલિમ્પિક ક્વોલિફાયર માટે એન્ટ્રી મળી હતી. તેણે ૫૦ કિલો વજન વર્ગની ફાઈનલમાં શિવાનીને હરાવી હતી.

વિનેશે એકસ પર એક લાંબી પોસ્ટમાં લખ્યું, 'બ્રિજ ભૂષણ અને તેના દ્વારા મૂકવામાં આવેલા ડમી સંજય સિંહ મને ઓલિમ્પિકમાં રમવાથી રોકવા માટે દરેક રીતે પ્રયાસ કરી રહ્યા છે. ટીમ સાથે નિયુક્ત કરાયેલા કોચ બ્રિજ ભૂષણ અને તેની ટીમના તમામ ફેવરિટ છે. તેથી એ વાતને નકારી શકાય નહીં કે તેણે મારા પાણીમાં કંઈક ભેળવીને મને મેચ દરમિયાન પીવડાવ્યું હતું.

# શાહરૂખ પોતે હેમાજીનું સેન્ડલ પોતાના હાથથી ઉપાડી પ્રેમથી તેમને એવોર્ડ ફંક્શનના સ્ટેજ પર લઈ ગયો



નવીદિલ્હી

તમે બોલિવૂડ ઈન્ડસ્ટ્રીમાં ઘણા લોકોને એવું કહેતા સાંભળ્યા હશે કે શાહરૂખ ખાન જેટલો નમ્ર અને સજ્જન કોઈ નથી. જ્યારે તે કોઈને મળે છે, ત્યારે તે પૂરા દિલથી અને ઉત્સાહથી મળે છે, એટલું જ નહીં, જો કોઈ શાહરૂખના ઘરે આવે છે, તો તે પોતે તેને રિસીવ કરવા અને વિદાય આપવા આવે છે. શાહરૂખ ખાનનો આ સ્વભાવ તેને બોલિવૂડ ઈન્ડસ્ટ્રીના અન્ય લોકો કરતા અલગ બનાવે છે. આવી સ્થિતિમાં, આજે અમે તમને શાહરૂખ ખાનનો એક એવો જ વીડિયો બતાવીએ છીએ જેમાં તેની જેન્ટલમેન ક્વોલિટી સ્પષ્ટ રીતે દેખાઈ રહી છે અને તેને જોઈને તમે પણ કહેશો કે તે માત્ર રીલ જ નહીં, તે રિયલ લાઈફ હીરો પણ છે. ઈન્સ્ટાગ્રામ પર પેજ પર શાહરૂખ ખાનનો એક થ્રોબેક વીડિયો શેર કરવામાં આવ્યો છે.

# યુક્રેનને ૫ લાખથી વધુ સૈનિકોની જરૂર : સંસદે ફરજિયાત લશ્કરી ભરતીનો વિવાદાસ્પદ કાયદો બનાવ્યો

કીવ,

૨ વર્ષથી વધુ સમયથી રશિયા સાથે યુદ્ધ લડી રહેલા યુક્રેનના હજારો સૈનિકો યુદ્ધના મેદાનમાં શહીદ થયા છે. આવી સ્થિતિમાં હથિયારોની સાથે યુક્રેનમાં સૈનિકોની પણ અછત છે. આવી સ્થિતિમાં, યુક્રેનની સંસદે ગુરુવારે સેનામાં નવા ભરતીની ફરજિયાત ભરતીની પદ્ધતિઓ નક્કી કરવા માટે એક વિવાદાસ્પદ કાયદાને મંજૂરી આપી છે. તેનો પ્રારંભિક મુસદ્દો કાયદો બનવામાં ઘણા મહિનાઓ સુધી વિલંબિત થયો હતો અને તેની જોગવાઈઓને હળવી કરવા માટે ઘણા સુધારા રજૂ કરવામાં આવ્યા હતા. સાંસદોએ પણ લાંબા



સમયથી આ કાયદા પ્રત્યે ઉદાસીન વલણ અપનાવ્યું હતું કારણ કે તે અપ્રિય હોવાની અપેક્ષા હતી.

રાષ્ટ્રપતિ વોલોડીમિર ઝેલેન્સકીએ ડિસેમ્બરમાં કહ્યું હતું કે કાયદો યુક્રેનની સૈન્યની વિનંતી પર લાવવામાં આવ્યો હતો, જે ૫૦૦,૦૦૦ થી વધુ સૈનિકોને એકત્ર કરવા માંગે છે. આ કાયદો ભૂતપૂર્વ આર્મી કમાન્ડર વેલેરી ઝાલુઝનીની વિનંતી પર તૈયાર કરવામાં આવ્યો છે, જેમને કહ્યું હતું કે સેનાના વિવિધ રેક્રને મજબૂત કરવા માટે ૫,૦૦,૦૦૦ નવી ભરતીની જરૂર છે. યુક્રેન વિરુદ્ધ રશિયાના હુમલા બાદ દેશમાં આગળની લાઈનો પર સૈનિકોની અછત છે. યુક્રેનિયનોએ નવા કાયદાના ડ્રાફ્ટમાં વધુ રસ દાખવ્યો ન હતો. તાજેતરના અઠવાડિયામાં રશિયન હુમલાઓ દ્વારા યુક્રેનનું ઉર્જા ઈન્ફ્રાસ્ટ્રક્ચર બરબાદ થયું હોવાથી કાયદો પસાર થયો છે.

# હોલીવુડની શ્રાપિત ફિલ્મ, છતાં ફિલ્મ જોઈ લોકોના થયા મોત

## આ શ્રાપિત ફિલ્મ, કયારેય સિનેમાઘરોમાં રિલીઝ ના થઈ

મુંબઈ,

હોલીવુડમાં હોરરથી લઈને એક્શન અને લગભગ દરેક શૈલીમાં જબરદસ્ત ફિલ્મો બની છે. આવી જ એક ફિલ્મ હતી 'એન્ટ્રમ'. આ ફિલ્મને હોલીવુડની શાપિત ફિલ્મ માનવામાં આવે છે. આ જોઈને ઘણા લોકો મૃત્યુ પામ્યા. આજે પણ આ જોઈને લોકો ભયથી ભરાઈ જાય છે. ચાલો તમને તેના વિશે બધું જણાવીએ. કેનેડિયન હોરર ફિલ્મ 'એન્ટ્રમ'ને અત્યાર સુધીની સૌથી ઘાતક ફિલ્મ માનવામાં આવે છે. 'એન્ટ્રમ'માં વાર્તા અને ચિત્ર બંને ડરામણા બતાવવામાં આવ્યા છે.

ફિલ્મ 'એન્ટ્રમ' કથિત રીતે શાપિત છે, જેના કારણે અનેક લોકોના મોત થયા છે. 'એન્ટ્રમ' એક મિની-મોક્યુમેન્ટરીથી શરૂ થાય છે જે ફિલ્મમાં એન્ટ્રમ વિશે વાત કરે છે. તેમાં જંગલનું એક દ્રશ્ય દર્શાવવામાં આવ્યું છે જેમાં બે ભાઈ બહેન આસપાસ ફરે છે. માનવામાં આવે છે કે, 'એન્ટ્રમ' ૧૯૭૯માં અનેક ફિલ્મ ફેસ્ટિવલમાં રહસ્યમય રીતે દેખાયું હતું. તેને જોઈને ઘણા લોકો રહસ્યમય રીતે મૃત્યુ પામ્યા અને ત્યારથી તેને શ્રાપિત કહેવામાં આવે છે.

ફિલ્મના સંબંધમાં, લોકોએ શેતાનના ઈતિહાસ વિશે પણ ચર્ચા કરી છે, કારણ કે તે 'એન્ટ્રમઃ ધ ડેડલીસ્ટ ફિલ્મ એવર મેડ'માં મુખ્ય ભૂમિકા ભજવે છે. ફિલ્મના એક બિંદુ પછી, એન્ટ્રમ ફરીથી દેખાડવામાં આવે છે અને પ્રેક્ષકોને યાદ અપાવવા માટે ચેતવણી જારી કરવામાં આવે છે કે તેઓ તેમના પોતાના જોખમે ફિલ્મ જોઈ રહ્યા છે. એન્ટ્રમના ઈતિહાસને જોતાં, તે અત્યાર સુધીની સૌથી ઘાતક ફિલ્મ છે અને તેના કથિત શ્રાપને જોતાં, તેને જોનાર કોઈપણ દર્શક ભયંકર મૃત્યુનો ભોગ બની શકે છે.



# ૨૦ વર્ષ પછી સાથે જોવા મળ્યા ઈમરાન અને મલ્લિકા શેરાવત

મુંબઈ,

ડબલ ધમાલ, વેલકમ, હિસાસ અને ડર્ટી પોલિટિક્સ જેવી ફિલ્મોમાં જોવા મળેલી અભિનેત્રી મલ્લિકા શેરાવત ફિલ્મી દુનિયાથી દૂર છે. જોકે, તે સોશિયલ મીડિયા દ્વારા ચાહકોમાં લોકપ્રિય છે. પરંતુ તાજેતરમાં તે નિર્માતા આનંદ પંડિતની પુત્રીના લગ્નના રિસેપ્શનમાં જોવા મળી હતી. જ્યાં તે તેની સુપરહિટ ફિલ્મ મર્ડર સ્ટાર ઈમરાન હાશ્મી સાથે પોઝ આપતી જોવા મળી હતી. બંનેને એકસાથે જોઈને ચાહકોએ પણ કહ્યું કે, હવે નવી ફિલ્મ બનવી જોઈએ. સામે આવેલા ફોટોમાં ઈમરાન હાશ્મી સૂટ અને બૂટમાં જોઈ શકાય છે. મલ્લિકા શેરાવત સુંદર ગુલાબી રંગના ગાઉનમાં જોવા મળી રહી છે. બંને પાપારાઝી માટે એકબીજા સાથે પોઝ આપતા જોવા મળ્યા હતા.

આ વીડિયો જોઈને ચાહકોએ કોમેન્ટમાં ફાયર ઈમોજી શેર કર્યા છે. જ્યારે એક યુઝરે લખ્યું કે, બંનેએ પોતાની જાતને જાળવી રાખી છે. અન્ય યુઝરે લખ્યું, ભૂતકાળની ક્ષણો તાજી થઈ. ત્રીજા યુઝરે લખ્યું, ઘણા સમય પછી બને સાથે, ઓએમજી. ચોથા યુઝરે લખ્યું, બંને ખૂબ જ સુંદર લાગી રહ્યા છે. મલ્લિકા શેરાવત અને ઈમરાન હાશ્મીએ ૨૦૦૪માં આવેલી ફિલ્મ મર્ડર ૨માં લીડ તરીકે કામ કર્યું હતું. ફિલ્મના ભીગે હોથ તેરે, બારિશ કી વો બુંદે જેવા ગીતો ખૂબ લોકપ્રિય થયા હતા.

ફિલ્મનું બજેટ ૫ કરોડ રૂપિયા હતું અને ફિલ્મે લગભગ ૨૫ કરોડ રૂપિયાની કમાણી કરી હતી. આ ફિલ્મ પણ બોક્સ ઓફિસ પર સફળ સાબિત થઈ હતી.

# T-20 સીરીઝ શરૂ થઇ રહી હોવાથી કેટલાક વિદેશી ખેલાડીઓ અધવચ્ચે આઇપીએલ છોડશે

મુંબઈ,

આ દિવસોમાં આઈપીએલની ૧૭ મી સીઝન ચાલી રહી છે. અત્યાર સુધીમાં ૨૫ મેચ રમાઇ ચુકી છે ત્યારે ટી ૨૦ વર્લ્ડ કપની ૫ સીઝન પણ રમાનારી છે. એવામાં કેટલાક વિદેશી ખેલાડીઓ આઇપીએલને અધવચ્ચે છોડીને તેમની ટીમ સાથે જોડાય તેવી શક્યતા છે. હાલમાં આ બાબતે કોઇ જાણકારી સામે આવી નથી.

૧૮ એપ્રિલ થી ન્યુઝીલેન્ડ અને પાકિસ્તાન વચ્ચે ૫ મેચોની ટી ૨૦ સીરીઝ રમાશે. જેના કારણે ન્યુઝીલેન્ડ ટીમ પાકિસ્તાનનો પ્રવાસ કરશે. આ સીઝનની છેલ્લી મેચ ૨૭ એપ્રિલે રમાશે . આ પ્રવાસ દરમિયાન કોઇ ખેલાડી ઇજાગ્રસ્ત હશે તો આઇપીએલ રમી રહેલા કેટલાક ખેલાડીને ન્યુઝીલેન્ડ બોર્ડ પાકિસ્તાન મોકલી શકે શક્યતા છે. ન્યુઝીલેન્ડના કેન વિલિયમસન ગુજરાત ટાઇટન્સ ટીમના અને ડેરિલ મિશેલ, રચિન રવિન્દ્ર , મિશેલ સેંટર જે ચેન્નાઇ સુપર કિંગ્સનો હિસ્સો છે.

ઝિમ્બાવે અને બાંગ્લાદેશ વચ્ચે ૩ થી ૧૨ મે ની વચ્ચે ટી ૨૦ ઇંટરનેશનલ મેચો રમાશે. બાંગ્લાદેશના મુસ્તફિજુર રહમાન જે ચેન્નાઇ સુપર કિંગ્સનો હિસ્સો છે. તેના સિવાય ૧૦ થી ૧૪ મે ની વચ્ચે પાકિસ્તાન અને આર્યલેન્ડની વચ્ચે ૩ ટી ૨૦ આંતરરાષ્ટ્રીય મેચોની સીરીઝ રમાનારી છે. આર્યલેન્ડના જોશુઆ જટિલ જે ગુજરાત ટાઇટન્સનો હિસ્સો છે. જ્યારે પાકિસ્તાનના ખેલાડિઓને આઇપીએલમાં સ્થાન નથી મળતુ.

મે ના છેલ્લા દિવસોમાં બાંગ્લાદેશની ટીમ યુએસએનો પ્રવાસ કરશે. આ દરમિયાન બે ટીમો વચ્ચે ૨૧ થી ૨૫ મેની વચ્ચે ૩ ટી૨૦ ઈન્ટરનેશનલ મેચ રમશે. પાકિસ્તાન ક્રિકેટ ટીમ મે ના ત્રીજા સપ્તાહમાં ઈંગ્લેન્ડનો પ્રવાસ કરશે. આ દરમિયાન બે ટીમો વચ્ચે ૪ ટી ૨૦ ઈન્ટરનેશનલ રમાશે. ઈંગ્લેન્ડના જોસ બટલર (આરઆર), રીસ ટોપીલ (આરસીબી), વિસ જેક્સ (આરસીબી), લિયામ લિવિંગસ્ટોન (પીબીકેએસ) મોઇન અલી (સીએસકે) ફિલ સોલ્ટ (કેકેઆર) સેમ કરન (પીબીકેએસ)અને જોની બેયરસ્ટો (પીબીકેએસ) વગેરે ખેલાડીઓ આ આઇપીએલમાં રમી રહ્યા છે.

# જેલમાં બંધ ઈમરાન ખાન પર દર મહિને ૧૨ લાખનો ખર્ચ

ઈસ્લામાબાદ,

પાકિસ્તાનમાં રાવલપિંડીની અદિયાલા જેલમાં બંધ પૂર્વ વડાપ્રધાન ઈમરાન ખાનની સુરક્ષા પર દર મહિને ૧૨ લાખ રૂપિયાનો ખર્ચ થઈ રહ્યો છે. લાહોર હાઈકોર્ટમાં જેલ સત્તાવાળાઓ દ્વારા રજૂ કરવામાં આવેલા અહેવાલ મુજબ, ૭૧ વર્ષીય ખાનને જેલ પરિસરમાં વિશેષ સુવિધાઓ આપવામાં આવી છે. જેમાં પાંચ લાખના ખર્ચે અલગ સીસીટીવી સિસ્ટમનો સમાવેશ થાય છે. આ સિસ્ટમ સાત હજાર કેદીઓ પર નજર રાખતી સિસ્ટમથી અલગ છે.

ઈમરાન ખાનનું ભોજન આસિસ્ટન્ટ સુપરિન્ટેન્ડેન્ટની દેખરેખમાં અલગ રસોડામાં રાંધવામાં આવે છે. ભોજન પીરસવામાં આવે તે પહેલાં, તબીબી અધિકારી અથવા નાયબ અધિક્ષક ખોરાકની તપાસ કરે છે. 'હોલી ફેમિલી હોસ્પિટલ'ના છથી વધુ ડોકટરોની ટીમ પૂર્વ વડાપ્રધાનના સ્વાસ્થ્યની તપાસ અને સારવાર માટે ત્યાં હાજર છે. આ સિવાય એક નિષ્ણાત ટીમ નિયમિતપણે તેમની તપાસ કરે છે.

ઈમરાન ખાનની જેલમાં સાતમાંથી બે સ્પેશિયલ સેલ છે જ્યારે અન્ય પાંચ સેલ સુરક્ષાના કારણોસર બંધ રાખવામાં આવ્યા છે. આ સેલમાં લગભગ ૩૫ કેદીઓને રાખવામાં આવ્યા છે. ખાણ ચેમ્બરમાં પ્રવેશ મર્યાદિત છે; પ્રવેશ માટે પરવાનગી જરૂરી છે.

સૌરાષ્ટ્ર આજતક

# રાજકોટના શહેરી વિસ્તારોની વિવિધ શાળાઓમાં ચિત્ર સ્પર્ધા થકી મતદાન જાગૃતિ કાર્યક્રમો યોજાયા



રાજકોટ, લોકસભા ચુંટણી ૨૦૨૪ને અનુલક્ષીને સ્વીપ અંતર્ગત જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી પ્રભવ જોશી અને અધિક જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી એન.કે. મૂછારનાં માર્ગદર્શન હેઠળ વિવિધ આયોજનો દ્વારા વધુમાં વધુ નાગરિકો અચૂક મતદાન કરે તે માટે બહુઆયામી પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. આ ઉપક્રમે ૧૦ રાજકોટ સંસદીય મતવિસ્તારમાં સામેલ રાજકોટ શહેરની વિવિધ શાળાઓમાં ચિત્ર સ્પર્ધા તેમજ મતદાન જાગૃતિ કાર્યક્રમો યોજાયા હતાં.

માતૃમંદીર શાળા, સિસ્ટર નિવેદિતા સ્કૂલ, સેન્ટ મેરી સ્કૂલ, જી.ટી.શેઠ વિદ્યાલય, કોટેચા ગર્લ્સ હાઈસ્કુલ, ધોળકિયા સ્કૂલ વગેરે ખાતે યોજાયેલા આ વિધ-વિધ કાર્યક્રમોમાં લોકશાહીને જીવંત રાખવા મતદાનની આવશ્યકતા વિદ્યાર્થીઓને સમજાવવામાં આવી હતી. ચિત્ર સ્પર્ધા અંતર્ગત શાળાના બાળકોએ મતદાન અંગે જાગૃતિ ફેલાવતા સંદેશાઓની સપ્તરંગી અભિવ્યક્તિ કાગળ પર ચિત્રો દોરીને કરી હતી. સ્પર્ધામાં સારું પ્રદર્શન કરનાર બાળકોને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતાં. વધુમાં વિદ્યાર્થીઓ ૭ મેના રોજ મતદાન કરવા માટે પોતાના પરિજનોને પ્રેરિત કરે તેવી અપીલ કરવામાં આવી હતી. સ્વસ્થ લોકશાહી માટે દરેક નાગરિક પોતાની મતદાનની પવિત્ર ફરજ નિભાવે તે જરૂરી છે, જે સુનિશ્ચિત કરવા ભવિષ્યના મતદાતાઓને જાગ્રત કરવાના દુરંદેશી અભિગમથી ચૂંટણી પંચની પ્રેરણાથી શાળાના બાળકો માટે આવા મતદાન જાગૃતિ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે.

# રાજકોટ રીજીયોનલ સાયન્સ સેન્ટર ખાતે સોલાર સિસ્ટમ અંગે ખાસ ઓનલાઈન કોર્ષ : રજીસ્ટ્રેશન ફરજીયાત

રાજકોટ,ભારત સરકારના ઈસરો દ્વારા અવકાશવિજ્ઞાનમાં ખાસ રુચિ ધરાવતા લોકો માટે આપણા સુર્યમંડળ વિશે માહિતી આપતા 'એક્સજપ્લોરેશન ઓફ સોલાર સિસ્ટમ' નામના ઓનલાઈન કોર્ષની શરૂઆત કરવામાં આવનાર છે. આ કાર્યક્રમના સુચારુ આયોજન માટે ગુજરાત કાઉન્સીલ ઓન સાયન્સ એન્ડ્ ટેકનોલોજી, ગાંધીનગર કચેરીને મુખ્ય નોડલ સંસ્થા અને આ કચેરી હેઠળ કાર્યરત રીજીયોનલ સાયન્સ સેન્ટર રાજકોટને પેટા નોડલ સેન્ટર તરીકે નીમવામાં આવેલ છે. આ ઓનલાઈન કોર્ષમાં ભાગ લેવા માટે નિયત લીંક ઉપર તા. ૧૯ એપ્રિલ, ૨૦૨૪ સુધીમાં રજીસ્ટ્રેશન કરવાનું રહે છે.

આ કાર્યક્રમ તા.૨૪ એપ્રિલ ૨૦૨૪થી તા. ૧૦મે, ૨૦૨૪ સુધી યોજાશે. જેનો સમય બપોરે ૩.૦૦ કલાકથી સાંજના ૫.૩૦ કલાકનો રહેશે. આ કોર્ષમાં ઈસરોના વિવિધ વૈજ્ઞાનિકો અને તજજ્ઞો દ્વારા અંતરીક્ષ અને સુર્યમંડળ વિશે આશરે ૨૦ જેટલા ઓનલાઈન લેક્ચમર દ્વારા માહિતી આપવામાં આવનાર છે. આ કોર્ષમાં ભાગ લેવા ત્રણ કેટેગરી નિયત કરવામાં આવી છે. જેમાં પ્રથમ કેટેગરીમાં વિજ્ઞાન અને ટેકનોલોજી આધારિત કોર્ષ (ફીઝીક્સત, કેમેસ્ટ્રીમ, કોમ્પ્યુટર સાયન્સ, મીકેનીકલ, ઓટોમેશન, ઈલેક્ટ્રો નીક્સં એપ્લાઈડ મીકેનીક્સિ, રેડિયો ફીઝીક્સ અને અન્યે સંબંધિત વિષયો વગેરે.) માં માસ્ટેર ડીગ્રીમાં અભ્યાસ કરતા તેમજ આ વિષયોના ગ્રેજયુએશનમાં છેલ્લા વર્ષના વિદ્યાર્થીઓ પોતાનું રજીસ્ટ્રેશન કરાવી શકે છે. કોઈપણ કોલેજ પોતાને ત્યાં ચાલતા આગળ જણાવેલ કોર્ષના વિદ્યાર્થીઓને આ ઓનલાઈન કોર્સમાં રજીસ્ટ્રેશન કરાવી શકે છે.

આ કોર્ષમાં ભાગ લીધેલ તમામ ઉમેદવારો, શૈક્ષણિક સંસ્થાઓ અને તેના કો-ઓર્ડીનેટરશ્રીઓને ઈસરો તરફથી પાર્ટીસીપેશન સર્ટીફીકેટ મળશે તેમજ આ કોર્ષની પરીક્ષામાં ઉતીર્ણ થનાર વિદ્યાર્થીઓને ઈસરો તરફથી મેરીટ સર્ટીફિકેટ પણ મળશે. બીજી કેટેગરીમાં ઉપરોક્તં દર્શાવેલ કેટેગરીમાં ના હોઈ તેવા અન્યર વિદ્યાર્થીઓ કે કોઈ વ્યક્તિ ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવી શકે છે જે માટે તેઓને પાર્ટીસીપેશન સર્ટીફીકેટ મળવા પાત્ર છે. કેટગરી એક અને બે માટે ઓનલાઈન ઈ-ક્લાસમાં જોડાવાનું રહેશે ત્રીજી કેટેગરીમાં ઉપરોક્તી કેટેગરી સિવાયના કોઈપણ ઉમેદવાર ઈસરોના નિયત યુટયુ લીંક દ્વારા ઓનલાઈન ઈ-ક્લાસમાં જોડાઈ શકે છે. રજીસ્ટ્રેશનનું વેરીફીકેશન થયા બાદ ઉમેદવારોને તેઓના ઈ-મેઈલ આઈડી ઉપર ઈસરો દ્વારા લોગીન આઈડી અને પાસવર્ડ મોકલી આપવામાં આવશે જેના દ્વારા ઉપર્યુક્ત ઓનલાઈન કોર્ષમાં જોડાવાનું રહેશે. રીજીયોનલ સાયન્સ સેન્ટર - રાજકોટ ખાતે પણ આ કોર્ષના ઓનલાઈન સેશનની વ્યવસ્થા કરવામાં આવશે જે નિઃશુલ્ક? રહેશે. આ કોર્ષમાં રજીસ્ટ્રેશન માટે તેમજ અન્યી જરૂરી માહિતી માટે સંસ્થા ના ટેલીફોન નં. ૦૨૮૧-૨૯૯૨૦૨૫ અથવા મો. ૯૦૩૩૫ ૮૨૦૦૮ ઉપર અથવા રીજીયોનલ સાયન્સ સેન્ટર, ઈશ્વરિયા પાર્ક પાસે, માધાપર, જામનગર રોડ, રાજકોટ ખાતે સંપર્ક સાધવો.

# રાજકોટના હેમુ ગઢવી હોલમાં મતદાન જાગૃતિનો અનોખો પ્રયાસ



રાજકોટ, ગુજરાત રાજ્યમાં આગામી તા.૭મી મે-૨૦૨૪ના રોજ લોકસભાની સામાન્ય ચૂંટણી યોજાનાર છે ત્યારે દેશના મહાપર્વમાં પોતાનું યોગદાન આપવા મતદાન કરવું અનિવાર્ય છે. રાજકોટ સંસદીય મતવિસ્તારમાં સ્વીપ દ્વારા વિવિધ કાર્યક્રમો અને મતદાર જાગૃતિ સંદેશ માટે વિશિષ્ટ નવતર પહેલ હાથ ધરી લોકોને પ્રેરિત કરવામાં આવી રહ્યા છે.

આ અભિયાન અંતર્ગત ૬૯-રાજકોટ પશ્ચિમના હેમુ ગઢવી હોલ અને ૭૪-જેતપુર વિધાનસભા વિસ્તારના અમરાપર ગામ ખાતે નાટક-ભવાઈ એવા લોકકલાના માધ્યમથી મતદાર જાગૃતિ લાવવાનો અનોખો પ્રયાસ કરવામાં આવ્યો હતો. પરંપરાગત માધ્યમના કલાકારોએ મતદાન જાગૃતિનો સંદેશ પાઠવતી પ્રેરણાત્મક નાટક પ્રસ્તુત કરી નાગરિકોને મતદાન કરવા પ્રેરિત કર્યા હતા. મનોરંજન સાથે કલાકારોએ અવશ્ય મતદાન કરવા અને કરાવવા માટે તમામને હાકલ કરી હતી તથા બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહેલ નાગરિકોને મતદાન અવશ્ય કરવા શપથ લેવડાવ્યા હતાં.

# રાજકોટમાં ૨૧મીએ પૂ. સદ્ગુરૂ ભગવાનનો મહાસમાધિ દિવસ : સમુહપૂજન

રાજકોટ, પ.પૂ.શ્રી રણછોડદાસજીબાપુ આશ્રમ (શ્રી સદ્ગુરૂ સદન ટ્રસ્ટ) રાજકોટ દ્વારા પ.પૂ.શ્રી સદ્ગુરૂદેવ ભગવાનશ્રી મહાસમાધિ દિવસ તા. ૨૧ રવિવારના રોજ ધાર્મિક કાર્યક્રમ સાથે ઉજવવામાં આવનાર છે. જેમાં પ.પૂ. શ્રી સદ્ગુરૂદેવ ભગવાનશ્રીનું સવારે ૯ વાગ્યે ષોડષોપચાર સમૂહપૂજન કરવામાં આવનાર છે. આ સમૂહ પૂજનમાં ભાગ લેવા ઈચ્છતા સર્વધર્મપ્રેમી ભાઈ-બહેનો તથા ગુરૂભાઈ-બહેનોએ પોતાના નામ તા. ૧૯ શુક્રવાર સુધીમાં ડોનેશન વિભાગમાં નોંધાવી જવા વિનંતી કરાઈ છે. ધર્મપ્રેમીજનોએ લાભ લેવા અનુરોધ કરાયો છે

# રાજકોટ સ્વામિનારાયણ ગુરુકુળ ઈન્ટરનેશનલ સ્કૂલમાં "સ્ટુડન્ટસ લિડ કોન્ફરન્સ" યોજાઈ

રાજકોટ:રાજકોટના ઢેબર રોડ સ્થિત શ્રી સ્વામિનારાયણ ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે તાજેતરમાં ધોરણ ૦૧ થી ૦૫ ના વિદ્યાર્થીઓ માટે ચાર દિવસ ચાલનારી "સ્ટુડન્ટ લીડ કોન્ફરન્સ" નું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્ટુડન્ટ લીડ કોન્ફરન્સમાં એક થી પાંચ ધોરણના ૨૮૦થી વધારે બાળકોએ ખૂબ ઉત્સાહ સાથે ભાગ લીધો હતો. જેમાં તેઓએ વિવિધ વિષયો ઉપર ખૂબ ચોક્ક્સાઈપૂર્વક પ્રેઝન્ટેશન તૈયાર કરીને મંચ ઉપર પ્રસ્તુતી કરી હતી.

આ કોન્ફરન્સમાં ધોરણ એક થી પાંચના ભૂલકાઓને તેમની વય અનુસાર વિવિધ વિષયો જેવા કે વેધર, હેલ્ધી હેબિટ, એનિમલ બેબીઝ, કોમ્યુનિટી હેલ્પર્સ, સેલિબ્રેશન, વર્લ્ડ ટ્રાન્સપોર્ટેશન, એનિમલ્સ સ્ટડીઝ, સોલાર સિસ્ટમ, ડે ટાઈમ એન્ડ નાઈટ ટાઈમ, આર્ટ એન્ડ કલ્ચર, હેલ્થ એન્ડ ગ્લોબલ વોર્મિંગ, વેસ્ટ મેનેજમેન્ટ, કન્ઝર્વેશન ઓફ વોટર, ફેમસ લીડર, ઈતિહાસ, હિસ્ટોરિકલ મોન્યુમેન્ટ, એગ્રીકલ્ચર, ટેકનોલોજી જેવા અનેકવિધ વિષયો પસંદગી માટે આપવામાં આવ્યા હતા. બાળકોએ આપેલ વિષયોમાંથી પસંદ કરેલ વિષય ઉપર સંશોધન અને માહિતી એકત્ર કરી પ્રેઝન્ટેશન તૈયાર કર્યું હતું. આ પ્રેઝન્ટેશનને વધુ સારી રીતે રજુ કરવા ભુલકાઓએ પાત્ર અને વિષય અનુસાર વેશભુષા ધારણ કરીને આત્મવિશ્વાસ સાથે મંચ ઉપર પ્રસ્તુતી કરી હતી, જેમાં તેમના વાલીઓ અને શિક્ષકોએ ભારે જહેમત ઉઠાવી હતી. આ સ્પર્ધામાં ભાગ લેનાર અને શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર બાળકોને સર્ટિફિકેટ અને ઈનામો પ્રમાણપત્ર આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

# રાજકોટ કલેકટર સાથે ખર્ચ ઓબઝર્વરની બેઠક યોજાઈ : હેલ્પ લાઈન ડેસ્કનું નિરીક્ષણ

રાજકોટ, આગામી લોકસભા સામાન્ય ચુંટણી ૨૦૨૪ અન્વયે ઉમેદવારો દ્વારા કરવામાં આવેલા ખર્ચ પર દેખરેખ રાખવા માટે નિયુક્ત્ કરવામાં આવેલા ખર્ચ નિરીક્ષકશ્રી તેમજ આસિસ્ટાન્ટ એક્સપેન્ડીચર ઓબ્ઝર્વર્સની બેઠક કલેકટર કચેરી ખાતે યોજાઈ હતી.

જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી પ્રભવ જોશીએ ચુંટણી પંચ દ્વારા નિયુક્ત કરાયેલ એક્સપેન્ડીચર ઓબ્ઝર્વરશ્રી માધબચંદ્ર મિશ્રા નું પુષ્પગુચ્છ આપી સ્વાગત કર્યું હતું અને

૧૦-રાજકોટ સંસદીય મતવિસ્તુારની ભૌગોલિક માહિતી આપીને રાજકોટ લોકસભા બેઠકમાં સમાવિષ્ટ મોરબી અને પોરબંદર જિલ્લાના વિધાનસભા મતવિસ્તારો તથા તેમાં આવેલા મતદાન કેન્દ્રોની સંખ્યા અને મતદારોની સંખ્યા , જાતિત દર, થર્ડ જેન્ડર મતદારો વગેરે વિશે માહિતી આપી હતી.



એક્સ?પેન્ડી ચર ઓબ્ઝસર્વર શ્રી મિશ્રાએ ચૂંટણી ફરજો માટે નિયુક્તહ કરાયેલા વિવિધ સમિતિઓના નોડલ ઓફિસરો તેમજ ચુંટણી ફરજ સોંપાયેલ સ્ટીફ, તેમને અપાયેલ તાલીમો, ડી.પી.એ. એક્ટલ હેઠળ દૂર કરાયેલ પ્રચાર સામગ્રી, સિ- વિજીલ તેમજ હેલ્પ?લાઈન પર આવેલ આચારસંહિતા ભંગની ફરિયાદો અને તેના નિવારણ અર્થે કરાયેલી કામગીરી, સુવિધા એપ અંતર્ગત ઉમેદવાર તેમજ પક્ષને વિવિધ મંજૂરીઓ આપવાની કામગીરી, કાયદો અને વ્યગવસ્થાજની જાળવણી માટેની તૈયારી, સ્ટેમટિક સર્વેવલન્સગ ટીમની સંખ્યાઅ અને સ્થળો તથા જપ્ત થયેલ હથિયારો, દારૂ, નાર્કોટિક્સી સહિતના ગેરકાયદેસર સામાનની માહિતી, આવનાર સે.એ.પી.એફ. કંપનીઓ માટે તૈયાર કરાયેલ વિવિધ વ્યનવસ્થાા વગેરેની ઝીણવટભરી સમીક્ષા કરી હતી. અને તમામ વિધાનસભા મતવિસ્તાોમાં થઈ રહેલ ખર્ચ નિરીક્ષણની કામગીરીની સબંધિત મદદનીશ ખર્ચ નિરીક્ષકો પાસેથી માહિતી મેળવી જરૂરી સૂચનો કર્યા હતા.

આ બેઠકમાં ખર્ચના નોડલ ઓફિસર અને જિલ્લા વિકાસ અધિકારીશ્રી નવનાથ ગવ્હાણે, ડેપ્યુટી મ્યુનિ. કમિશનરશ્રી સ્વપ્નિલ ખરે, નિવાસી અધિક કલેકટરશ્રી ચેતન ગાંધી, અધિક કલેક્ટ ર શ્રી ઈલાબેન ચૌહાણ, ડી વાય.એસ પી. શ્રી એસ. એસ. રઘુવંશી, જિલ્લા ઉદ્યોગ કેન્દ્રના જનરલ મેનેજર શ્રી કે. વી. મોરી, સંબંધિત અન્ય નોડલ ઓફિસરશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

બેઠક બાદ એક્સપેન્ડીચર ઓબ્ઝર્વરશ્રી તેમજ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી અને અન્યુ અધિકારીશ્રીઓએ સિ-વીજીલ અને ૧૯૫૦ હેલ્પલાઈન ડેસ્ક તેમજ એમ.સી.એમ.સી. કંટ્રોલરૂમની મુલાકાત લીધી હતી. ઉલ્લેખનીય છે કે, લોકસભા સામાન્ય્ ચૂંટણી ૨૦૨૪માં સંભવિત ઉમેદવારો કે રાજકીય પક્ષો તરફથી ચૂંટણી સભા,રેલી વગેરેના આયોજન અનુસંધાને દરેક ઉમેદવાર ચૂંટણી આચાર સંહિતાનું પાલન કરે અને નિયત મર્યાદામાં ખર્ચ કરે તે સુનિ?તિ કરવા અને સમગ્ર ચૂંટણી પ્રક્રિયા ન્યાપયી વાતાવરણમાં યોજાય થાય તે હેતુથી ખર્ચ પર ચુંટણી તંત્ર દ્વારા દેખરેખ રાખવામાં આવે છે.

# રાજકોટ પુજા હોબી સેન્ટરર અને પોદાર જમ્બોટ કીડઝ દ્વારા વાર્ષિકોત્સવની ઉજવણી



રાજકોટ, પુજા હોબી સેન્ટાર અને પોદાર જમ્બો કીડઝ દ્વારા ૩૩ મો વાર્ષિકોત્સનવ હેમુગઢવી હોલ ખાતે યોજાયો હતો. જેમાં ૪૦૦ થી વધુ બાળકોએ ભાગ લઈ એક એકથી ચડીયાતી ૨૪ કૃતિઓ રજુ કરી હતી. મેયર શ્રીમતી નયનાબેન પેઢડીયા, અમદાવાદથી પ્રાગટ્ય ગ્રુપના દિવ્યેનિભાઈ રાયઠઠ્ઠા, રમાબેન હેરભા, બ્રહ્માકુમારીના કિંજલદીદી, પુજાદીદી, રત્નોબેન સેજપાલ, જશુબેન વસાણી, અશોકભાઈ ગાંધી, વિજયભાઈ કારીયા, મહેન્દ્ર ભાઈ ચાવડા, પ્રવિણભાઈ રાઠોડ વગેરેએ ઉપસ્થિઠત રહી બાળકોનો ઉત્સાબહ વધાર્યો હતો. આ તબકકે બેસ્ટ્ દાદા-દાદી, નાના-નાની, મમ્મીા-પપ્પાા, સ્કેટીંગ, ડાન્સીંદગ, જીમ્નાતસ્ટીદક, યોગા, ડ્રોઈંગ, હુલ્લાહુપમાં બેસ્ટિ બાળકોનું સન્માન કરવામાં આવ્યુહિતુ. ફેશન શો, મોડેલીંગ, વેસ્ટ્, ફિલ્મીદ, ફોકડાન્સ,, હિપહોપ, કહાની, ડાન્સં જેવુ કૃતિઓ રજુ થઈ હતી. બાન લેબ્સ પરિવાર તરફથી તમામ પાર્ટીસીપેટને આકર્ષક ગીફ અપાઈ હતી. વિજેતા બાળકોને ટ્રોફી દિવ્યેશભાઈ રાયઠઠ્ઠા તરફથી આપવામાં આવેલ. ઉપરાંત ડીએસએન એગ્રો ગ્રુપ, કલ્યોણ જવેલર્સ, હાઉઝેટ સ્પોઆર્ટસનો સહયોગ મળ્યોી હતો. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા કમીટી મેમ્બોરો દીપુદીદી, સોનલદીદી, મીનાદીદી, કિંજલદીદી, કાજલદીદી, દીયાદીદી, આકાંક્ષાદીદી, મહેકદીદી, ડો. પુજા રાઠોડ, સીમરનદીદી, વિધીદીદી, ધારાદીદી, આસ્થાકદીદી, ભાવનાદીદી, અલ્પાદીદી, નમ્રતાદીદી, નકુલ રાઠોડ, સુમિત સર, મિત સર, અજય સર, શ્રીમતી પુષ્પાબેન રાઠોડે જહેમત ઉઠાવી હતી.

# રાજકોટ સદગુરુ પરિવારનો ઉનાળાના દિવસોમાં વિનામૂલ્યે છાશ-ખીચડીનું વિતરણ

રાજકોટ, રાજકોટમાં સદગુરુ પરિવાર ટ્રસ્ટ દ્વારા પ્રતિ વર્ષ માફક ચાલુ વર્ષે પણ ઉનાળાની કાળજાળ ગરમીમાં દરેક સમાજના જરુરીયાતમંદ લોકોની વિના મૂલ્યે ૨૨૦૦ પરિવારોને રોજ અંદાજે ૧૮૦૦ લીટર છાશ અને બે કિલ્લો ખીચડી કુલ ૪૪૦૦ કિલોનું છાસ-ખીચડીનું વિતરણ તા.૧૪ને રવિવારથી ત્રણ માસ માટે કરવામાં આવ્યું છે તેમ સદગુરુ પરિવાર ટ્રસ્ટે જણાવેલ છે.

સદગુરુ છાસ-ખીચડી કેન્દ્ર તથા સદગુરુ જલસેવા કેન્દ્રના પ્રથમ તબકકાનું વિતરણ પ.પૂ.



મહામંડલેશ્ર્વર શ્રી હરિચરણદાસજી મહારાજના આશિર્વચન તથા પ.પૂ. જયરામદાસજી મહારાજના આશિર્વાદથી તા.૧૪ને રવિવારે સવારે ૯ વાગ્યે સદગુરુ ધામ, ૫-ગુંદાવાડી, કિશાન સાબુ સામેથી કરવામાં આવશે. સમગ્ર પ્રોજેક્ટ માટે શાંતુભાઈ રુપારેલીયા, રમેશ રાચ્છ, મુકેશ પાબારી, રાકેશ રાજદેવ, ભરત લાખાણી, હરીશ લાખાણી, રાજુ કાનાબાર, ધવલ ખખ્ખર, હસુભાઈ ચંદારાણા, ચંદુભાઈ રાઠોડ, નિખીલભાઈ રાઠોડ, ગોરાંગભાઈ ઠક્કર,અશ્વિનભાઈ મોરઝરીયા, વિજયસિંહ, રાવત ડાંગર, જોરુભા જોગડા વગેરેનું માર્ગદર્શન રહ્યું છે. છાસ વિતરણ તા.૧૪થી સવારે ૯ કલાકે ત્રણ મહિના સુધી ચંદુભાઈ પેઈન્ટર, ગુંદાવાડી-૫ ખાતેથી થશે.

# રાજકોટમાં ૮૦ વર્ષ જુના પૌરાણિક શ્રી નટેશ્વર મહાદેવ મંદિરનો જીર્ણોધ્ધાર: ભૂમિ પૂજન

રાજકોટ, રાજકોટમાં ૮૦ ફૂટ રોડ ઉપર શેઠ હાઈસ્કૂલ પાસે કોઠારીયા કોલોની પાસે આવેલા ૮૦ વર્ષ જુના પૌરાણિક એવા શ્રી નટેશ્વર મહાદેવ મંદિરમાં ભક્તજનોને વધુ સુવિધાઓ અને સગવડતા પ્રાપ્ત થાય અને મુખ્ય મહાદેવ મંદિર અને અન્ય મંદિર તેમજ સત્સંગ હોલ સહિત જીર્ણોધ્ધાર કરવા આ વિસ્તારના ભક્તજનો અને નાગરીકો કરવાનો સંકલ્પ કર્યો છે.

આ વિસ્તારના અગ્રણી શ્રી સુરુભા જાડેજા અને મનોજભાઈ મારુએ જણાયુ હતું કે આ ૮૦ વર્ષ જુના પૌરાણિક શ્રી નટેશ્વર મહાદેવ મંદિર નાગરીક અને ભક્તજનો ના આર્થિક સહયોગ થી શ્રી નટેશ્વર મહાદેવ મંદિર અને અન્ય સાત(૭) મંદિર જીર્ણોધ્ધાર કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

મુખ્ય મંદિર ૩૬ ફૂટ ઊંચું અને૨૦ ફૂટ પહોળાઈ સાથે આ મુખ્ય મંદિર સાથે અન્ય સાત(૭) મંદિર પણ સાથોસાથ નવસર્જન પામનાર છે.જેમાં શ્રી રામજી મંદિર; શ્રી રાધાકૃષ્ણ મંદિર;ખોડિયાર માતાનું મંદિર; શિતળામાતાનું મંદિર; આશાપુરા માતાનું મંદિર; મહાકાળી મંદિર અને હનુમાનજી નું મંદિર નિર્માણ થનાર છે. આ મંદિર નું ભવ્ય પ્રવેશદ્વાર પણ નિર્માણ થનાર છે.

આ મંદિરના જીર્ણોધ્ધારના કાર્યક્રમમાં ખાતમુહૂર્ત અને ભૂમિપૂજન રાજકોટના આર્ષ વિદ્યામંદિર મુંજકા રાજકોટના અધ્યક્ષ શ્રી પૂ. સ્વામી પરમાત્માનંદ સરસ્વતીજીના હસ્તે તા.૧૧/૪/૨૦૨૪ ના ગુરુવારે સવારે ૧૧-૦૦ વાગ્યે કરવામાં આવેલ હતું આ કાર્યક્રમમાં અતિથિવિશેષ તરીકે રાજ્યસભા ના સાંસદ શ્રી રામભાઈ મોકરીયા;ગુજરાત પ્રદેશ ભાજપના ઉપપ્રમુખ ડો. ભરતભાઈ બોધરા; ધારાસભ્યશ્રી રમેશભાઈ ટીલારા; રાજકોટ શહેર ભાજપના પ્રમુખ શ્રી મુકેશભાઈ દોશી સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહેલા હતા.

આ કાર્યક્રમને સફળ બનાવવા માટે શ્રી નટેશ્વર મહાદેવ મંદિરના ભક્તજનો સર્વશ્રી સુરુભા જાડેજા; મનોજભાઈ મારુ; ભરતસિંહ જાડેજા સહિત અનેક નામી અનામી ભક્તજનો જહેમત ઉઠાવી હતી.



# રાજકોટમાં મે માસમાં લોહાણા યુવક પ્રગતિ મંડળ દ્વારા યુવક-યુવતિ પરિચય મેળો

રાજકોટ, રાજકોટ લોહાણા મહાજન પ્રેરિત શ્રી લોહાણા યુવક પ્રગતિ મંડળ રાજકોટ દ્વારા રઘુવંશી સમાજના ગ્રેજયુએટ પોસ્ટહ ગ્રેજયુએટ યુવક-યુવતીઓ માટે ૧૨મો પરિચય પસંદગી મેળો તા. ૨૬ ના રવિવારે બપોરે ૨ થી સાંજના ૭ વાગ્યાગ સુધી હેમુ ગઢવી હોલ, ટાગોર માર્ગ ખાતે યોજેલ છે.

રાજકોટ લોહાણા મહાજનના પ્રમુખ રાજુભાઈ પોબારૂના અધ્યહક્ષ સ્થાાને યોજાયેલ આ સમારોહમાં રાજકોટ લોહાણા મહાજનના હોદેદારો, સૌરાષ્ટ્રપમાં વિનામુલ્યેસ મેરેજ બ્યુયરોની સેવા આપતા રઘુવંશી અગ્રણીઓ, રઘુવંશી સમાજની વિવિધ સંસ્થાદના હોદેદારો સંસ્થા?ના શુભેચ્છેકો, દાતા પરિવારજનો ઉપસ્થિરત રહેશે.

૧૨ માં પરિચય પસંદગી મેળામાં ભાગ લેવા માટેના ફોર્મ વિતરણ સંસ્થાકના કાર્યાલયેથી શરૂ કરી દેવામાં આવેલ છે. દિકરીઓ માટે આ પરિચય પસંદગી મેળો તદન ફ્રી વિનામુલ્યેથ છે. જયારે દિકરાઓએ ટોકન ફી ભરવાની રહેશે.પરિચય મેળો તા. ૨૬-૫-૨૦૨૪ ના રવિવારે બપોરે ૨ કલાકે શરૂ થશે તથા સાંજના ૭ કલાકે પૂર્ણ થશે. યુવક-યુવતિ સાથે તેના બે વાલીઓને એન્ટ્રી્ કાર્ડ પર પ્રવેશ આપવામાં આવશે. સાંજે ૭ કલાકે પુર્ણ થશે. યુવક-યુવતિ સાથે તેના બે વાલીઓને એન્ટ્રીન કાર્ડ પર પ્રવેશ આપવામાં આવશે. સાંજે ૭ કલાકે 'અલ્પાલહાર' તમામને આપવામાં આવશે.

૧૨મા પરિચય પસંદગી મેળાના ફોર્મ મેળવવા માટે લોહાણા યુવક પ્રગતિ મંડળ સાંગણવા ચોક લોહાણા મહાજનવાડી, બીલ્ડીં ગ, કોટક શેરી રાજકોટ સમય દરરોજ સાંજે ૭ થી ૯ તથા દર રવિવારે સવારે ૧૧ થી ૧ દરમ્યાાન ડોકયુમેન્ટં સાથે ફોર્મ ભરી શકાશે. પીડીએફ દ્વારા પણ ફોર્મ મળી શકાશે.વધુ વિગતો માટે સંસ્થા ના હોદેદારો યોગેશભાઈ જસાણી મો. ૯૪૨૬૨ ૧૬૭૯૪, ડો. નીતિનભાઈ રાડીયા, હિતેશભાઈ પોપટનો સંપર્ક કરવા જણાવાયું છે.

# રાજકોટમાં સફાઈ કામદારો માટે હેલ્થ ચેકઅપ-કાર્ડનો કેમ્પ યોજાયો

રાજકોટ, રાજકોટ મનપાની સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ શાખાના જુદા જુદા વોર્ડમાં સફાઈ કામદાર તરીકે ફરજ બજાવતા સફાઈ કામદારનાં હેલ્થ ચેકઅપ તથા પીએમજય કાર્ડ કાઢવા અંગેના દરેક વોર્ડ કક્ષાએ કેમ્પનું આયોજન કરાયું હતું.

વોર્ડ ૨અ, ૩અ, ૭અ, ૧૩અ, ૧૪અ, ૧૭અ, ૧, ૮અ, ૮અ, ૯અ, ૧૦અ, ૧૧અ, ૧૨અ, ૪અ, ૫અ, ૬અ, ૧૫અ, ૧૬અ, ૧૮અ ના વોર્ડને આવરી લેવાયા હતા. એસ.એસ.આઈ, એસ.આઈ, મેડીકલ ઓફીસર અને આરોગ્યનો સ્ટાફ હાજર રહી હેલ્થ ચેકઅપ અને પીએમજય કાર્ડ કામગીરી કરવામાં આવી.

# જામનગર નજીક સચાણા પાસે ગોઝારા અકસ્માતમાં ચાર પિતરાઈ ભાઈઓના મોતથી અરેરાટી

## કાર અને ટ્રક વચ્ચેના ભયંકર અકસ્માતમાં કારમાં બેઠેલા બે યુવાનોના મૃતદેહને જેસીબીની મદદ લઈ પતરા કાપી બહાર કાઢવા પડ્યા



તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : જામનગર નજીક જાંબુડા પાટીયા પાસેથી સચાણા ગામ તરફ જવાના માર્ગે ગઈકાલે સાંજના સમયે એક આઈટેન કાર અને ટ્રક ટેલર વચ્ચે ગોજારો અકસ્માત સર્જાયો હતો અને કારની અંદર બેઠેલા જામનગર અને પોરબંદરના ચાર યુવાનો પૈકી ત્રણ યુવાનોના અંતરિયાળ મૃત્યુ નિપજ્યા હતા, જ્યારે એક યુવાનને ગંભીર હાલતમાં સારવાર માટે જી.જી. હોસ્પિટલમાં અને ત્યારબાદ બધું સારવાર માટે અમદાવાદની હોસ્પિટલમાં ખસેડવામાં આવી રહ્યો હતો, જે દરમિયાન તેણે માર્ગમાં દમ તોડી દીધો હોવાથી આ અકસ્માતમાં મૃત્યુનો આંક ચારનો થયો છે. અકસ્માત એટલો ભયંકર હતો, કે જેસીબીની મદદથી ટ્રક ટ્રેલરને બહાર ખેંચ્યા પછી કારના પતરા કાપી અંદરથી મૃતદેહોને બહાર કાઢવા પડ્યા હતા. આ ગોઝારા અકસ્માતના બનાવની વિગત એવી છે કે જામનગરમાં સાંઢીયા પુલ નજીક મહાલક્ષ્મી બંગલો માં રહેતા સુભાષભાઈ કાળાભાઈ લીંબડના પુત્ર સાહિલ સુભાષભાઈ લીંબડ (૧૮), તેમજ ભાણેજ રોહિત ડાહ્યાભાઈ વાજા (૧૯) અને ભત્રીજા રાહુલ નીતિનભાઈ લીંબડ (૨૨), કે જેઓ બાલાચડીના દરિયે સ્નાન કરીને કારમાં બેસીને પરત આવતા હતા, અને પોરબંદરમાં રહેતો વિશાલ દીપકભાઈ સરવૈયા કે જે કાર ચલાવતો હતો. જે આઈટેન કાર તેનામિત્ર પાસેથી લઈને જામનગરથી બાલાચડી ગયા હતા, જ્યાં દરીયામાં સ્નાન કરીને તેઓ બપોર બાદ જામનગર પરત ફરી ફરી રહ્યા હતા જે દરમિયાન સચાણા ગામના પાટીયા ગોજારો અકસ્માત નડ્યો હતો. જામનગર નજીક જાંબુડાના પાટીયાથી સચાણા તરફ જવાના માર્ગે સાંજના સમયે પુરપાટ ઝડપે આવી રહેલા કચ્છના અનુ ટ્રાન્સપોર્ટ કંપનીની માલિકીના જી.જે. ૧૨ બી.વી. ૩૦૭૧ નંબરના ટ્રક ટ્રેલરના ચાલકે સામેથી આવી રહેલી જી.જે.૧૦ બી.આર. ૩૨૦૧ નંબરની આઈ-૧૦ કારને ઠોકર મારી દેતાં ગોજારો અકસ્માત સર્જાયો હતો, અને કારનું પડીકું વળી ગયું હતું. આ અકસ્માતના બનાવની જાણ થતાં સૌપ્રથમ ૧૦૮ ની ટુકડી ઘટના સ્થળે દોડી ગઈ હતી, જેઓએ સ્થાનિક લોકો તેમજ અન્ય વાહનચાલકો- રાહદારીઓ વગેરેની મદદથી કારની પાછળની સીટમાં બેઠેલા બે યુવાનોને બેશુદ્ધ હાલતમાં સારવાર માટે જામનગરની જી.જી. હોસ્પિટલમાં પહોંચાડયા હતા. જ્યાં એક યુવાનનો મૃતદેહજ હોસ્પિટલમાં પહોંચ્યો હતો, અને તેનું મૃત્યુ નીપજયું હોવાનું તબીબો દ્વારા જાહેર કરાયું હતું. જ્યારે અન્ય એક યુવાન ગંભીર હાલતમાં હોવાથી તેને જી.જી. હોસ્પિટલના સારવાર અપાઈ રહી હતી, પરંતુ તેની પણ તબિયત લથડતાં મોડી રાત્રે વધુ સારવાર માટે અમદાવાદ ખસેડવામાં આવી રહ્યો હતો, દરમિયાન માર્ગમાં તેનું પણ મૃત્યુ થયું હોવાથી આ અકસ્માતમાં મૃત્યુનો આંક ચારનો થયો છે. આઈ-ટેન કારની આગળની સીટમાં બેઠેલા બે યુવાનો કારની અંદર દબાઈ ગયા હોવાથી તેઓના અંતરિયાળ મૃત્યુ નીપજ્યા હતા. જેઓ બહાર નીકળી શકે તેવી પોઝિશન ન હોવાથી જામનગર મહાનગર પાલિકાની ફાયર શાખાની ટુકડી ઘટના સ્થળે દોડી ગઈ હતી, અને જે.સી.બી. ની મદદથી ટ્રક-ટેલરની બોડીના પતરા કાપીને બંને યુવાનોના મૃતદેહોને બહાર કાઢવામાં આવ્યા હતા. આ ઘટનાની જાણ થતાં પંચકોશી એ. ડિવિઝનનો પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી આવ્યો હતો, અને મૃતદેહોનો કબજો સંભાળી પોસ્ટ મોર્ટમ સહિતની કાર્યવાહી હાથ ધરી હતી. મૃતક સાહિલના પિતા સુભાષભાઈ કાળાભાઈ તેમના પરિવાર સાથે બનાવનાર સ્થળે તેમજ જીજી હોસ્પિટલમાં દોડી ગયા હતા, અને તમામના મૃત્યુને લઈને સમગ્ર પરિવારમાં ભારે ગમગીની ફેલાઈ હતી. મૃતકોના પોસ્ટ મોર્ટમ કરાવાયા પછી મૃતદેહો તેમના વાલીને સોંપી દેવાયા છે.

## ભાણવડના જામપર ગામે હડકાયા કૂતરાએ ૬ લોકોને કરડી ખાતા ગ્રામજનોમાં ભય



તસવીર: રાકેશ સામાણી

ખંભાળિયા : દેવભૂમિ દ્વારકા જિલ્લાના ભાણવડ નજીકના રૂપામોરા ગામે એક બાળકી પર ત્રણ—ચાર શ્વાનોએ હુમલો કરી કરડી ખાતાં બાળકીનું મોત નિપજયાનો બનાવ હજૂ તાજો જ છે. તેવામાં ગઈકાલે ભાણવડ તાલુકાના જામપર ગામે હડકાયા કૂતરાએ ૬ જેટલા લોકો પર હુમલો કરી બચકા ભરી લેતા ગામમાં ભયનો માહોલ ફેલાયો છે.

ભાણવડ પંથકમાં છેલ્લા કેટલાક દિવસોથી કૂતરાઓના હિંસક હુમલા સાથે આતંકથી ખાસ કરી ગ્રામ્યના લોકોમાં ભારે ગભરાટ ફેલાયો છે.જેમાં શુક્રવારે સવારે લગભગ સાડા નવ વાગ્યાના સુમારે જામપર ગામે સંભવત હડકાયા બનેલા શ્વાને જાણે સમગ્ર ગામને બાનમાં લીધુ હતુ.જેમાં ગામમાં અલગ અલગ જગ્યાએ શ્વાને લગભગ પાંચથી છ લોકોને બચકા ભરી લઈ લોહી લૂહાણ કરી મુકયા હતા જેમાં ભોગગ્રસ્તોમાં વિજુબેન અરજણભાઈ છૂછર, કવીબેન કરમશીભાઈ લામકા, આયુષ કરશનભાઈ લામકા, કંચનબેન મેસુરભાઈ ખાટરીયા, નાથાભાઈ ધનજીભાઈ ખીરસરીયાનો સમાવેશ થતો હોવાનુ સામે આવ્યુ છે.

જામપર પંથકમાં સવારે જ કૂતરાના હિંસક હુમલાનો ભોગ બનેલા તમામને તુરં ત સારવાર અર્થે સરકારી હોસ્પીટલ બાદ ખાનગી હોસ્પીટલમાં ખસેડાયા હતા.કૂતરાના આતંકથી સમગ્ર ગામમાં સોપો પડી ગયો હતો.જયારે સરકારી શાળા અંદર બાળકો અભ્યાસ કરતા હોવાથી શાળાનો મુખ્ય દરવાજો પણ તકેદારીના ભાગરૂપે બંધ કરી દેવાયો હતો.આ બનાવની જાણ થતા સરપંચ અજયભાઈ છૂછર સહિતના આગેવાનો હોસ્પીટલ દોડી ગયા હતા.

## જામજોધપુરના ભોજાબેડી અને સમાણા પંથકમાં ભરઉનાળે કમૌસમી વરસાદથી ખેડૂતો ચિંતિત

જામનગર : જામનગર જિલ્લાના જોડિયા તાલુકાના ભોજાબેડી તેમજ સમાણા પંથકમાં ગઈકાલે વાતાવરણમાં એકાએક પલ્ટો આવ્યા પછી સમીસાંજે એકાએક વરસાદી મોટા ઝાપટા શરૂ થઈ ગયા હતા અને કમૌસમી વરસાદ પડયો હતો. જેને લઈ ખેડૂતમાં ચિંતા વ્યાપી છે.

ઉનાળાના પ્રારંભ સાથે નવુ વેર્સ્ટન ડીર્સ્ટબન્સ એકટિવ થતા ગુજરાત સહિત અમુક રાજયોમાં હવામાન પલટા સાથે કમૌસમી વરસાદની શકયતા પણ હવામાન વિભાગે દર્શાવી હતી.જે દરમિયાન જામનગરના જામજોધપુરના ભોજાબેડી, સમાણા નરમાણા પંથકમાં શુક્રવારે બપોર બાદ વાતાવરણમાં અચાનક પલટો આવ્યો હતો.સવારથી ભારે તાપ સાથે ગરમી બાદ બપોરે હવામાનમાં પલટો આવતા હળવા ભારે કમૌસમી વરસાદી ઝાપટા પડયા હોવાના વાવડ મળ્યા છે.

જામનગર સહિત રાજયભરના મોટા ભાગના સ્થળોએ ઉનાળાના આરંભે સુર્યનારાયણ આકરો મિજાજ દર્શાવી રહયા છે ત્યારે જામજોધપુરના અમુક ગ્રામ્ય પંથકમાં કમૌસમી વરસાદી ઝાપટાઓના પગલે સંબંધિત ગામોના ખેડુતોમાં ચિંતા સાથે દોડધામ મચી જવા પામી હતી. અત્રે ઉલ્લેખનીય છેકે, ગુજરાતમાં હવામાન વિભાગે અગાઉ જ વરસાદ-આંધીનુ એલર્ટ પણ જાહેર કર્યુ છે.જેમાં પંદરમી એપ્રિલ બાદ વાતાવરણ ફરી સામાન્ય બનવાની સાથે ગરમીનુ જોર વધવાની શકયતા દર્શાવાઈ છે.

## ખંભાળિયામાં બે શખ્સોને ચોરી કરેલા રેસિંગ બાઈક સાથે દબોચી લેવાયા



તસવીર: રાકેશ સામાણી

ખંભાળિયા : ખંભાળિયા પંથકમાં રહેતા બે યુવાનોને રેસિંગ બાઈકનો શોખ લાગતા તેઓએ થોડા દિવસ પૂર્વે કરેલી બાઈક ચોરી પ્રકરણમાં એલસીબી પોલીસે ખંભાળિયા તાલુકાના ભરાણા ગામના બંને આરોપીઓને દબોચી લીધા હતા.

દેવભૂમિ દ્વારકા જિલ્લા પોલીસ વડા નિતેશ પાંડેયની સૂચના મુજબ જિલ્લામાં બાઈક ચોરી સહિતના ગુનાઓનો ભેદ ઉકેલવા માટે આપવામાં આવેલી સૂચનાને અનુલક્ષીને સ્થાનિક ગુના શોધક શાખાના પી.આઈ. કે.કે. ગોહિલના માર્ગદર્શન હેઠળ એલ.સી.બી.ની ટીમ દ્વારા આ અંગે ટેકનિકલ તેમજ હ્યુમન સોર્સિસની મદદથી કામગીરી કરવામાં આવી હતી. જેને સંદર્ભે એલ.સી.બી. સ્ટાફ દ્વારા હાથ ધરવામાં આવેલા પેટ્રોલિંગ દરમિયાન એ.એસ.આઈ. સજુભા જાડેજા, જયદેવસિંહ જાડેજા તથા જેસલસિંહ જાડેજાને મળેલી ચોક્કસ બાતમીના આધારે ખંભાળિયા તાલુકાના ભરાણા ગામે રહેતા સંધી સાદિક સલીમ ભટ્ટી (ઉ.વ. ૧૯) અને હુસેન અકબર ગંઢાર (ઉ.વ. ૨૦) નામના બે શખ્સોને દબોચી લઈ અને તેઓની આગવી ઢબે પૂછપરછ કરતા આ શખ્સો દ્વારા થોડા દિવસ પૂર્વે કલ્યાણપુર તાલુકાના ગાગા ગામેથી એક ધાર્મિક કાર્યક્રમ દરમિયાન પાર્ક કરવામાં આવેલા એક મોટરસાયકલની ચોરી કરી હોવાની કબુલાત આપી હતી.

આ બાઈકની ચોરી કરીને આરોપીઓ દ્વારા તેના તમામ સ્પેરપાર્ટ અલગ કરી દેવામાં આવ્યા હતા. બંને આરોપીઓ મોટરસાયકલની રેસિંગના શોખ ધરાવતા હોય, તેથી તેઓએ ગાગા ગામેથી ઉપરોક્ત વાહનની ચોરી કરી, તેના સ્પેરપાર્ટ અલગ અલગ કરી અને રેસિંગ બાઈક મોડીફાઈડ કરી અને તે મોડીફાઈડ બાઈકનો રેસિંગમાં ઉપયોગ કરવાનો હોવા અંગેની કબુલાત પોલીસ સમક્ષ આપી હતી. આ પ્રકરણમાં પોલીસે બાઈકના રૂ. ૧૫,૦૦૦ ની કિંમતના સ્પેરપાર્ટ તેમજ રૂપિયા ૫,૦૦૦ ની કિંમતનો એક મોબાઈલ ફોન મળી, કુલ રૂા. ૨૦,૦૦૦ નો મુદ્દામાલ કબજે કર્યો છે. ઉપરોક્ત બંને આરોપીઓનો કબજો વાડીનાર પોલીસને સોંપવામાં આવ્યો હતો.

## જામનગરમાં ભંગારના ધંધામાં નુકસાની જતા વેપારીએ ઝેરી દવા પી જિંદગીનો અંત આણ્યો

જામનગર : જામનગરમાં ન્યુ સાધના કોલોની વિસ્તારમાં રહેતા ભંગારના વિક્રેતાએ પોતાના ધંધામાં નુકસાની થઈ હોવાથી જિંદગીથી તંગ આવી જઈ ઝેરી દવા પી લઈ આત્મહત્યા કરી લીધાનો બનાવ પોલીસમાં નોંધાયો છે.

આ બનાવની વિગત એવી છે કે જામનગરમાં ન્યુ સાધના કોલોની ગુજરાત હાઉસિંગ બોર્ડના મકાન નંબર ૬૧૩ માં રહેતા અને ભંગારનો વેપાર કરતા બ્રિજેશ જયંતિલાલ સામાણી નામના ૪૧ વર્ષના યુવાને ગઈકાલે જામનગર - રાજકોટ રોડ પર એક હાઈવે હોટલ પાસે જઈ ઝેરી દવા પી લેતાં તેને બેશુદ્ધ અવસ્થામાં સારવાર માટે જી.જી. હોસ્પિટલમાં પહોંચાડ્યા હતા, જ્યાં સારવાર દરમિયાન તેનું મૃત્યુ નીપજયું હતું.

આ બનાવ અંગે મૃતકના પુત્ર નિકુંજ બ્રિજેશભાઈ સામાણીએ પોલીસને જાણ કરતાં પંચકોશી બી. ડિવિઝન પોલીસે મૃતદેહનો કબજો સંભાળી પોસ્ટ મોર્ટમ કરાવ્યું છે.

પ્રાથમિક પૂછપરછ દરમિયાન મૃતકના પિતા ભંગારની લે-વેચનો વેપાર કરતા હતા. જે ધંધામાં નુકસાની જવાના કારણે આ પગલું ભરી લીધાનું જણાવ્યું છે.

## કલ્યાણપુરના મેવાસા ગામે ઠેંસ લાગતા પડી ગયેલા વૃધ્ધનું મોત

ખંભાળિયા : દેવભૂમિ દ્વારકા જિલ્લાના કલ્યાણપુર તાલુકાના મેવાસા ગામે રહેતા એક વૃધ્ધ ચાલીને જતા હતા ત્યારે તેઓને ઠેસ લાગતા પડી ગયા હતા. જેમાં તેઓને ગંભીર ઈજાઓ થતાં તેમનું મૃત્યુ નિપજયું છે.

કલ્યાણપુર તાલુકાના મેવાસા ગામે રહેતા ગોવિંદભાઈ અરજણભાઈ ચાવડા નામના ૭૫ વર્ષના વૃદ્ધ તારીખ ૧૨ ના રોજ દાત્રાણા ગામના બેઠા પુલ પાસેથી ચાલીને જઈ રહ્યા હતા. તે દરમિયાન તેમના પગે ઠેસ લાગતા તેઓ પટકાઈ પડ્યા હતા. જેના કારણે તેમને માથાના ભાગે ગંભીર ઈજા થતા તેમનું મૃત્યુ નીપજ્યું હતું. જે અંગે મૃતકના પુત્ર કેશુભાઈ ગોવિંદભાઈ ચાવડાએ કલ્યાણપુર પોલીસને જાણ કરી છે.

## જામનગરમાં વાહન પાર્ક કરવાના પ્રશ્ને પિતા-પુત્રી પર મહિલા સહિત ચાર શખ્સોનો હુમલો

જામનગર : જામનગરમાં ગોકુલ નગર વિસ્તારમાં કાર લઈને નિકળેલા પિતા પુત્રીને વાહન પાર્ક કરવાના મુદ્દે તકરાર થયા પછી તે જ વિસ્તારમાં રહેતી એક મહિલા સહિત ચાર શખ્સોએ હુમલો કર્યાની ફરિયાદ પોલીસમાં નોંધાવાઈ છે,

આ બનાવની વિગત એવી છે કે જામનગરમાં મયુર એવન્યુમાં રહેતા માવજીભાઈ વેલજીભાઈ સોનગરા (૫૨) પોતાની પુત્રીને ઈકો કારમાં બેસાડીને જામનગરના ગોકુલ નગર નજીક મથુરા નગર વિસ્તારમાંથી પસાર થઈ રહ્યા હતા.

ત્યાંરે સ્થાનીક રહેવાસી વિક્રમસિંહએ પોતાના ઘર પાસે ફોરવીલ પાર્ક કરી હતી, જે વાહન સરખી રીતે પાર્ક કરવા માટે કહેવા જતાં આરોપી વિક્રમસિંહ અને તેના પરિવારના અન્ય ત્રણ સભ્યો ઉસકેરાઈ ગયા હતા, અને માવજીભાઈ સોનગરા અને તેની પુત્રી પર હુમલો કરી દીધો હતો. જે હુમલાના બનાવ અંગે માવજીભાઈ સોનગરાએ જામનગરના સીટી સી. ડિવિઝન પોલીસ મથકમાં વિક્રમસિંહ તેમજ દિગપાલ સિંહ, રાહુલ, તેમજ ગીતાબા વગેરે ચાર શખ્સો સામે ફરિયાદ નોંધાવતાં પોલીસે ચારેયની શોધખોળ હાથ ધરી છે.

## જામનગરથી સતત ૩૨માં વર્ષે ભેળીયાવાળી ખોડીયાર મિત્ર મંડળ દ્વારા આયોજિત પદયાત્રી સંઘને કરાવાયું પ્રસ્થાન



તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : જામનગરમાં પંચેશ્વર ટાવર વિસ્તારમાં ભેળીયાવાળી ખોડિયાર મિત્ર મંડળ દ્વારા જામનગરથી માટેલની પદયાત્રાના સંઘનું આયોજન કરવામાં આવે છે. સતત ૩૩માં વર્ષે આયોજિત આ પદયાત્રીઓના સંઘને જામનગર શહેરના ધારાસભ્ય તેમજ અન્ય મહાનુભાવોના હસ્તે પ્રસ્થાન કરાવાયું હતું. જેમાં બહોળી સંખ્યામાં પદયાત્રીઓનો સમૂહ જોડાયો છે. જામનગરમાં પંચેશ્વર ટાવર વિસ્તારમાં ભેળીયાવાળી ખોડિયાર મિત્ર મંડળ દ્વારા ગઈકાલે સતત ૩૨ માં વર્ષે પદયાત્રા સંઘને જોડવામાં આવ્યો છે અને પંચેશ્વર ટાવર પાસેથી સંઘ ઉપાડવામાં આવ્યો હતો. આ પ્રસંગે દીપ પ્રાગટ્ય તથા ઝંડી આપવા માટે ધારાસભ્ય દીવ્યેશ અકબરી, નોબત દૈનિકના ચેતનભાઈ માધવાણી, રાજપૂત યુવા અગ્રણી જગદીશસિંહ હકુભા જાડેજા, જાણીતા બિલ્ડર ભાવેશભાઈ ગાગિયા (બાદશાહ ભાઈ), તેમજ મિત્ર મંડળ ના હોદેદારો હાજર રહ્યા હતા, અને સંઘને પ્રસ્થાન કરાવ્યું હતું. જેમાં બહોળી સંખ્યામાં પદયાત્રી ભાઈઓ- બહેનો જોડાયા હતા.

## જામનગરમાં બાઈક ફેરવવા નહિ આપતા કુખ્યાત દિવલા ડોનનો બે વિદ્યાર્થી યુવાનો પર છરી વડે હુમલો

જામનગર : જામનગરના કુખ્યાત દિવલા ડોને ફરીથી પોત પ્રકાશયું છે, અને બાઈક પર જઈ રહેલા બે વિદ્યાર્થીઓને અટકાવીને બાઈક ફેરવવાની માંગણી કરી હતી, જેની ના પાડતાં ઉશ્કેરાઈ જઈ બંને યુવાનો પર છરી વડે હુમલો કર્યાની ફરિયાદ પોલીસમાં નોંધાવવામાં આવી છે.

આ બનાવની વિગત એવી છે કે જામનગરના ગાંધીનગર નજીક મોમાઈ નગર શેરી નંબર ૪ માં રહેતો અને અભ્યાસ કરતો પૃથ્વીરાજસિંહ યોગેન્દ્ર સિંહ ગોહિલ નામનો ૨૦ વર્ષનો યુવાન પોતાના બાઈક પાછળ તેના મિત્ર કુલદીપસિંહ જાડેજાને બેસાડીને શાંતિનગર વિસ્તારમાંથી પસાર થઈ રહ્યો હતો.

જે દરમિયાન શાંતિનગર વિસ્તારમાં જ રહેતો દિવ્યરાજસિંહ ઉર્ફે દિવલો ડોન તેની આડે બાઈક નાખીને ઉભો રહી ગયો હતો, અને તારું બાઈક મને ફેરવવા આપ તેમ કઈ બાઈકની માંગણી કરી હતી. જેથી પૃથ્વીરાજસિંહ ગોહિલે ના પાડતાં આરોપી દીવલો ઉશ્કેરાઈ ગયો હતો, અને પોતાની પાસે રહેલી છરી કાઢી સૌ પ્રથમ પૃથ્વીરાજસિંહ પર હુમલો કરી દીધો હતો. જેથી તેના ડાબા હાથની ત્રણ આંગળીઓમાં છરીના ઘા વાગ્યા હોવાથી ગંભીર ઈજા થઈ હતી. જયારે બાઈકની પાછળની સીટમાં બેઠેલા કુલદીપસિંહ જાડેજાએ દીવલા ડોનને અટકાવવા જતાં તેના ઉપર પણ છરી વડે હુમલો કર્યો હતો, અને જમણા હાથની આંગળીમાં ઈજા થઈ હતી.

આ સમગ્ર મામલો પૃથ્વીરાજસિંહ ગોહિલની ફરિયાદના આધારે સિટી બી. ડિવિઝનના પી.એસ.આઈ. ડી.જી. રાજ દ્વારા આરોપી દિવલા ડોન સામે હુમલા અંગેની કલમ ૩૨૪, ૩૨૩, ૫૦૪, ૫૦૬-૨ તેમજ જી. પી. એક્ટ કલમ ૧૩૫-૧ હેઠળ ગુનો નોંધ્યો છે. અને હાલ આરોપી ભાગી છૂટ્યો હોવાથી તેની શોધખોળ ચલાવાઈ રહી છે.

# અમે હિન્દુત્વ સાથે છીએ, મોદીને જિતાડવા તન મન અને ધનથી ટેકો આપીશું: કાઠી ક્ષત્રિય સમાજ



## રામ અમારા ઈષ્ટદેવ છે અને ભાજપે રામ મંદિર બનાવ્યું છે: ભાજપ જે ઉમેદવાર ઉભા રાખે તેને ટેકો આપવો અમારી ફરજ : કાઠી ક્ષત્રિય સમાજ

રાજકોટ

રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પરશોત્તમ રૂપાલા દ્વારા ક્ષત્રિય સમાજ અંગે કરાયેલી વિવાદાસ્પદ ટિપ્પણી બાદથી ક્ષત્રિય સમાજ રોષે ભરાયેલો છે. સમગ્ર ગુજરાતમાં સંમેલન, રેલી, પોસ્ટર દ્વારા વિરોધ, ગામમાં ભાજપ નેતાઓની પ્રવેશબંધી સહિતના વિરોધ પ્રદર્શન કરાઈ રહ્યા છે. તો આગામી ૧૪ એપ્રિલ ૨૦૨૪ના રોજ રાજકોટના રતનપર પર ખાતે ક્ષત્રિય-રાજપૂત સમાજ દ્વારા મહાસંમેલન યોજાવા જઈ રહ્યું છે. આ સંમેલન વડાપ્રધાન મોદીની સભા પહેલા યોજાશે. તો આ વચ્ચે એક મોટા સમાચાર મળી રહ્યા છે કે, અખિલ ભારતીય કાઠી ક્ષત્રિય સમાજ દ્વારા પરશોત્તમ રૂપાલાને માફી આપવામાં આવી છે. કાઠી ક્ષત્રિય સમાજ તરફથી રૂપાલા વિરૂદ્ધના આંદોલનનો અંત લવાયો છે. ત્યારે આ જોતા હાલ રૂપાલા વિરૂદ્ધના આંદોલનમાં ફાંટા પડતા જોવા મળી રહ્યા છે.રાજકોટમાં અખિલ ભારતીય કાઠી ક્ષત્રિય સમાજે ભાજપ કાર્યાલય ખાતે પત્રકાર પરિષદ યોજી હતી. જેમાં જણાવ્યું છે કે, 'કાઠી ક્ષત્રિય સમાજ દ્વારા ભાજપના ઉમેદવાર પરશોત્તમ રૂપાલાને ટેકો જાહેર કર્યો છે. કાઠી ક્ષત્રિય સમાજે પરશોત્તમ રૂપાલાને માફી પણ આપી છે. કાઠી સમાજની કોર કમિટીએ મળીને આ નિર્ણય લીધો છે. જે દરમિયાન ચોટીલા, અમરેલી, બોટાદ, રાજુલા, જૂનાગઢ સહિતના વિસ્તારોના કાઠી આગેવાનો હાજર રહ્યા હતા.'કાઠી સમાજના અગ્રણી દ્વારા જણાવાયું છે કે, 'આજે અમારી કોર કમિટીની મિટિંગ મળી હતી. કાઠી ક્ષત્રિય સમાજ મળીને ભાજપ અને વડાપ્રધાન મોદીને સમર્થન આપે છે એ બદલ કાઠી સમાજ અને તમામનો આભાર માનું છું. અમારું ભાજપને પુરેપુરુ સમર્થન જ છે. ૧૪ તારીખના કાર્યક્રમમાં કાઠી ક્ષત્રિય સમાજ ભાગ નહીં લે અને આગામી દિવસોમાં અમે આંદોલનમાં પણ નહીં જોડાઈએ. અમે ભાજપને તન મન અને ધનથી ટેકો આપીશું. રામ અમારા ઈષ્ટદેવ છે અને ભાજપે રામ મંદિર બનાવ્યું છે.'અખિલ ભારતીય કાઠી ક્ષત્રિય સમાજના પ્રમુખ મુનાભાઈ વિંછીયાએ જણાવ્યું છે કે, 'કાઠી સમાજ વડાપ્રધાન મોદીને જ સપોર્ટ કરવાનો છે. કોર કમિટીએ નિર્ણય લીધો છે જે સમાજને સર્વમાન્ય જ હોય છે. મિટિંગમાં સૌરાષ્ટ્ર અને ગુજરાતના કાઠી સમાજના આગેવાનો હાજર હતા. સૂર્યવંશી કાઠી સમાજે રૂપાલાને માફી આપી છે. અમે હિન્દુત્વ અને સનાતન ધર્મની સાથે છીએ. સમગ્ર દેશમાં કાઠી સમાજની ૧૭ લાખની વસ્તી છે. વડીલો જે નિર્ણય કરે તે વ્યાજબી હોય છે. માફ કરવાનો ક્ષત્રિય ધર્મ છે. વડાપ્રધાન મોદીના ઉમેદવારો ઉભા છે તેને અમે સપોર્ટ કરીએ છીએ. અમે રૂપાલાને પણ મદદ કરીશું. અમારી બીજી કોઈ કંડિશન નથી. વડાપ્રધાન મોદીની કામગીરીથી અમને સંતોષ છે. અમને વર્તમાન સરકારોએ મદદ કરી છે. ભાજપની સાથે છીએ અને રહેશું. વડાપ્રધાન મોદીની વિચારધારા સાથે રહેવાના છીએ. ગુજરાતની ૨૬ બેઠકો પર કાઠી ક્ષત્રિય સમાજ ટેકો જાહેર કરે છે. રૂપાલાને ટેકો આપવો અમારી નૈતિક ફરજ છે. અમે આંદોલનમાં સામેલ નહીં થઈએ.'વધુમાં કાઠી સમાજના આગેવાને જણાવ્યું કે, 'રામભક્તને વરેલો કાઠી સમાજ વડાપ્રધાન મોદીનો હાથ મજબૂત કરવાની વેળાએ સમગ્ર કાઠી સમાજ એક અવાજે વડાપ્રધાન મોદી અને ભાજપની સાથે ખભેખભો મિલાવીને સાથે છે. કાઠિયાવાડ-સૌરાષ્ટ્રનો કાઠી સમાજ પ્રાચીન સમયથી હિન્દુત્વને સંપૂર્ણપણે વરેલો સમાજ છે. સમગ્ર વિશ્વ અરાજકતા અને રાજકીય અસ્થિરતા અનુભવી રહ્યું છે. ત્યારે સ્થિર અને પ્રામાણિક માર્ગદર્શન પ્રજામાં સિંચીને વડાપ્રધાન મોદીને ત્રીજી વખત દેશનું નેતૃત્વ પુરુ પાડવા લડી રહ્યા હોય ત્યારે કાઠી સમાજ ૨૦૨૪ની ચૂંટણીમાં મોદી અને ભાજપને સંપૂર્ણ સમર્થન આપે છે. કાઠીઓનો ઈતિહાસ હિન્દુત્વ અને સનાતનની સાથે રહ્યા છીએ. અમે હાલ પણ તેની સાથે જ છીએ. ભાજપ અને વડાપ્રધાન મોદી સાથે રહેવા માંગીએ છીએ. ભાજપે જે ઉમેદવારો ઉભા રાખ્યા છે તેને ટેકો આપવો અમારી નૈતિક ફરજ છે. અમે કાયમ ભાજપ સાથે જ છીએ.'કાઠી સમાજે કહ્યું કે, 'સૂર્ય મંદિર ફરવા લાયક સ્થળ બન્યું છે. નવા સૂર્ય દેવળની ખાસ મુલાકાત લેજો. ઘણા બધા ઋણ ચુકવવાનો સમય આવ્યો છે. ત્યારે સમાજે નક્કી કર્યું છે કે, ભાજપને જેટલો દઈ શકીએ તેટલો તન મન અને ધનથી ટેકો આપવો છે. વિવાદ સાથે અમારે કોઈ લેવા દેવા નથી. સામાજિક રીતે અમારો ક્ષત્રિય સમાજ સાથે જ છીએ. પરંતુ કોઈ માફી માગે કે મંગાવે તે અમારી પ્રકૃતિ નથી. અમારા તમામ આગેવાનો તરફથી સમાજને વિનંતી છે અને સમાજ સાથે પણ છે. અમે કોઈના પ્રેશરમાં આવીને નિર્ણય નથી લીધો. રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે સવાલ, વડાપ્રધાન મોદીનો સવાલ આવતો હોય ત્યારે તમામ પ્રશ્નોને ગૌણ માનીને અમારી ફરજમાં આવે છે.'

# યુવક પર બનેવી સહિત બે શખ્સનો છરીથી હુમલો



રાજકોટ:

શહેરના નાનામવા રોડ પરના ગૌતમનગરમાં યુવક પર તેના બનેવી સહિત બે શખ્સે છરીથી હુમલો કર્યો હતો, તેમજ રૈયા ટેલિફોન એક્સચેન્જ પાસેની સોમનાથ સોસાયટીમાં પણ યુવકને છરીના ઘા ઝીંકાયા હતા. ગૌતમનગરમાં રહેતો રિક્ષાચાલક દીપક દિનેશભાઇ બાહુકિયા (ઉ.વ.૨૫) ગુરૂવારે મધરાત્રે તેના ઘર પાસે હતો ત્યારે તેના બનેવી મયૂર રવજી છનુરા અને તેનો ભાઇ અલ્પેશ છનુરા ત્યાં ધસી ગયા હતા અને દીપક સાથે માથાકૂટ કરી દીપકને હાથ અને સાથળના ભાગે છરીના ઘા ઝીંકી દીધા હતા, હુમલામાં ઘવાયેલા દીપકને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.દીપકે આ અંગે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, તા.૯ના તેના પુત્રનો જન્મદિવસ હોય તેમના બહેન ચેતનાબેન તથા તેની દીકરી તેમના ઘરે આવ્યા હતા, ચેતનાબેન અને ભાણેજ બ્યૂટિપાર્લરમાં તૈયાર થવા ગયા હતા. આ અંગેની બનેવી મયુરને જાણ થતાં મયુરે ઘરે જઇને ઝઘડો કર્યો હતો ત્યારથી ચેતનાબેન ભાઇના ઘરે હતા, આ વખતે મયુર તેના ભાઇ સાથે આવ્યો હતો અને છરીથી હુમલો કર્યો હતો. બનાવ અંગે પોલીસે ધોરણસરની કાર્યવાહી કરી હતી.જ્યારે અન્ય એક બનાવમાં રૈયા ટેલિફોન એક્સચેન્જ પાસેની સોમનાથ સોસાયટીમાં રહેતા નિશાંત ચિમનભાઇ મારૂ (ઉ.વ.૩૫) પર બીટુ ઉર્ફે અજય ઉર્ફે હાર્દિક ચૌહાણે ઝઘડો કરી છરીનો ઘા પેટમાં ઝીંકી દીધો હતો. નિશાંતે પોલીસ સમક્ષ કહ્યું હતું કે, તેની પત્ની છૂટાછેડા લઇને જતી રહી હોય તેના આઠ વર્ષના પુત્રને બીટુ તારી મમ્મી ભાગી ગઇ છે તેવા વેણ કહેતો હોય તે બાબતે તેને ઠપકો દેતા તેણે હુમલો કર્યો હતો. જ્યારે સામાપક્ષે બીટુ ઉર્ફે અજય મુકેશ ચૌહાણ (ઉ.વ.૩૧) પણ હોસ્પિટલમાં દાખલ થયો હતો અને તેણે નિશાંતે છરીનો ઘા ઝીંક્યાની પોલીસમાં રાવ કરી હતી. આ બનાવ અંગે પોલીસે ધોરણસરની કાર્યવાહી કરી હતી.

# મંદિરની જગ્યામાંથી ડાયવર્ઝન કાઢવા રાજકોટના પ્રજાવત્સલ રાજવી મનપા પાસેથી મહિને ૧ લાખ લેશે!

રાજકોટ: રાજકોટના ઈતિહાસમાં રાજકોટના રાજવીને પ્રજાવત્સલ તરીકે પ્રસિધ્ધ છે. તેઓએ નગરજનો માટે અનેક ધાર્મિક તેમજ શૈક્ષણિક સંસ્થાઓ ઊભી કરી છે. આવા જ એક ઐતિહાસિક પુલ સાંઢિયા પુલના નવીનીકરણ માટે ડાયવર્ઝન કાઢવા દર મહિને એક લાખ રૂપિયાની માતબર રકમ લેવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.શહેરના સાંઢિયા પુલ માટે ટેન્ડર પ્રસિધ્ધ થયા પહેલાથી ડાયવર્ઝનનો મોટો પ્રશ્ન હતો. જ્યાંથી ડાયવર્ઝન નીકળી શકે તેમ છે તે જગ્યા ભોમેશ્વર મંદિર ટ્રસ્ટની છે. મંદિર હોવાથી મહાનગરપાલિકાને મન એમ હતું કે, સરળતાથી તેઓ ખુલ્લી જગ્યા પુલ બને ત્યાં સુધી લોકોના ઉપયોગ માટે આપશે જેથી ડાયવર્ઝન નીકળી જશે. આ ટ્રસ્ટનું સંચાલન રાજકોટનો રાજપરિવાર કરે છે અને માંધાતાસિંહ ટ્રસ્ટી છે તેથી વધારે સરળતા માની હતી કેમ કે, રાજકોટના રાજવીઓ પ્રજાની સરળતા માટે અનેક કાર્યો કરવા માટે પ્રખ્યાત છે. મનપાના અધિકારીઓ ડાયવર્ઝન માટે બે વર્ષ માટે જગ્યાની માંગ સાથે તેમના સુધી ગયા હતા પણ સમાધાન નીકળ્યું ન હતું. અલગ અલગ મુદ્દાઓને લઈને છ મહિના સુધી ઉકેલ આવ્યો નહિ. આખરે લીઝની વાત આવતા માંધાતાસિંહ માની ગયા છે.શરત મુજબ મનપા ડાયવર્ઝન માટે રસ્તો બનાવશે તે માટે આશરે ૨૪૦૦ ચોરસ મીટરની જગ્યાની જરૂર છે અને તે બદલ ટ્રસ્ટમાં મહિને એક લાખ રૂપિયા જમા કરાવવાના રહેશે. જો બ્રિજનું કામ બે વર્ષથી વધારે ચાલે તો ફરી લીઝ રિન્યૂ કરવાની રહેશે. જો કે આ મામલે પણ એક સમસ્યા હતી કે મનપા સીધા આ રીતે લીઝના પૈસા ચૂકવી શકે નહિ તેથી ડાયવર્ઝનની જવાબદારી કોન્ટ્રાક્ટરને આપવામાં આવી છે, કોન્ટ્રાક્ટર દર મહિને એક લાખ રૂપિયા આપશે અને તે ખર્ચ બ્રિજના કામનો ગણાવીને બિલ મનપા પાસે જ મુકશે એટલે કે પાઘડીનો વળ છેડે જ આવશે.આ સમજાવટ અને ભાડુ નક્કી થયા બાદ હવે ડાયવર્ઝન બનાવવાનું કામ ચાલુ કરાયું છે. માસાંતે રોડ બનીને તૈયાર થઈ જશે અને વાહનોની અવરજવર ચાલુ કરાશે. બ્રિજ બની ગયા બાદ તે જગ્યા યથાવત સ્થિતિમાં ફરી સોંપી દેવાશે આ રીતે પ્રજાને નીકળવાના રસ્તા કાઢવા માટે પ્રજાવત્સલ રાજ પરિવાર સંચાલિત ટ્રસ્ટને આશરે રૂપિયા ૨૪થી ૨૫ લાખની આવક પણ મળી જશે.

# યુનિ.માં ૧૦ કરોડનો ખર્ચ ગેરકાયદે મંજૂર કર્યાનો ઘટસ્ફોટ!

## તત્કાલિન કુલપતિ ડૉ. જોષીપુરાના કાર્યકાળમાં ગેરરીતિ થયાના આક્ષેપ





રાજકોટ:સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના તત્કાલીન કુલપતિ ડૉ. કમલેશ જોષીપુરાના સમયગાળામાં થયેલા રૂ. ૧૦ કરોડનો ખર્ચ ગેરકાયદેસર હોવાનું ઓડિટ પેરામાં ખુલ્યું હોવાનો સૌરાષ્ટ્ર કોંગ્રેસ પ્રવક્તા દ્વારા આક્ષેપ કરવામાં આવ્યો છે. તેમણે જણાવ્યું છે કે, સરકારના ઓડિટ વિભાગે કાઢેલી વિગત મુજબ બિનશૈક્ષણિક કર્મચારીઓની ઈન્ટરવ્યૂ વગર થયેલ ભરતીથી યુનિવર્સિટીને ૪.૨૧ કરોડનો ખર્ચ થયો જે ગેરકાયદેસર છે. ૪.૪૬ કરોડનો બાંધકામનો ખોટો ખર્ચ કરાયો.કોન્વોકેશનના બિલ્ડિંગ પાછળ એક કરોડ અને ૬૧ લાખ રૂપિયાનો ખર્ચ થયો હતો. શિક્ષણશાસ્ત્ર ભવન પાસે વણવપરાયેલ ખંઢેર બાંધકામ ઊભું છે તેમાં પણ ૨૫ લાખ રૂપિયાનો ખર્ચ થયો હતો. ડ્રગ સેન્ટરમાં ૬૭.૨૯ લાખનું ઈન્ટેરિયર ગેરકાયદેસર કરાયું. બાંધકામના કોન્ટ્રાક્ટરના ૯૦.૨૨ લાખ પરત વસૂલ કરવાના હતા. આ વસૂલાત ન કરી તેવું ઓડિટ રિપોર્ટમાં જાહેર થયું છે.રોહિતસિંહ રાજપૂતે જણાવ્યું કે, સત્તાના નશામાં ડૉ. જોષીપુરા દ્વારા આડેધડ ખર્ચ કરવામાં આવ્યા હતા. હજુ તો ૨ વર્ષનું સરવૈયુ અમારી પાસે આવ્યું છે. તેમના સમયગાળાની બધી વિગતનો આંક ૨૦ કરોડ ઉપર જવાની સંભાવના છે. કોંગ્રેસના આગેવાનો દ્વારા તે વખતે કરવામાં આવેલ ભ્રષ્ટાચાર અને ગેરકાયદેસર વહીવટના આક્ષેપોને સરકારના ઓડિટ વિભાગે સાચા સાબિત કર્યા છે.ખોટું કરનારનું પાપ છાપરે ચડી અને બોલે તે આજે સાબિત થયું છે. કમલેશ જોશીપુરાએ જ્યારે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં કુલપતિપદે હતા ત્યારે યુનિવર્સિટીમાં ટોળકી રચી ભ્રષ્ટાચાર કર્યો હતો તેવા આક્ષેપો તે વખતે પણ થયા હતા. હમણા જ યુનિવર્સિટી પર સરકારના ઓડિટ વિભાગ દ્વારા જોષીપુરાના સમયમાં થયેલ બિનકાયદેસર બાંધકામ અને ખોટા ખર્ચની વિગત અમાન્ય ગણવાની જાણ કરવામાં આવી છે. મળતી વિગતો મુજબ, જોશીપુરા દ્વારા થયેલ ગેરકાયદેસર કામની ચિઠ્ઠીમાં આવેલ નાણાકીય ગેરરીતિનો આંકડો ૧૦ કરોડથી પણ વધુનો થાય છે.આપણે ત્યાં પ્રિ-ઓડિટ, પોસ્ટ ઓડિટ, લોકલ ફંડ છે. અત્યારે જે આવ્યું છે એ નાણાકીય ગેરરીતિ નથી હોતી પરંતુ નાણાકીય ખર્ચના જે નિયમો હોય છે તેના માટેનું ઓડિટ વિભાગનું સૂચન હોય છે, કે આ પ્રકારની પ્રક્રિયા કરવી. તેના માટે માત્ર સૌરાષ્ટ્ર નહીં, રાજ્યભરની યુનિવર્સિટીને ઉચ્ચ શિક્ષણ વિભાગે આ ઓડિટના પેરા મોકલ્યા છે તેને લગતું લિસ્ટ છે.જેમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટી એક જ નથી, અન્ય યુનિવર્સિટીઓ પણ છે. નાણાકીય ખર્ચના સંદર્ભમાં તેમને એવું લાગે કે આ ખર્ચ એક નહીં પણ બીજી રીતે કરવો જોઈએ તેવું સૂચન ઓડિટ વિભાગ કરતું હોય છે.

# સ્વામિનારાયણ મંદિરમાં ભાજપની સભાથી આચારસંહિતા ભંગ મુદે ફરિયાદીને સીઈઓનું તેડું

રાજકોટ:રાજકોટના સ્વામિનારાયણ મંદિરમાં લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર તથા ભાજપના આગેવાનોએ સ્વામિનારાયણ મંદિરમાં સભાનું આયોજન કરી આચારસંહિતાનો ભંગ કર્યાની ફરિયાદ કોંગ્રેસ દ્વારા કરાયા બાદ તપાસનો અહેવાલ રાજકોટ જિલ્લા ચૂંટણી અધિકારી દ્વારા મુખ્ય નિર્વાચીન અધિકારીને મોકલી આપ્યો હતો. આ પ્રકરણમાં હવે રાજ્યના ચીફ ઈલેકશન ઓફિસરે ફરિયાદીને તા.૧૫મી એપ્રિલે હિયરિંગ માટે તેડું મોકલ્યું છે.શહેર કોંગ્રેસના સંજય લાખાણી અને કૃષ્ણદત્ત રાવલે જણાવ્યું હતું કે, ગત તા.૧૮-૩ના રોજ સ્વામિનારાયણ મંદિરમાં ભાજપના રાજકોટ લોકસભાના ઉમેદવાર અને આગેવાનો દ્વારા કાલાવડ રોડ પર સ્વામિનારાયણ મંદિર ખાતે મિટિંગ તથા ઝંડા-પતાકા સાથે સભાનું આયોજન કરાયું હોય તે અંગે ચૂંટણી અધિકારીને ફરિયાદ કરી હતી અને તપાસ કરી તાત્કાલિક યોગ્ય કાર્યવાહી કરવા લેખિતમાં રજૂઆત કરી હતી. પ્રાંત અધિકારીના રિપોર્ટ બાદ ગત ૧લી એપ્રિલે જિલ્લા ચૂંટણી અધિકારી દ્વારા આ અંગે ચીફ ઈલેકશન ઓફિસરને રિપોર્ટ કરી દેવાયો છે ત્યારે હવે અમને તા.૧૨મી અથવા તા.૧૫મીએ સીઈઓ સાથે મિટિંગ માટે તેડું આવ્યું છે.

# ૩૩ ગુના આચરનાર અલ્તાફ ઉર્ફે ૬ આંગળીની જામીન અરજી રદ

## નામચીન શખ્સે યુવાનનાં લમણે બંદૂક તાકી હતી, સેશન્સ કોર્ટની કડક કાર્યવાહી



રાજકોટ:રાજકોટમાં ૩ માસ પહેલા પોતાની કાર પાસે ઉભેલા આરોપી અલ્તાફ ઉર્ફે છ આંગળીને મોડી રાત્રે ઘરે જવાનું કહેતા ફરીયાદીના માથા ઉપર બંદૂક તાકી હત્યાના પ્રયાસનો ગુનો દાખલ થયો હતો. જે ગુન્હામાં ચાર્જશીટ બાદ રજૂ થયેલ જામીન અરજી અધિક સેશન્સ જજ જે.આઈ. પટેલે રદ કરી છે. જેનું કારણ એ છે કે, નામચીન શખસ અલ્તાફ ગુનાહિત માનસિકતા ધરાવે છે. સામાન્ય વાતમાં પણ કોઈની પણ હત્યા કરી શકે એવી ટેવ ધરાવે છે. અલ્તાફે ૧૨ વર્ષમાં ૩૩ ગુના આચર્યા છે. જેથી, કોર્ટે માત્ર હત્યાની કોશિશના ગુનાને ધ્યાનમાં રાખીને જ નહીં આરોપીના ગુનાહિત ઈતિહાસને ધ્યાનમાં રાખી જામીન અરજી રદ કરી છે.આ કેસની હકીકત એ પ્રકારની છે કે તા.૧૨/૦૧/૨૦૨૪ના આરોપી અલ્તાફ ઉર્ફે છ આંગળી હનીફભાઈ થઈમ (ઉ.વ.૪૫) મોડી રાત્રે તુર્કીબાપુની દરગાહ પાસે પોતાની ગાડી પાસે ઉભા રહી વાતો કરતો હતો ત્યારે ફરીયાદીના ભાઈ આર્યને અલ્તાફકાકા ઘરમાં જતા રહો તેમ કહેતા આરોપી અલ્તાફ ઉશ્કેરાઈ ગયેલ અને પોતાની પાસેની બંદૂક કાઢી ફરીયાદીના કપાળ પર તાકી હતી. આ સમયે બંદૂકનું ટ્રીગર દબાવેલ પરંતુ, બુલેટ છુટેલ નહી જેથી, ફરીયાદી બચી ગયેલ અને ત્યાંથી ભાગી ગયો હતો. આ બાબતની ફરીયાદ નોંધાતા આરોપીની ધરપકડ થયેલ અને પોલીસ તપાસ દરમિયાનની જામીન અરજી સેશન્સ કોર્ટે રદ કરેલ તેમજ ગુજરાત હાઈકોર્ટમાંથી જામીન અરજી પાછી ખેંચવામાં આવી હતી.અરજદાર/આરોપી તરફે ચાર્જશીટ બાદની જામીન અરજીમાં રજૂઆત કરવામાં આવેલ કે, ગુજરાત હાઈકોર્ટમાંથી આરોપીની જામીન અરજી પાછી ખેંચવામાં આવેલ ત્યારે પોલીસ તપાસ પૂર્ણ થયા બાદ ફરીથી જામીન અરજી રજૂ કરવાનો હુકમ થયેલ હતો. આ કેસમાં પોલીસ તપાસ પૂર્ણ થઈ ગયેલ છે અને તેથી ફરીયાદીને બનાવ સમયે કોઈ ઈજા થયેલ નથી ત્યારે આરોપીને જામીન મુકત કરવા જોઈએ. સરકાર તરફે જીલ્લા સરકારી વકીલ એસ.કે.વોરાએ રજૂઆત કરતા જણાવેલ હતુ કે, હાલના ફરીયાદીના કપાળ ઉપર બંદૂક તાકી ટ્રીગર દબાવવામાં આવી હતી પરંતુ, બંદુકમાં ખામી હોવાથી ટ્રીગર દબાવવા છતાં ગોળી છુટેલ નહીં તે ફકત ફરીયાદીના આયુષ્યની વાત હતી. લાકડી ધોકા જેવા હથિયાર વડે જો ઈજાઓ પહોંચાડવામાં આવે તો ભોગ બનનારનો જીવ બચી પણ શકે પરંતુ, જયારે બંદૂકમાંથી કપાળ ઉપર ગોળી છોડવામાં આવે ત્યારે ઈજા પામનારનું મૃત્યુ નિશ્ચિત હોય છે. આ રીતે આરોપી અલ્તાફનો ઈરાદો અતિશય મામૂલી બાબતમાં ફરીયાદીની હત્યા કરવાનો જ હતો.તે અગાઉ ગુન્હો પણ ઈંડાની રેકડીએ પૈસા દેવા બાબતનો હતો. આ હકીકત સાબિત કરે છે કે, હાલનો આરોપી અલ્તાફ તદન નજીવી બાબતમાં કોઈ પણ વ્યકિતની હત્યા સરળતાથી કરવાની માનસિકતા ધરાવે છે. સુપ્રીમ કોર્ટના આદેશ મુજબ કોઈપણ આરોપીની જામીન અરજીમાં તે આરોપીનો ગુનાહિત ઈતિહાસ જણાવવો જરૂરી છે. આ ગુનાહિત ઈતિહાસ ફકત જામીન અરજી વખતે જ જરૂરી હોય છે કારણ કે, ગુનાહિત ઈતિહાસને ધ્યાનમાં લઈ જામીન અરજી નામંજુર કરવાની રહે છે. હાલના આરોપી અલ્તાફ વિરુધ્ધ ૩૩ ગુન્હાઓ નોંધાયેલ તે તમામ ગુન્હાઓમાં જામીન મેળવતી વખતે ગુનાહિત પ્રવૃતિઓમાં સંડોવાવું નહી તેવી શરતો અનિવાર્યપણે હોય છે તેમછતાં હાલના આરોપી વર્ષ-૨૦૧૨થી ૨૦૨૪ સુધીના ૧૨ વર્ષના ગાળામાં ૩૩ ગુન્હાઓ આચરી ચુકેલ છે ત્યારે તેમ માનવાને કારણ રહે છે કે, અદાલતોની જામીન અરજીની શરતોની કોઈ દરકાર હાલના આરોપી કરતા નથી. આ તમામ રજૂઆતોને ધ્યાનમાં લઈ અધિક સેશન્સ જજ જે.આઈ. પટેલે આરોપી અલ્તાફ ઉર્ફે છ આંગળીની ચાર્જશીટ બાદની જામીન અરજી રદ કરેલ છે.

# પરીક્ષાની તૈયારી કરતી યુવતી પર માથાભારે શખ્સે નિર્લજ્જ હુમલો કર્યો

## યુવતીએ પ્રતિકાર કરતા છરી બતાવી ધમકી આપી!

રાજકોટ:શહેરના કુવાડવા રોડ પર રોહિદાસપરામાં યુવતીનો હાથ પકડી માથાભારે શખ્સે નિર્લજ્જ હુમલો કર્યો હતો, તેમજ યુવતીએ પ્રતિકાર કરતાં તેને છરી બતાવી ધમકી આપી હતી, અગાઉ ચાર જેટલા ગુનામાં સંડોયેલા આ શખ્સને પોલીસે ઝડપી લઇ જેલહવાલે કર્યો હતો. સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતી ૨૪ વર્ષની યુવતીએ બી.ડિવિઝન પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે કુવાડવા રોડ પર રણછોડદાસ બાપુના આશ્રમ પાસેના રોહિદાસપરામાં રહેતા વિજય દીપક ચુડાસમાનું નામ આપ્યું હતું. યુવતીએ ફરિયાદમાં જણાવ્યું હતું કે, ગુરૂવારે સાંજે વિજય ચુડાસમા પથ્થરના ઘા કરતો હોય તેને ટપારતાં તે ઉશ્કેરાયો હતો અને યુવતીનો હાથ પકડ્યો હતો અને શરીરના અંગો પર હાથ ફેરવી નિર્લજ્જ હુમલો કર્યો હતો. યુવતીએ પ્રતિકાર કરતાં વિજય ચાવડા ઉશ્કેરાયો હતો અને તેણે છરી બતાવી ધમકી આપી હતી. સરાજાહેર છેડતી અને માથાભારે શખ્સે છરી બતાવતા યુવતીએ દેકારો મચાવતા લોકો દોડી આવતાં વિજય ચુડાસમા નાસી ગયો હતો, ઘટના અંગે યુવતીએ ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી ગણતરીની કલાકોમાં તેને ઝડપી લીધો હતો.

# સસ્તામાં આઈફોનની લોભામણી જાહેરાતો મુકી છેતરપિંડી આચરતો શખ્સ ઝડપાયો

## પોલીસની આગવીઢબની પૂછપરછમાં આઠ ગુનાના ભેદ ઉકેલાયા

રાજકોટ:સસ્તામાં આઈફોન સહિતની લોભામણી જાહેરાતો સોશિયલ મીડિયામાં મુકી લોકો પાસેથી પૈસા પડાવી છેતરપિંડી આચરતા કુખ્યાત શખ્સને પોલીસે ઝડપી લેતા આઠ ગુનાના ભેદ ઉકેલાયા હતા, નામચીન શખ્સ અગાઉ પણ અનેક ગુનામાં પોલીસ ચોપડે ચડી ચૂક્યો છે.ફેસબુક સહિતના સોશિયલ મીડિયામાં લોભામણી જાહેરાતો મુકીને લોકોને છેતરતો જયેશ ઉર્ફે જયદીપ ઉર્ફે ડેવીલ ઉર્ફે જયુ વિઠલ ઝાલા ચુનારાવાડ ચોકમાં આવ્યાની માહિતી મળતાં થોરાળા પોલીસ સ્ટેશનના પીએસઆઇ મોહનભાઇ મહેશ્વરી સહિતની ટીમ દોડી ગઇ હતી અને તેને સકંજામાં લઇ પૂછપરછ શરૂ કરી હતી, જયેશે શરૂઆતમાં તો પોલીસને ગલ્લા તલ્લા કર્યા હતા પરંતુ પોલીસની આગવીઢબની પૂછપરછમાં તે ભાંગી પડ્યો હતો અને આઠ ગુનાની કબૂલાત આપી હતી.પોલીસસૂત્રોએ જણાવ્યું હતું કે, સૂત્રાપાડાના વાસાવડનો જયેશ ઝાલા હાલ સુરતમાં રહે છે, જયેશે ફેસબુકમાં આઇફોન સસ્તામાં જાહેરાત મુકીને રાજકોટના એ.ડિવિઝન, થોરાળા અને તાલુકા વિસ્તારના યુવકો પાસેથી પૈસા પડાવ્યા હતા, આ ઉપરાંત વાંકાનેર, હળવદ અને સુરતમાં પણ યુવકોને ફસાવ્યા હતા, જયેશ ઝાલા અલગ અલગ મોબાઇલ નંબરનો ઉપયોગ કરી ફેસબુક એપ્લિકેશનમાં અલગ અલગ આઇડી બનાવી ખેલ પાડતો હતો, તે અગાઉ એટીએમ તોડવા તેમજ છેતરપિંડી સહિતના ગુનામાં પોલીસ ચોપડે ચડી ચૂક્યો છે.

# હાર્ટ-એટેકથી મોતનો સિલસિલો યથાવત્

રાજકોટ:રાજકોટમાં હાર્ટ-એટેકથી મોતનો સિલસિલો યથાવત્ છે અને સમયાંતરે આવા બનાવો સામે આવી રહ્યા છે. ત્યારે વધુ એક યુવકનું હાર્ટ-એટેકનાં કારણે મોત નીપજ્યું છે. જેમાં ગંજીવાડા વિસ્તારમાં રહેતા હિતેશ જાદવભાઈ સરવૈયા નામનો ૩૭ વર્ષનો યુવક પોતાના ઘરે હતો. ત્યારે વહેલી સવારે પાંચેક વાગ્યે બેભાન થઈ ઢળી પડ્યો હતો. યુવાનને તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો, જ્યાં ફરજ પરના તબીબે તપાસી યુવાનનું હૃદયરોગના હુમલાથી મોત નીપજ્યુ હોવાનું જાહેર કરતા પરિવારમાં શોકની લાગણી પ્રસરી હતી. સિવિલ પોલીસ ચોકીના સ્ટાફે જાણ કરતા થોરાળા પોલીસ મથકનો સ્ટાફ તાત્કાલિક દોડી ગયો હતો અને લાશને પોસ્ટમોર્ટમ માટે ખસેડી વધુ તપાસ હાથ ધરી હતી.

# ભોગાવા નદીમાં તંત્ર દ્વારા રેડ ખનિજનું વહન કરતા વાહનો મળી ૧.૧૫ કરોડની મત્તા જપ્ત

સુરેન્દ્રનગર:સુરેન્દ્રનગર જિલ્લામાં ખનિજનું ખનન-વહન તંત્ર માટે પડકારૂપ સાબિત થઈ રહ્યુ છે. કારણે દિવસે દિવસે મોતના ખાડાઓ સાથે ભૂમાફિયાઓ કાળી કમાણી તરફ વળતા તંત્ર હરકતમાં આવ્યુ હતુ. પરિણામે જિલ્લા કલેકટરની સૂચનાથી ખાણખનિજ તંત્રે વઢવાણના સાંકળીના ભોગાવા નદીમાં તેમજ જિલ્લામાં દરોડા કર્યા હતા. જેમાં રેતી ચાળવાના વોશપ્લાન્ટ, લોડર મશીન, ટ્રક,ડમ્પરો સહિતનો અંદાજે રૂ. ૧.૧૫ કરોડનો મુદામાલ સીઝ કરાતા ભૂમાફિયાઓમાં ફફડાટ ફેલાયો હતો.જિલ્લા કલેકટરની સૂચનાથી ભૂસ્તરશાસ્ત્રીના માર્ગદર્શન હેઠળ સુરેન્દ્રનગર ખનીજ વિભાગની તપાસ ટીમ દ્વારા કાર્યવાહી કરવામાં આવી હતી. જમાં વઢવાણ તાલુકાના સાંકળી ગામના ભોગાવા નદીમાં દરોડો કર્યો હતો. જેમાં એક રેતી ચાળવાનો વોશ પ્લાન્ટ તેમજ એક લોડર મશીન તેમજ ટ્રક ગેરકાયદે સાદીરેતી ખનીજના સંગ્રહ કરતુ હોવાનું ધ્યાને આવતા આ મુદામાલ સીઝ કરાયો હતો.આ ઉપરાંત સુરેન્દ્રનગર જિલ્લાના અલગ અલગ વિસ્તારોમાં રોડ ચેકિંગ કરતા બે ડમ્પરોમાં કાબ્રોસેલ ખનીજ, ૩ ડમ્પરોમાં બ્લેકટ્રેપ ખનીજ, ૨ ડમ્પરોમાં સાદીરેતી તેમજ એક ડમ્પરમાં સિલિકાસેન્ડ ખનીજ ગેરકાયદે વહન કરતા સીઝ કરવામાં આવ્યા હતા. આ દરોડાઓમાં અંદાજે કુલ રૂ. ૧.૧૫ કરોડનો મુદામાલ જપ્ત કરવામાં આવતા ભુમાફિયાઓમાં ફફડાટ ફેલાયો હતો.